# ક્ષિતિજને પેલે પારથી...



રેવ. હેમંતકુમાર જે. પરમાર

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# ક્ષિતીજને પેલે પારથી...

(મંડળી અને ટ્રાક્ટ સોસાયટીના બાંધકામમાં આઇ.પી. મિશનનો ફાળો)

લેખક :
રેવ. હેમંતકુમાર જે. પરમાર

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

◆ ક્ષિતીજને પેલે પારથી...
(મંડળી અને ટ્રાક્ટ સોસાયટીના બાંધકામમાં
આઈ.પી. મિશનનો ફાળો)

◆ *પ્રકાશક :*
**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**
સાહિત્ય સેવાસદન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : ૬૪૪૫૨૮૧

◆ *લેખક :*
**રેવ. હેમંતકુમાર જે. પરમાર**

◆ **પ્રથમ આવૃત્તિ :**
૨૦૦૨

◆ **પ્રત : ૧૦૦૦**

◆ **કિંમત : રૂ.૨૦-૦૦**

◆ *મુદ્રક :*
**જેન્સન કોમ્પ્યુટર્સ**
એ/૪, બેથલેહેમ ફ્લેટ, પટેલવાડી,
ખોખરા મ્યુ. સ્નાનાગાર સામે,
મણિનગર (પૂર્વ), અમદાવાદ-૮
ફોન : ૨૧૬૨૪૪૧

## લેખકના બે બોલ...

૧૯૯૧-૯૨ની સાલમાં મને આયર્લેન્ડ અભ્યાસ કરવા જવાની તક મળી હતી. આ માટે ઈશ્વરનો તથા મને મોકલનાર સર્વનો આભારી છું. આર્યલેન્ડના મારા એક વર્ષ દરમિયાન મને અભ્યાસ ઉપરાંત બેંગરવેસ્ટ મંડળીમાં સેવા કરવાની તક મળી હતી.

આ સમય દરમિયાન આર્યલેન્ડની ફોરેન મિશન બોર્ડના સેક્રેટરી રેવ. આર. જે. ટી. મેકમુલન તરફથી રેવ. ડૉ. જેમ્સ ગ્લાસગોના દિકરા રેવ. જેફરીએ લખેલ પુસ્તક ભેટ આપવામાં આવ્યું હતું. જે વાંચતા વાંચતા ખૂબ ઉત્તેજન મળ્યું હતું.

આ પુસ્તકમાંની ઘણી વાતો ગુજરાતીમાં ક્યાં ન હોવાથી તેને કોઈક રીતે ગુજરાતીમાં મુકવાનો વિચાર મારા મનમાં આવ્યો. ઉપરાંત ઈ.સ. ૨૦૦૦ની સાલમાં સી.એન.આઈ. રાયખડ, અમદાવાદ ખાતે પાળક તરીકે બદલી થતા તેનાં દફતરો જોવાની તક મળી. તેમાં ઈ.સ. ૧૮૬૩ના દફતરની વાત મને ગમી ગઈ.

પરીણામે પ્રભુની કૃપાથી આ પુસ્તકના લેખન કાર્યની શરૂઆત કરી. જેમાં ઘણા બધાએ મને ઉત્તેજન આપ્યું છે. વિશેષતો ઈશ્વરનો આભાર માનું છું. તેની કૃપાથી આ કાર્ય પૂર્ણ થઈ શક્યું. મારા પત્નિ અને બન્ને બાળકોએ મને હંમેશાં મારી સેવામાં ઉત્તેજન અને સહકાર આપ્યા છે. તેમની મદદ માટે તેમનો આભારી છું. બિશપ માલવીયા સાહેબની પરવાનગી આ પુસ્તકના લેખન માટે માગી તો તેમણે મને તરત  જ હા પાડી અને ઉત્તેજન આપ્યું માટે તેમનો આભારી છું. આ પુસ્તક છપાય તેમાં ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીની કાર્યવાહક સમિતિએ તથા ૧૫૦ વર્ષની ઉજવણિ સમિતિએ એકમતે સહમત થઈને ઉત્તેજન આપ્યું માટે તેઓ સર્વનો આભાર માનું છું. આ પુસ્તકની સ્ક્રીપ્ટ જોઈ જવાની જવાબદારી કાર્યવાહક સમિતિએ રેવ. નિકોલસ પરમાર સાહેબને સોંપી જેમણે જરૂરી માર્ગદર્શન પૂરા પાડ્યા. માટે તેમનો આભારી છું. શ્રી નવિન બ્રેઈટ આ પુસ્તક છપાય તેમાં જે રસ લીધો તે માટે તેમનો આભારી છું.

ઉપરાંત જેમનો હું વધારે ઉપકારી રહ્યો હતો તેવા મારા મિત્ર શ્રી જોસફભાઈ અને નીતાબહેન કે જમણે ભારે જહેમત લઈને પુસ્તક છાપ્યું છે. તેનું પ્રુફ રિડિંગ, લે-આઉટ વગેરે સુંદર થાય તે માટે અથાગ પ્રયત્ન કર્યો છે. માટે તેઓનો ખાસ

આભાર માનું છું. ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના સ્ટાફનો પણ આભારી છું.

મારી આશા છે કે આ પુસ્તક તેના વાંચકોને માટે આશીર્વાદ રૂપ તથા ઉત્તેજન આપનાર બની રહેશે. એજ આશા સાથે આ પુસ્તક ગુજરાતી ભાઈ-બહેનોના હાથમાં મૂકું છું. વિશેષ ૧૫૦ વર્ષના પર્વ પ્રસંગે આ પુસ્તક છપાય છે તથા તેની આભારસ્તુતિની સભામાં તેનું વિમોચન થશે તેથી આનંદ અનુભવું છું.

સર્વ મહિમા પ્રભુના નામને હો.

**તા. ૧૭-૧-૨૦૦૨** **પ્રેમભાવથી,**

**રેવ. હેમંતકુમાર જે. પરમાર**

# સેક્રેટરીના બે બોલ...

ઈતિહાસ એ અઘરો વિષય છે. પરંતુ એક સમયને બીજા સમય સાથે, એક સમયના લોકોને બીજા સમયના લોકો સાથે, એક સમયની સંસ્કૃતિને બીજા સમયની સંસ્કૃતિ સાથે અને એક સમયની ઘટનાને બીજા સમયની ઘટના સાથે જોડે છે. ઘણીવાર ઈતિહાસનું પુનરાવર્તન થતું હોય છે. એક ઈતિહાસ પર બીજો ઈતિહાસ સર્જાતો હોય છે. અથવા ભૂતકાળના ઈતિહાસને ભૂંસીને નવો ઈતિહાસ રચવામાં આવતો હોય છે.

આ પુસ્તકમાં લેખકે જે ઈતિહાસની વાત આપણા આગળ મૂકી છે તે ગૌરવી છે. એ ઈતિહાસની નંખાયેલી ઈંટો પર બીજી ઈંટો મૂકવામાં આવી છે અને આવી રહી છે. તેથી જે ઈતિહાસની વાત અહી કરવામાં આવી છે તે, પાયાના અને અતિ મહત્ત્વના ઈતિહાસની વાત કરવામાં આવી છે. આ પુસ્તક વાંચતા સમજાય છે કે, પાયાના કામમાં જોઈ જોઈને - તપાસી તપાસીને એક એક ઈંટ મૂકવામાં આવી છે. જે આરંભના નાના કામમાં ખૂબ મહત્વના અને ઉપયોગી સાબિત થયા છે.

આઈરીશ પ્રેસ્બિટેરીયન મીશન કે જેમણે ગુજરાતમાં પોતાના કામની શરૂઆતથી હંમેશાં ખૂબ કાળજી લીધી છે. પછી તે વ્યક્તિઓ મોકલવાના સંદર્ભમાં હોય, કામના સંદર્ભમાં હોય, સ્થાનિક લોકોની જરૂરિયાતના સંદર્ભમાં હોય કે ગમે તે બાબત હોય પરંતુ હંમેશાં ચિંતા રાખી છે.

આ પુસ્તક તેના શિર્ષકથી આપણને ઘણું કહી જાય છે. વળી જે સંદર્ભ ગ્રંથોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તે પણ મહત્વના છે. તેથી તેના નીચોડરૂપે જ્યારે આ પુસ્તક લખાયું છે. ત્યારે લેખકે ફરીથી આપણને ભૂતકાળ તરફ - ઈતિહાસની એ તવારીખ અને ઘટનાઓ તરફ નજર કરવાની તક આપી છે.

રેવ. ડો. જેમ્સ ગ્લાસગો સાહેબનું એ દર્શન, પ્રાર્થના અને મહેનતના અંતે સ્થપાએલ ટ્રાક્ટ સોસાયટીની વાત પણ આ પુસ્તકમાં કરવામાં આવી છે. જે ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીને ત્યારબાદ આઈ.પી. મીશનના મિશનેરીઓએ કેવી રીતે આગળ વધાર્યું તે આઈ.પી. મિશનના ઈતિહાસથી સાબિત થાય છે. આઈ.પી. મીશનનો ઈતિહાસ એ ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી સાથે સંકળાયેલો છે. ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીની સ્થાપનાથી લઈને જુદી જુદી મંડળીઓ આ સંસ્થામાં જોડાઈ ત્યાં સુધી તો આઈ.પી. મીશનના મિશનેરીઓએજ તેની તમામ રીતે સંભાળ લીધી છે. તેથી જ્યારે ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી તેના અસ્તિત્વ અને

સેવાના ૧૫૦ વર્ષ પૂરા કરે છે અને તેની પ્રથમ સભા - આભારસ્તુતિની સભામાં આ પુસ્તકનું વિમોચન થશે ત્યારે ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીએ આ પુસ્તકનું પ્રકાશન કરીને સ્તુત્ય પગલું ભર્યું છે.

આ પ્રસંગે ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીની કાર્યવાહક સમિતિ અને ઉજવણિ સમિતિના ચેરમેન સેક્રેટરીના નામોનો ઉલ્લેખ કરતા આનંદ અનુભવું છું અને તેઓનો આભાર માનું છું. (૧) રેવ. રવિકાન્ત સી. માસ્ટર (ડિ.સુ.) પ્રમુખ (૨) રેવ. નિકોલસ જી. પરમાર (ઉપપ્રમુખ) (૩) રેવ. હેમંતકુમાર જે. પરમાર (સેક્રેટરી) (૪) શ્રી નવીનચંદ્ર એમ. બ્રેઈટ (ખજાનચી) (૫) શ્રી ગોડવીન બી. ગામડીયા (બિઝનેસ-આસીસ્ટન્ટ) (૬) રેવ. પ્રકાશ એમ. સિંગાડા (૭) શ્રી આનંદ એમ. ક્રિશ્ચિયન (૮) રેવ. ગિદિયોન બી. રાણા (૯) રેવ. અનિલરાય સોલંકી (૧૦) શ્રી વિનય પી. ડોરીસ (૧૧) રેવ. નેરિયસ પી. ધોળકીયા (૧૨) શ્રી લોઈડ જે. ક્રિશ્ચિયન (૧૩) શ્રી જેકબ પોલ(૧૪) રેવ. વિનસ એસ. જસ્ટીન (૧૫) રેવ. ડો. આર. એમ. રાઠોડ (પ્રમુખ-૧૫૦ વર્ષની ઉજવણિ સમિતિ) (૧૬) શ્રી નવીનચંદ્ર બ્રેઈટ (સેક્રેટરી - ૧૫૦ વર્ષની ઉજવણિ સમિતિ) તથા ઉજવણિ સમિતિના તમામ સભ્યો.

મારી આશા તથા ખાત્રી છે કે આ પુસ્તક તેના વાંચકોને અવશ્ય ઉત્તેજન અને પ્રેરણા આપશે. એજ સમજણ સાથે આ પુસ્તક ગુજરાતી ભાઈબહેનોના હાથમાં મૂકું છું.

પ્રભુમાં આપના,

**રેવ. રવિકાન્ત સી. માસ્ટર (ડિ.સુ.)**
*પ્રમુખ*
*ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી*

**રેવ. હેમંતકુમાર જે. પરમાર**
*સેક્રેટરી*
*ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી*

**રેવ. નિકોલસ જી. પરમાર**
*ઉપપ્રમુખ*
*ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી*

**શ્રી નવીનચંદ્ર એમ. બ્રેઈટ**
*સેક્રેટરી - ૧૫૦ વર્ષની ઉજવણિ સમિતિ*
*ખજાનચી - ગુજ. ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી*

**શ્રી ગોડવીન બી. ગામડીયા**
*બિઝનેસ-આસીસ્ટન્ટ*
*ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી*

**રેવ. ડો. આર. એમ. રાઠોડ**
*પ્રમુખ*
*૧૫૦ વર્ષની ઉજવણિ સમિતિ*

**તા. ૧૭-૧-૨૦૦૨**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | કાર્યની શરૂઆત કેવી રીતે થઈ ? | ૫ |
| ૨. | કાર્યની વૃદ્ધિ | ૧૬ |
| ૩. | સુવાર્તા અને શિક્ષણ ક્ષેત્રે કાર્ય | ૨૬ |
| ૪. | બીજા સ્થળોમાં કાર્ય | ૩૨ |
| ૫. | મિશનેરીઓનું સેવાકાર્ય | ૩૫ |
| ૬. | પરાંઓ વસાવ્યા | ૪૫ |
| ૭. | તાકિદની પરિસ્થિતિ | ૪૮ |
| ૮. | મિશનેરીઓનું સેવાકાર્ય | ૫૧ |
| ૯. | ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીની સ્થાપના અને અન્ય સેવાકાર્યો | ૭૨ |

# મિશનરીઓ

(૧) **રેવ. જેમ્સ ગ્લાસગો** *ડી. ડી.*
*પ્રતિષ્ઠાપન :* ૧૮૪૦. *નિવૃત્તિ :* ૧૮૬૪

(૨) **રેવ. એલેકઝાંડર કેર**
*પ્રતિષ્ઠાપન :* ૧૮૪૦. *મૃત્યુ :* રાજકોટ ૧૮૪૧

(૩) **રેવ. રોબર્ટ મંટગમરી**
*દીક્ષા :* ૧૮૪૨. *મૃત્યુ :* બેલફાસ્ટ ૧૮૮૦

(૪) **રેવ. એ. ડી. ગ્લાસગો**
*પ્રતિષ્ઠાપન :* ૧૮૪૨. *નિવૃત્તિ :* ૧૮૫૫
ન્યુઝીલેન્ડમાં મૃત્યુ પામ્યા

(૫) **રેવ. જેમ્સ મેકી**
*પ્રતિષ્ઠાપન :* ૧૮૪૨. *નિવૃત્તિ :* ૧૮૬૫
*મૃત્યુ :* ૧૮૭૮માં બેલફાસ્ટમાં.

(૬) **રેવ. જેમ્સ સ્પીઅર્સ**
*પ્રતિષ્ઠાપન :* ૧૮૪૨. નિવૃત્ત થઈને આયર્લેન્ડમાં પરત ગયા.

(૭) **રેવ. જેમ્સ વોલેસ**
*પ્રતિષ્ઠાપન :* ૧૮૪૫. *નિવૃત્તિ* અને બેલફાસ્ટમાં ૧૮૭૩માં મૃત્યુ

(૮) **રેવ. ડનલોપ મુર**
*દીક્ષા :* ૧૮૫૫. *નિવૃત્તિ :* ૧૮૬૬

(૯) **રેવ. જોસફ વી. એસ. ટેલર** *બી. એ.*
*દીક્ષા :* ૧૮૪૫. લંડન મિશનેરી સોસાયટીમાં આવ્યા ૧૮૬૦.
ફર્લો પર એડિન્બરો હતા ત્યારે ૧૮૮૧માં મૃત્યુ થયું.

(૧૦) **રેવ. વિલ્યમ ડિક્ષન,** *એમ. એ.*
*દીક્ષા :* ૧૮૬૦, *મૃત્યુ :* સૂરત ૧૮૭૧

(૧૧) **રેવ. ટી. લુટ્ટોન વેલ્સ.** *બી. એ.*
*દીક્ષા :* ૧૮૬૪, *મૃત્યુ :* સૂરત ૧૮૭૭

(૧૨) **રેવ. વિલ્યમ બિટ્ટી,** *બી.એ.*
*દીક્ષા :* ૧૮૬૫, *નિવૃત્તિ :* ૧૯૮૦

(૧૩) **રેવ. જ્યોર્જ ટી. રીઆ.** *એમ.એ.*
*દીક્ષા :* ૧૮૬૬. તંદુરસ્તી સારી ન હોવાથી નિવૃત્તિ : ૧૮૯૦

(૧૪) **રેવ. ડબલ્યુ મેકમોર્ડી,** *એમ.એ.*
*દીક્ષા :* ૧૮૬૭, *રાજીનામું :* ૧૮૭૯

(૧૫) **રેવ. રોબર્ટ ગિલેસ્પી,** *બી.એ.*
*દીક્ષા :* ૧૮૬૮ અમદાવાદમાં.

(૧૬) **રેવ. જ્હોન શીલેડી,** *એમ.એ.*
*દીક્ષા :* ૧૮૭૪ સૂરતમાં.

(૧૭) **રેવ. ડબલ્યુ. ડબલ્યુ. બ્રાઉન.** *એમ.એ.*
*દીક્ષા :* ૧૮૭૪, નાદુરસ્તીને લીધે નિવૃત્ત : ૧૮૮૮.

(૧૮) **રેવ. જ્હોન હેવિટ,** *એમ.એ., એલ.એલ.બી.*
*પ્રતિષ્ઠાપન :* ૧૮૭૪, *મૃત્યુ :* મુંબઈમાં ૧૮૭૬.

(૧૯) **રેવ. જ્યોર્જ પી. ટેલર,** *એમ.એ., બી.ડી.*
*દીક્ષા :* ૧૮૭૭

(૨૦) **રેવ. એચ. આર. સ્કોટ,** *એમ.એ.,*
*દીક્ષા :* ૧૮૮૩, રાજકોટ

(૨૧) **રેવ. જે. એફ. સ્ટીલ,** *એમ.એ.*
*દીક્ષા :* ૧૮૩૩, આણંદ.

(૨૨) **રેવ. રોબર્ટ લોઈડ,** *બી.એ.*
*દીક્ષા :* ૧૮૮૪, બોરસદ

(૨૩) **રેવ. આર. ડબલ્યુ. સિન્કલેર,** *બી.એ.*
*દીક્ષા :* ૧૮૮૬, ઘોઘા.

(૨૪) **રેવ. ટી. એમનલીસ,** *બી.એ.*
*દીક્ષા :* ૧૮૮૬, *મૃત્યુ :* ૧૮૮૯ આણંદ.

(૨૫) **રેવ. આર. હેન્ડરસન,** *એમ.એ.*
*પ્રતિષ્ઠાપન :* ૧૮૮૯, *સેવા :* અમદાવાદ

(૨૬) **રેવ. જે. એસ. ફિઝસીમન્સ,** *બી.એ.*
*દીક્ષા* : ૧૮૯૮, ટાઈફોઈડના તાવને લીધે ઓક્ટોબરમાં આરામ માટે ગયા.

## લે પ્રતિનિધિઓ :

(૧) **શ્રી રોબર્ટ યંગ,** *એલ.એલ.ડી.*
*નિમણૂંક* : ૧૮૫૬, *રાજીનામું* : ૧૮૬૧

(૨) **શ્રી ફ્રેન્ક એલ. મેકસફિ,** *બી.એ.*
અમદાવાદ હાઈસ્કૂલના હેડમાસ્ટર તરીકે નિમણૂંક : ૧૮૭૪,
રાજીનામું : ૧૮૮૯

(૩) **શ્રી એસ.એસ. જાર્વિસ**
સૂરતમાં હેડમાસ્ટર તરીકે
નિમણૂંક : ૧૮૭૯

## ઝનાના મિશનેરીઓ :

(૧) **કુ. આર્મસ્ટ્રોંગ,** સેવામાં જોડાયા : ૧૮૭૭
રેવ. જોન શિલેડી સાથે લગ્ન કર્યા : ૧૮૭૯

(૨) **કુ. બાલફોર,** સેવામાં જોડાયા : ૧૮૮૨
રેવ. જે. એફ. સ્ટીલ સાથે લગ્ન કર્યા : ૧૮૮૫

(૩) **કુ. મુર.** સેવામાં જોડાયા : ૧૮૪૪
રેવ. એચ. આર. સ્કોટ સાથે લગ્ન કર્યા : ૧૮૮૮

## પ્રથમ ગુજરાતી પાળકો :

(૧) રેવ. રામભાઈ કલ્યાણ, બ્રુકહિલ તથા બોરસદના પાળક હતા. ડિસ્ટ્રિક્ટમાં સુવાર્તિક હતા. આર્યલેન્ડની મુલાકાત ૧૮૮૨માં લીધી.

(૨) રેવ. નથુ હરિ, ભાલેજ અને આણંદના પાળક હતા. ડિસ્ટ્રિક્ટના સુવાર્તિક હતા.

# લાઈસન્સીએટ :

શ્રી જહોન ગંગારામ, શાહવાડીમાં પાળકીય સેવા આપતા હતા. ઉપરાંત તેઓ સુવાર્તિક તરીકે પણ સેવા આપતા હતા.

*નીચેની મંડળીઓમાં પાળકોની જરૂર હતી :*

સુરત, બોરસદ, આણંદ, અમદાવાદ (શહેર), વાલેસપૂર, કેરીપુર (ચેતરસુંબા), ખઢાણા, ભાવનગર, શાહવાડી.

❋

# 1 કાર્યની શરૂઆત કેવી રીતે થઈ ?

૧૮મી સદીની શરૂઆતમાં ત્રાંકોબાર હિન્દુઓમાં કાર્યની શરુઆત થઈ. ડચ લોકોની નાની વસાહત મદ્રાસના કોરોમંડલ દરિયા કિનારા તરફ હતી. ડચ પિતા અને તેના દીકરા વચ્ચે પ્રશ્નો થયા. ૧૭૦૫માં એક વિધવા બહેને પોતાનો પતિ અને દીકરો ગુમાવ્યા હતા. આસ્ટડનસે મદદ માટે રાજાને અરજી આપી. આ અરજીએ રાજાને અસર કરી. ઈશ્વરની પાસે તેના માટે ખાસ પ્રકારની ઈચ્છા અને યોજના હતી. રાજાએ તેના ચેપલેઈન પાળકને બોલાવ્યા.રાજાએ મિશનેરીઓની સંભાળ લેવાની સૂચના આપી. ડેનમાર્ક યૂરોપના તમામ દેશોમાં મિશનેરી ફરજ અને જવાબદારી સંદર્ભમાં મૃતપાય સ્થિતિમાં હતું. ડચ પાળકોમાં મિશનરી કાર્ય માટે કોઈ બોજ નહોતો. ચેપલેઈનને આની ખબર હતી. તેથી તેણે રાજાને કહ્યું કે, "સાહેબ, હું માણસ શોધી શકીશ નહિ ! મને મોકલો." ત્યારબાદ ઝિંગનબલ્ગનો સંપર્ક થયો.

## વિદ્યાર્થી રાજાને મળ્યા : પરિણામ

વિદ્યાર્થીને રાજા ત્રાંકોબારમાં મિશનરી કાર્યના અનુસંધાનમાં મળ્યા. આ મિશનકાર્ય માટે તેને તથા સમર્પિત તેના મિત્રને પસંદ કર્યો. પરિણામે તેઓ બંને આ કાર્યમાં એકબીજાના પૂરક બનવાના હતા. તે તેમને માટે મહાન બાબત હતી. આ રીતે બંને મિત્રો એટલે ઝિંગનબલ્ગ અને પ્લુસ્ચાઉએ કાર્યની શરૂઆત કરી. પ્લુસ્ચાઉ શાંત અને ધીરજવાળો માણસ હતો. જ્યારે ઝિંગનબલ્ગ ઝનૂની હતો. એક અનુસરનાર હતો તો બીજો આગેવાની પૂરી પાડનાર હતો. એકની પાસે વ્યવસ્થા કરવાની કૂનેહ હતી. ઉપરાંત તમામ મુશ્કેલીમાં પણ ઉત્સાહ દર્શાવવાની કળા હતી. જ્યારે બીજાની પાસે હિંમત હતી અને ધીરજથી સારી રીતે કાર્ય કરવાની કુશળતા હતી. બંને પ્રભુના કાર્યમાં ખૂબજ યોગ્ય હતા. પરંતુ ઝિંગનબલ્ગ તેના સાથી કરતાં વધારે મહેનત (પરિશ્રમ) કરવાની શક્તિ ધરાવતો હતો.

## પ્રથમ પ્રોટેસ્ટન્ટ મિશન સ્ટેશનની શરૂઆત :

ઈ.સ. ૧૭૯૬માં ત્રાંકોબાર પ્રથમ પ્રોટેસ્ટન્ટ મિશન સેવાક્ષેત્ર બન્યું. જેમાં પ્લુસ્ચાઉ અને ઝિંગનબલ્ગ મિશનરી બન્યા.

### મિશેનરી કાર્યનો અજાયબ વિકાસ :

સમયની સાથે ભારતમાં મિશેનરી કાર્યનો વિકાસ પણ થતો ગયો. આ વિકાસ ખાસ કરીને વિલ્યમ કેરીના મિશનરી કાર્ય બાદ સવિશેષ જોવા મળે છે. જેની વિગતવાર માહિતી નીચે મુજબ છે :

(૧) ૧૭૦૫ ડેનિસ (ડચ) સોસાયટી : ઝિંગનબલ્ગ

(૨) ૧૭૯૨ બેપ્ટીસ્ટ સોસાયટી : કેરી

(૩) ૧૭૯૫ લંડન મિશેનરી સોસાયટી : ડૉ. બૉગની અસરથી તેની શરૂઆત થઈ.

(૪) ૧૭૯૬ ગ્લાસગો મિશનરી સોસાયટી, જેને ભારતીય કાર્ય સાથે સંબંધ નથી.

(૫) ૧૭૬૯ સ્કોટીશ મિશનરી સોસાયટી, ૧૮૨૨ સુધી ભારતમાં તેનું કાર્ય શરૂ થયું ન હતું.

(૬) ૧૭૯૯ ચર્ચ મિશનરી સોસાયટી, જેણે ૧૮૦૭ સુધી ભારતમાં પોતાના મિશનરીઓ મોકલ્યા ન હતા. ભારતમાં આ સૌથી શક્તિશાળી મિશનરી સોસાયટી હતી.

(૭) ૧૮૧૦ અમેરિકન બોર્ડ ઓફ ફોરેન મિશન્સ. જેના પ્રથમ સભ્ય ૧૮૧૨માં કલકત્તા આવ્યા.

(૮) ૧૮૧૩ ધી વેસ્લીઅન સોસાયટી. આ કાર્ય છ વ્યક્તિઓ દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું. ભારતમાં વિરોધ થશે તેવું લાગતા સિલોન (શ્રીલંકા)માં કાર્ય કરવું તેવો તેમનો ધ્યેય હતો.

(૯) ૧૮૧૪ અમેરિકન બેપ્ટીસ્ટ યુનિયન સોસાયટી. જડસન આ સોસાયટીના પ્રથમ મિશનરી હતા.

(૧૦) ૧૮૧૬ જનરલ બેપ્ટીસ્ટ સોસાયટી. ભારતમાં તેનું કામ ૧૮૨૧માં શરૂ થયું.

(૧૧) ૧૮૧૭ સુવાર્તાના પ્રચાર માટેની સોસાયટી.

(૧૨) ૧૮૨૬ ચર્ચ ઓફ સ્કોટલેન્ડ બોર્ડ. ભારતમાં તેનું કાર્ય ૧૮૨૯માં શરૂ થયું.

(૧૩) ૧૮૩૪ અમેરિકન પ્રેસ્બિટેરિયન ચર્ચ બોર્ડ

(૧૪) ૧૮૩૪ બાસેલ ઈવેન્જલિકલ સોસાયટી

(૧૫) ૧૮૩૪ અમેરિકન ફ્રિ બેપ્ટીસ્ટ સોસાયટી

(૧૬) ૧૮૪૦ લેઈપઝીંગ ઈવેન્જલિકલ લ્યુથરન સોસાયટી

(૧૭) ૧૮૪૦ ધી આઈરીશ પ્રેસ્બિટેરિયન ચર્ચ મિશન

**પ્રથમ હોમ મિશન સોસાયટી :**

૧૮૨૬માં અલ્સટરની સિનડે "હોમ મિશન સોસાયટી"ની સ્થાપના કરી. પરંતુ તેનું અસ્તિત્વ ફક્ત ત્રણ વર્ષ જેટલું જ રહ્યુ. ૧૮૨૯માં આ સંસ્થાનો અંત આવ્યો. ૧૮૩૦માં બીજી એક સોસાયટીની શરૂઆત થઈ. ડબ્લીનમાં સોસાયટીની વાર્ષિક સભા મળી. જેમાં નીચે પ્રમાણેના ઠરાવો સર્વાનુમતે પસાર થયા.

"આપણા પોતાના દેશમાં મંડળી તરીકે સુવાર્તા પ્રચારની જવાબદારી સ્વીકારીએ છીએ. તેમ છતાં બીજા દેશમાં પ્રભુના વચનોના પ્રચારની જવાબદારી પણ સ્વીકારીએ છીએ., આ માટેના પ્રયત્નો મુશ્કેલ છે તેવું પણ આપણે સ્વીકારીએ છીએ. તેથી અમે ડબ્લીનની પ્રેસ્બિટરીને વિનંતી કરીએ છીએ કે ફોરેન મિશન સોસાયટીની સ્થાપના માટેના આયોજનની તૈયારી કરે. આ કાર્ય મંડળીની સાથે રહીને કરવામાં આવે. આ અંગેની ભલામણો બીજી સિનડ મિટિંગ પહેલા રજૂ કરવામાં આવે. સ્વતંત્ર ફોરેન મિશન સોસાયટીની સ્થાપના માટે ડબ્લીનની પ્રેસ્બિટરીએ કયા પગલાં લીધા તે જાણમાં નથી. પરંતુ આખરે આ કાર્યને જૂના હોમ મિશન સોસાયટીના ડાયરેકટરને સોંપવામાં આવ્યું. આ માટે ૧૮૩૩ની સિનડના ઠરાવને અમલી કરવા માટેના જરૂરી પગલાં લેવાની જવાબદારી તેઓને સોંપવામાં આવી.

૧૮૩૩ની સિનડના ઠરાવના પછીના પાંચ કે છ વર્ષ સુધી કોઈ કાર્યવાહી ન થઈ. આ રીતે ઠરાવ મૃતપ્રાયઃ બની ગયો. પરંતુ ઠરાવને અમલમાં મૂકવાની તથા ફોરેન મિશન બોર્ડની જવાબદારી રેવ. જેમ્સ મોરગનને સોંપવામાં આવી કે જેઓ એક સમર્પિત વ્યક્તિ હતા.

૧૯૩૮ની પાનખર ઋતુમાં ડાયરેકટરો તાત્કાલિક નિર્ણય કરવા માગતા હતા. આ સમય ગાળામાં ૧૮૩૮માં રેવ. ડો. જેમ્સ ગ્લાસગોને ભારત જવા માટે પૂછવામાં આવ્યું. આ માટે ભારતમાં પત્રવ્યવહારથી માહિતી મંગાવવામાં આવી. ડો. વિલ્સન કે જેમણે વ્યક્તિગત રીતે ગુજરાત અને કાઠિયાવાડની મુલાકાત ૧૮૩૫માં લીધી હતી. તેમણે કાઠિયાવાડમાં કાર્યની શરૂઆત માટે ભલામણ કરી. આ કાર્યને

શરૂ કરવું એ ખૂબ તાકિદનું છે તેવું તેમણે જણાવ્યું. આ માટે ડૉ. વિલ્સને રાજકોટને મુખ્ય કેન્દ્ર તરીકે રાખવામાં આવે તેવું સૂચન કર્યું.

## મિશનરીઓનો પગાર :

આ સમયોમાં ડાયરેકટરો ફક્ત મિશનક્ષેત્ર માટે જ વિચારતા ન હતા. પરંતુ મિશનરીઓને વાર્ષિક પગાર કેટલો આપવો તેનો પણ વિચાર કરતા હતા. આ બાબતો તેમને માટે નવી હતી. પરંતુ આ દ્વારા તેઓ તેમની પૂરતી કાળજી લેવા માગતા હતા. આ માટે તેઓએ જુદી જુદી મિશન સંસ્થાઓ સાથે પત્ર વ્યવહાર કર્યો. જેમના નામ આ પ્રમાણે છે. ધી ચર્ચ ઓફ સ્કોટલેન્ડ સોસાયટી, ધી લંડન મિશનેરી સોસાયટી અને વેસ્લીયન મિશનરી સોસાયટી. સરેરાશ પગાર ૨૫૦ પાઉન્ડ થી ૪૦૦ પાઉન્ડ વાર્ષિક હતો. ડૉ. મોરગન કહે છે "પણ" ડાયરેકટરો વેસ્લીયન મિશનની સભાનતા, જ્ઞાન અને નાણાં સંબંધીની કાળજીથી પ્રભાવિત થયા છે. તેઓ પોતાના ભારતના મિશનેરીઓને કુલ પગારમાં ઘરભાડું, ઘોડાનો ખર્ચ, વગેરે આપતા હતાકે જે વર્ષના કુલ ૩૫૦ પાઉન્ડથી ઓછા ન હોવા જોઈએ. ★

હવે મિશન ક્ષેત્ર પસંદ કરવામાં આવ્યું, પગાર નક્કી કરવામાં આવ્યો. પણ ડૉ, મોરગન કહે છે કે, "મિશનેરીઓ ક્યાં છે ?" ડાયરેકટરોએ આ કાર્ય માટે યોગ્ય એવી વીસ વ્યક્તિઓની પસંદગી કરી. જેમાંથી ચૌદ દરખાસ્તને પરિપૂર્ણ કરવામાં નિષ્ફળ ગયા. છ વ્યક્તિઓને બોર્ડ દ્વારા પસંદ કરવામાં આવ્યા. જેમાંથી રેવ. જેમ્સ ગ્લાસગો અને રેવ. જોસફ ફિશરને મોકલવાનું નક્કી કરવામાં આવ્યું. પરંતુ રેવ. જોસફ ફિશર માટેની વિનંતીને ધ્યાનમાં રાખતા તેમને તેમની મંડળીમાંથી ખસેડવામાં ન આવે. તેથી તેમનું નામ પડતું મૂકવામાં આવ્યું. તેમની જગ્યાએ રેવ. એલેકઝાંડર કેરની પસંદગી કરવામાં આવી.

## રેવ. જેમ્સ ગ્લાસગો :

રેવ. ગ્લાસગોનો જન્મ ૧૮૦૫માં કલો મંડળીની હદમાં થયો હતો. આ સ્થળ એન્ટ્રીમ કાઉન્ટીમાં આવેલ છે. બાલીમીના એ તેમના જન્મ સ્થળની નજદીકનું સ્થળ છે. જયાં ગ્રામર સ્કૂલ આવેલ છે. આ ગ્રામર સ્કૂલમાં પૂર્ણસમયી સેવામાં જોડાવાના સંદર્ભમાં તેઓએ અભ્યાસ કર્યો હતો. તેઓ અભ્યાસમાં તેજસ્વી હોવાને

★ ફોરેન મિશનનો પ્રથમ રિપોર્ટ જે પ્રેસ્બિટેરીઅન ચર્ચ ઈન આર્યલેન્ડની જનરલ એસેમ્બ્લીની વાર્ષિક સભામાં રજૂ કરવામાં આવ્યો તેના આધારે આ રિપોર્ટ ડો. મોરગને લખ્યો હતો.

કારણે આર્ટસનું સર્ટિફિકેટ ઉપરાંત સાયન્સનું પારિતોષિક પણ મેળવ્યું હતું. તેમના સમયમાં આ વિદ્યાર્થીઓ માટેનું સૌથી શ્રેષ્ઠ બહુમાન ગણાતું હતું. ત્યારબાદ સાત વર્ષ ઈશ્વરવિદ્યાનો અભ્યાસ કર્યો હતો. જેમાં પણ તેમને મેડલ પ્રાપ્ત થયો હતો.

હિબ્રૂ ભાષામાં પણ તેઓ નિપૂણ હતા. ડિસેમ્બર ૧૮૩૪માં તેઓને સંદેશા આપવા માટે લાઈસન્સ આપવામાં આવ્યું. ઓક્ટોબર ૧૮૩૫માં પાળક તરીકેની દીક્ષા આપવામાં આવી હતી.

## રેવ. એલેક્ઝાંડર કેર :

રેવ. કેરનો જન્મ પણ ગ્લાસગોના જન્મ સમયની આસપાસ થયો હતો. કદાચ થોડા મોડા જન્મ્યા હોય. તેઓ પણ બેલફાસ્ટ કોલેજમાં વિદ્યાર્થી હતા. તેઓ બહુ વિદ્વાન ન હતા. તેમની શીખવાની બાબત તેમને તેમના મિશનેરી કાર્ય માટે પુષ્કળ મદદરૂપ બની હતી. અભ્યાસના તમામ તબક્કે તેઓ તેજસ્વી વિદ્યાર્થી પૂરવાર થયા હતા. તેઓને ઘણા પ્રમાણપત્રો અને સન્માનપત્રો મળ્યા હતા. તેઓને હિબ્રૂ ભાષાનો ભારે શોખ હતો. અરેબિક અને પર્શીયન ભાષા પણ તેઓ શીખ્યા હતા. તેઓની દીક્ષા જૂન ૧૮૩૮માં થઈ હતી.

આ રીતે પ્રથમ પાયાના મિશનેરીઓનું જીવન અને શિક્ષણ તથા તમામ પાસાઓ ઉચ્ચ પ્રકારના હતા. આ રીતે આર્યલેન્ડની મંડળીના આગેવાનએ તેમના શ્રેષ્ઠ માણસોને પસંદ કરીને મોકલ્યા હતા. આ માટે તેઓએ ખાસ પ્રકારની કાળજી લીધી હતી.

## મિશનેરીઓના લગ્ન :

જ્યારે રેવ. ગ્લાસગો અને રેવ. કેરની મિશનેરી કાર્ય માટે પસંદગી કરવામાં આવી ત્યારે તેઓ કુંવારા હતા. બોર્ડની ઈચ્છા હતી અને આ માટે ઠરાવ પણ કરવામાં આવ્યો કે જેની નોંધ મિનિટસમાં કરેલ છે કે, "તેઓએ કુંવારા મિશનેરીઓ તરીકે ન જવું." રેવ. જેમ્સ ગ્લાસગોનું લગ્ન કુ. મેરી વ્હાઈટમેન સાથે થયું હતું અને રેવ. એલેકઝાંડર કેરનું લગ્ન કુ. એલિનોર એલેન સાથે થયું હતું. રેવ. કેરના અવસાન બાદ શ્રીમતી કેરે, જહોન એચ. મુર ડી. ડી. સાથે કર્યું હતું. જહોન મુર ૧૮૮૮માં મૃત્યુ પામ્યા હતા.

## મિશન તવારીખમાં પ્રથમ લાલ અક્ષરો :

૨૯ ઓગસ્ટ ૧૮૪૦, એ આયરીશ પ્રેસ્બિટેરિયન ચર્ચના મિશન કેલેન્ડરમાં

પ્રથમ લાલ સમાન બની રહ્યો. જયારે તેના પ્રથમ બે મિશનેરીઓએ મિશનેરી કાર્યને માટે વતનને અલવિદા કર્યું. આ સમયે રેવ. જહોન મિનલીએ પ્રેરિતોના કૃત્યોમાંથી કેટલોક ભાગ વાંચ્યો. અને આદરણિય ડો. કુકે પ્રાર્થનામાં દોર્યા. આ બાબતો ડો. મોર્ગને મિનિટ્સ બુકમાં નોંધી છે જે આ પ્રમાણે છે, "તે દિવસે સ્ટીમ બોટની અંદરના દૃશ્યને હું ભૂલી શકીશ નહિ. તે દિવસે એ કેબિનમાં ડૉ. કુકે કરાવેલી પ્રાર્થના વખતે એકપણ એવી વ્યક્તિ નહિ હોય કે જેની આંખમાંથી આંસુ ન સર્યા હોય. ત્યાં એક વ્યક્તિને મેં એમ કહેતા સાંભળ્યા હતા કે આ રુદન એ પૃથ્વી પરનાં સંજોગોને લીધે ન હતું. તેઓ પોતાને રુદન કરતા રોકી શક્યા ન હતા. આ રીતે જૂની ઢબની અને પગથી મશીનને ચલાવવાની પદ્ધતિવાળી મોટી સ્ટીમરમાં તેઓએ પોતાની મુસાફરી શરૂ કરી. તેઓએ વેવ નામની સ્ટીમરમાં લિવરપુલથી ૪ સપ્ટેમ્બર ૧૮૪૦ના રોજ મુસાફરી શરૂ કરી. અને તેઓ મુંબઈ છ મહિનાની મુસાફરી બાદ ૨૬ ફેબ્રુઆરી ૧૮૪૧ના રોજ આવ્યા.

ઉપરોક્ત બાબતોના સાક્ષી રેવ. મેકોમ્બ હતા કે જેઓએ પોતાના જીવનના અંત સુધી મિશન કાર્ય પર પ્રેમ રાખ્યો હતો. ડાયરેકટરની મિનિટ્સ બુકમાં તેમના દ્વારા લખાયેલા કાવ્યનો પણ સંગ્રહ કરવામાં આવ્યો છે. આ કાવ્ય વિદાય સમારંભ પર આધારિત છે. અને દરેક ભાગમાં રેવ. ડૉ. અને શ્રીમતી ગ્લાસગો તથા રેવ. અને શ્રીમતી કેર વિશે લખવામાં આવ્યું છે.

## નાણાંનો અભાવ :

કન્વીનર્સની નિમણૂક જરૂરી હતી. પરંતુ સત્ય બાબત એ હતી કે, ખજાનચી પાસે તેમને મહેનતાણું આપવા માટેના નાણાં પણ ન હતા. ડૉ. મોર્ગનના જણાવ્યા પ્રમાણે "મિશનેરીઓની નિમણૂંકના દિવસે તેમને આપવાના નાણાં પણ ન હતા. આવા સંજોગોમાં અમારો વિશ્વાસ કેવળ ઈશ્વર પર હતો કે ઈશ્વરે અમને માણસ આપ્યા તો તે જ અમને નાણાં પણ આપશે. આમ અમારો વિશ્વાસ નકામો ગયો નહોતો. જનરલ એસેમ્બ્લીના મોડરેટરે ભારતમાંના કાર્ય માટે બે વ્યક્તિઓને અલગ કર્યા. પરિસ્થિતિ કોઈ રીતે સારી ન હતી. પરંતુ ડૉ. મોર્ગન અને તેમના સાથીઓને આખરે તેનો બદલો મળ્યો. એસમ્બ્લીમાં ખાસ દાન માટે અપીલ કરવામાં આવી. તેના પરિણામે તાત્કાલિક ૫૦૦ પાઉન્ડ દાનમાં મળ્યા. બેલફાસ્ટમાંની મંડળીમાં અપીલ કરવામાં આવી અને તાત્કાલિક મંડળીઓમાંથી ૯૦૦ પાઉન્ડ દાન મળ્યું. ગ્રામ્ય વિસ્તારની કેટલીક મંડળીઓએ પણ દાન ઉદારતાથી આપ્યું. આમ તમામ મિશનેરીને એડવાન્સમાં એક વર્ષનો

પગાર પણ ચૂકવવામાં આવ્યો. આ પ્રમાણે કશાની ખોટ પડી નહિ.

આ બધી બાબતો પરથી એક ખાસ પ્રકારનો નિર્ણય કરવામાં આવ્યો કે, ૨૯ નવેમ્બરના દિવસને ખાસ દિવસ તરીકે મુકરર કરવામાં આવ્યો કે તમામ સહકન્વીનર તમામ મંડળીઓમાં દાન અંગેનો પરીપત્ર વાંચે.

મિશનકાર્યને માટે કરવામાં આવેલ વિનંતીઓના સંદર્ભમાં ૨૦૦ પાળકો તરફથી ૫૦૦ પાઉન્ડ આપવામાં આવ્યા હતા. દાન આપવાની બાબતમાં બેલફાસ્ટ શહેરની એક મંડળીના સભ્યએ આ પ્રમાણે કહ્યું કે, "હું જે આપી શકું છં તેના કરતાં ત્રણ ગણું વધારે દાન આપીશ."

જયારે તમામ દાન વિશેની વિનંતી પૂરી થઈ અને લોકો તરફથી મળેલ દાન સંબંધી મિનિટ્સ બુકમાં નોંધ લખવાની શરૂઆત કરતા માલૂમ પડયું કે, "મંડળીએ વિનંતીને પૂરા હ્રદયથી અને ઉદારતાથી પ્રત્યુત્તર આપ્યો હતો. મળેલ દાન ૧૭૦૦ પાઉન્ડ હતું, જે પ્રભુના રાજયની સુવાર્તાના પ્રચાર માટેના પ્રયાસની શરૂઆતથી કદી ન મળ્યું હોય એટલું દાન આર્યલેન્ડમાંની પ્રેસ્બિટેરિયન મંડળીને મળ્યું હતું. ૨ જૂન ૧૮૪૧ની બોર્ડ મિટિંગમાં એવું જણાવવામાં આવ્યું કે, સુવાર્તાના કાર્ય માટેના લોકોનો રસ વધતો જાય છે. ડાયરેકટરો ફરીથી ૧૨ જુલાઈ ૧૮૪૧ના રોજ મળ્યા. જેમાં મહિના પહેલા જે રિપોર્ટ આપવામાં આવ્યો હતો. તેમાં વધારો થયો અને જણાવવામાં આવ્યું કે, "આપણને અપેક્ષા કરતા મિશનેરી કાર્ય માટે વધારે નાણાં મળવા લાગ્યા છે."

## મુંબઈમાં મિશનેરીઓનું આગમન અને મિશનરી કાર્ય માટેની તૈયારી :

તા. ૨૬ ફેબ્રુઆરી, ૧૮૪૧ના રોજ "વેવ" નામનું વહાણ જે લિવરપુલ બંદરેથી રેવ. જેમ્સ ગ્લાસગો તથા રેવ. એલેકઝાંડર કેરને તેમના કુટુંબ સાથે લઈને રવાના થયું હતું. તે મુંબઈ આવી પહોંચ્યું. મિશનેરીઓ તેમના માટે કરેલી વ્યવસ્થા પ્રમાણે (આર્યલેન્ડથી નીકળ્યા તે પહેલાં વ્યવસ્થા કરવામાં આવી હતી) ચર્ચ ઓફ સ્કોટલેન્ડના અમ્બ્રોલી બંગલામાં રહેવા પહોંચ્યા. કાર્યની શરૂઆત કરતા પહેલા તેમની સામે બે પ્રશ્નો હતા જેનો તેમણે ઉકેલ લાવવો પડે તેમ હતો. (૧) આ દેશમાં મિશનેરી કાર્ય કરવા માટે તેમને સરકાર તરફથી પરવાનગી મેળવવી જરૂરી હતી. (૨) બ્રિટીશ સરકારની હકુમત હોવા છતાં મિશનેરી કાર્ય માટે પરવાનગી મેળવવી એ જરા વિચિત્ર લાગે તેમ હતું. પરંતુ રાજાઓ માટે મિશનેરી કાર્ય તદ્દન

નવું જ હતું. તેથી મિશનરીને અનુકૂળતા રહે તે ધ્યાનમાં રાખવાની પરવાનગી મેળવવી જરૂરી હતી. જે તેમને આપવામાં પણ આવી હતી. ડૉ. વિલ્સનની વગનો ઉપયોગ કરીને સરકારના સેક્રેટરીને કાઠિયાવાડમાં મિશનેરી કાર્ય કરવાની પરવાનગી માગતો પત્ર આપવામાં આવ્યો. જે પત્ર ૮ માર્ચ ૧૮૪૧ના રોજ આપવામાં આવ્યો હતો. જેનો પ્રત્યુત્તર તારીખર ૧૮ માર્ચ ૧૮૪૧ના રોજ સેક્રેટરી તરફથી આપવામાં આવ્યો. જેમાં આ પ્રમાણે લખ્યું હતું કે, "ધી ગવર્નરની કાઉન્સિલ સજ્જનોને કાઠિયાવાડમાં રહીને તેઓને તેઓનાં સિદ્ધાંતને આધારે કાર્ય કરવાની પરવાનગી આપે છે. આ માટે અમને કોઈ વાંધો નથી." આ રીતે પ્રથમ પ્રશ્નનો ઉકેલ આવી ગયો. પરંતુ બીજો પ્રશ્ન એ શ્રીમતી ગ્લાસગો અને શ્રીમતી કેરની તંદુરસ્તીનો હતો. જેના કારણે તેઓને વધુ સમય મુંબઈ વૈદકિય સારવાર માટે રહેવું પડે તેમ હતું. આ કારણને લીધે મિશનરીઓને ત્રણ મહિના મુંબઈમાં રહેવું પડયું. જે સમય દરમિયાન તેઓએ ગુજરાતી ભાષા શીખવાનો પ્રયત્ન કર્યો કે જેથી તેઓ તેનાથી પરીચિત થાય. મિશનરી કાર્ય અને તેની પદ્ધતિઓ વિશે પણ વિસ્તૃત ચર્ચા વિચારણા કરતા હતા. ડૉ. વિલ્સનની દોરવણી હેઠળ કરવામાં આવતી ભાષાની તમામ કાર્યવાહી, ભાષાનું શિક્ષણ વગેરે લાભકર્તા સાબિત થયું હતું.

### ઘોઘા તરફ પ્રયાણ :

૨૨ મે ૧૮૪૧ના રોજ ડૉ. વિલ્સનની આગેવાનીમાં ઘોઘા તરફ પ્રયાણ કર્યું. આ વહાણમાં મુસાફરોની અગાઉની સંખ્યામાં કુલ બેનો વધારો થયો. બે નાના બાળકો કે જેઓ મુંબઈ જન્મ્યા હતા. તેઓનો સમાવેશ આ મુસાફરીમાં થયો હતો. ચાર દિવસે તેઓ ઘોઘા પહોંચ્યા.

### ઘોઘાથી રાજકોટ તરફ :

ઘોઘાથી રાજકોટની મુસાફરી બળદ ગાડામાં શરૂ થઈ. આઠ દિવસની લાંઘણો અને થાકથી ભરપૂર મુસાફરીના અંતે તેઓ રાજકોટ પહોંચ્યા.તેઓનું યુરોપિયન અધિકારીઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું.

### રાજકોટ જુદા પ્રકારની ભૂમિ :

રાજકોટ સામાન્ય રીતે કઠણ ભૂમિ જ નહોતી. પરંતુ રાજકીય રીતે વિચિત્ર પણ હતી. ત્યાં પોલીટીકલ એજન્ટ રહેતા હતા. મિલિટરી અને નાગરિકોના અધિકારીઓ પણ રહેતા હતા.

આવા વાતાવરણમાં મિશનરીઓ દરેક જગ્યાએ પોતાને સારુ મિત્રો ઉભા કરતા હતા. કાઠિયાવાડ રાજ્યમાં એવો ભયંકર રિવાજ હતો કે જો નવજાત શીશુમાં કન્યાનો જન્મ થાય તો તેને જન્મતાની સાથે જ મારી નાંખવામાં આવતી. આ કારણોસર રાજકોટના ઠાકુરને, મિશનેરીઓના આવ્યાને પાંચ વર્ષ પહેલાં રૂ. ૧૨,૦૦૦ નો દંડ પોલીટીકલ એજન્ટ દ્વારા બ્રિટિશ કાનૂનના રક્ષણ માટે તથા નાની બાળકીને મારી નાખવાના કારણોસર કરવામાં આવ્યો હતો.

## કેરનો છેલ્લો પત્ર અને માંદગી :

૬, જુલાઈ ૧૮૪૧ના રોજ એક મહિના કરતા ઓછા સમયમાં રેવ. એલેકઝાંડર કેરે પોતાના વતનમાં ડૉ. મોરગન પર અંતિમ પત્ર લખ્યો. આ પત્ર લાંબો હતો. ભવ્ય હતો. ખરા હૃદયથી લખાયેલો, કાર્ય જે સારી રીતે શરૂ થયું છે તેની સંપૂર્ણ માહિતી લખવામાં આવી હતી.

ઓગસ્ટ ૧૮૪૧ના પ્રથમ અઠવાડિયા દરમિયાન રેવ. કેર અને ડૉ. વિલ્સન ગુજરાતમાં પ્રવર્તતા પ્લેગ રોગના ભોગ બન્યા. જે સામાન્ય રીતે વર્ષાઋતુની મધ્યમાં જોવા મળે છે. ગુજરાતના તાવની પ્રકૃતિ વિશે ઘણા પ્રશ્નો પૂછી શકાય. જેઓ ભારતમાં રહ્યા નથી તેઓને આ તાવ વિશે માહિતી આપવી એ મુશ્કેલ છે. એ ટાઈફસ (TYPHUS) પ્રકારનો તાવ નથી કે ટાઈફોઈડ (TYPHOID) પ્રકારનો પણ તાવ નથી. તે મેલેરિયાના પ્રકારનો છે. આવા સંજોગોમાં કેપ્ટન જેકબ કે જે પોલીટીકલ એજન્ટ હતા. તેમનું મકાન કે જે વાતાવરણની દૃષ્ટિએ એકદમ યોગ્ય હતું તે તેમને રહેવા માટે ઉદારતાથી આપવામાં આવ્યું. આ બંગલો ત્યારબાદ મિશનને આપવામાં આવ્યો. બંગલો દાનમાં આપનાર જનરલ સર જ્યોર્જ લે ગ્રાન્ડ જેકબ હતા.

## ડાયરેક્ટરો દ્વારા થયેલ ઠરાવ :

રેવ. કેરના અવસાન પછી ડાયરેકટરોની પ્રથમ મિટિંગ ૧૮ ઓક્ટોબર, ૧૮૪૧ના રોજ મળી હતી. આ મિટિંગની અધ્યક્ષતા ડૉ. કુકે કરી હતી. આ ઠરાવમાં જેઓ દુ:ખી છે તેઓ પ્રત્યે સહાનુભૂતિ પ્રગટ કરવામાં આવી. આ ઉપરાંત મિટિંગમાં રેવ. કેરે તેમના છેલ્લા પત્રમાં જે લાગણી પ્રગટ કરી હતી. તેના પ્રત્યે કાર્યવાહી કરવામાં આવી. "જ્યાં સુધી કાઠિયાવાડ પ્રાંતમાં છ કાર્યકરો ન હોય ત્યાં સુધી કાર્ય શરૂ કરવામાં આવ્યું છે તેમ નહિ ગણાય." તેઓએ દૈવી આશીષ પર ધ્યાન રાખવાનું નક્કી કર્યું. "જ્યાં સુધી આ હેતુ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેઓને

તેમના પ્રયત્નમાં સંભાળી રાખો." આ પ્રકારનો ઠરાવ કરવામાં આવ્યો.

## નવા મિશનેરીઓની પસંદગી :

રેવ. કેરના અવસાન બાદ નીચેના મિશનેરીઓની પસંદગી કરવામાં આવી. રેવ. મંટમગરીનો જન્મ ન્યુટનઆડસમાં થયો હતો. તેમના માતાપિતા નીતિનિયમો પાળનાર અને આદર્શ જીવન જીવનાર હતા. તેઓ હોશિયાર વિદ્યાર્થી હતા. તેઓએ શ્રેષ્ઠ માર્કસ સાથે પોતાના કોલેજનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. કોલેજકાળ દરમિયાન તેમની મહત્ત્વકાંક્ષા મિશનેરી બનવાની હતી. યહૂદિઓ મધ્યે કાર્ય કરવું તે તેમની પસંદગી હતી. ડાયરેકટરોએ તેમની પસંદગી કરી કારણે કે તેઓ સમર્પિત એવા ધાર્મિક વ્યક્તિ હતા. તેમની પસંદગી વખતે તેઓ ડોનાહડીમાં એક કુટુંબમાં શિક્ષક તરીકે સેવા આપતા હતા.

રેવ. આદમ અને રેવ. ડી. ગ્લાસગો એ રેવ. જેમ્સ ગ્લાસગોના ભાઈ હતા. તેઓ જેમ્સ ગ્લાગસો કરતાં આઠ કે નવ વર્ષ નાના હતા. પોતાના કોલેજકાળ દરમિયાન તેઓ ગણિતમાં નિષ્ણાંત ગણાતા હતા. કોલેજના અભ્યાસને અંતે તેઓને વિજ્ઞાનના બે ચંદ્રકો મળ્યા હતા. વિજ્ઞાનની શાળામાં એ સૌથી શ્રેષ્ઠ માન હતું. સાથે સાથે આર્ટસ સર્ટીફિકેટ પણ મળ્યું હતું.

રેવ. મેકી એ લિસર્બન પાસેના લોગેરીના હતા. તેઓ પણ ઊંચી શીખ ધરાવતા અને ઊંચું શિક્ષણ પામેલા હતા.

રેવ. સ્પીઅર એ ક્લોવોટરના હતા. કોલેજકાળ દરમિયાન તેઓ બ્રિટન, ગ્રીક અને અંગ્રેજી ભાષામાં ઉચ્ચ દરજ્જો પ્રાપ્ત કર્યો હતો.

ઉપરોક્ત મિશનેરીઓની સેવા ૧૨ જાન્યુઆરી ૧૮૪૨થી રૃ થઈ. સાથી મિત્રોના લગ્ન પહેલાં રવે. મંટમગરી અને રેવ. આદમ ગ્લાસગો રાજકોટમાં હતા અને તેઓ ગુજરાતી શીખવામાં વ્યસ્ત હતા.

## શ્રીમતી કેર વતન પરત ગયા :

રેવ. એલેકઝાંડરના વિધવા પત્ની અને નાનો દીકરો ૨૧ ડિસેમ્બર ૧૮૪૧ના રોજ બેલફાસ્ટ પહોંચ્યા. શ્રીમતી કેરને ભારતમાંની ભેટ તરીકે તેમના પતિની યાદમાં અને તેમના મિશનેરી કાર્યને યાદ કરતા ૩૫૦ પાઉન્ડ મળ્યા હતા. ભારત છોડતી વખતે ૧૦૦ પાઉન્ડની ભેટ મળી હતી. અને બીજા વચનો મળ્યા. આ રીતે ઈશ્વરે તેણીને ૫૦૦ પાઉન્ડ તેણીના દિલાસા માટે અને બાળકીના

ઉત્તેજન માટે પૂરા પાડયા. કેવો અજાયબ ભારત દેશ !

એજ દિવસે ડાયરીમાં નોંધાયેલ છે તે મુજબ આભારની અને માનની લાગણી ઊપજાવે તેવું લખાણ લખવામાં આવેલ છે.

યોર્ક સ્ટ્રીટના શ્રી મરફી તરફથી મારબલની તકતી મિશનને આપવામાં આવી કે જેના પર યોગ્ય વચન લખવામાં આવ્યું હતું કે આ બધું રેવ. કેરની યાદમાં કરવામાં આવ્યું હતું. આ તકતીને ફિશરવીક પ્રભુમંદિરની પરસાળમાં ચોંટાડવામાં આવી છે. આ તકતી પર લખાણ આ પ્રમાણેનું છે :

**રેવ. એલેકઝાંડરની યાદમાં :**

રેવ. એલેકઝાંડર એક સમયે, પોર્ટડાઉનના પ્રેસ્બિટેરીયન મંડળીના પાળક, સાથે સાથે જનરલ એસેમ્બ્લીના ભારત માટેના તેઓ પ્રથમ મિશનેરીઓમાંના એક હતા. જેઓનું મૃત્યુ રાજકોટમાં તા. ૧૬ ઓગસ્ટ ૧૮૪૧ના રોજ થયું હતું.

મૃત્યુ સમયે તેઓની ઉંમર ૨૯ વર્ષની હતી.

ઈશ્વર પ્રત્યેની સેવાનું સમર્પણ (સ્વાર્પણ) કરનારું, જીવનમાં સન્માન પામનાર, મજૂરીમાં ધનવાન, મૃત્યુના સમયે દુઃખી થનાર.

રેવ. કેરના મૃત્યુ પ્રસંગે મંડળીનો દૃઢ નિર્ધાર હતો કે આપણે ફક્ત રેવ. કેરની જગ્યા જ પૂરવા (ભરવા) માગતા નથી. પરંતુ તેથી કંઈક વિશેષ કરવા માગીએ છીએ. જ્યારે છઠ્ઠા મિશનેરીને મોકલવાનું નક્કી કર્યું ત્યારે ડૉ. મોર્ગને રેવ. ગ્લાસગોને તારીખ ૨૬ માર્ચ, ૧૮૪૨ના રોજ આ પ્રમાણે લખ્યું, "હું સ્પષ્ટ નથી કારણ કે આપણું ફંડ એટલું પૂરતું નથી કે આપણે છઠ્ઠા મિશનેરીને મોકલી શકીએ. આપણે બસો કરતા વધારે મંડળીઓ પાસેથી દાન મેળવી શક્યા છીએ. હવે જે બાકીની મંડળીઓ છે તેઓ દાન મોકલી આપશે તો આપણે તે પ્રમાણે કરી શકીશું."

# 2 કાર્યની વૃદ્ધિ

## પ્રથમ મેડિકલ મિશનેરી :

બોર્ડની મિટિંગમાં ૧ જૂન, ૧૮૪૨ના રોજ ડૉ. સિંકલેરનું નામ પસંદ કરવામાં આવ્યું. તેઓ સ્કોટલેન્ડના હતા. પરંતુ તેઓ મુંબઈમાં રહેતા હતા. તેઓ મિશન કાર્યમાં જોડાવા માટે સહમત થયા. તેઓની સેવા ડૉક્ટર તરીકે અને સુવાર્તિક તરીકે મળી. તેમને તેમના ભારતના મિશનની સેવામાંના મિત્રો દ્વારા જે રકમ પગાર માટે મળતી હતી તેના કરતા અડધી રકમ એટલે કે ૨૪૦ પાઉન્ડથી આ નવી સેવામાં સંતોષ માનતા હતા.

પરંતુ ડૉ. સિંકલેરે મિશનની સેવા છોડી દીધી ત્યારબાદ જૂનાગઢના નવાબને ત્યાં નોકરી સ્વીકારી. જે પાછળથી છોડીને મુંબઈ પરત ચાલ્યા ગયા. ડૉ. સિંકલેર પગાર માટે કદી કામ કરતા ન હતા. પાછળથી જ્યારે ડૉ. મોર્ગને તેમના બાકી નીકળતા ૬૦ પાઉન્ડ તેમના પર મોકલ્યા ત્યારે તેમણે જણાવ્યું કે હું પોતને તે માટે યોગ્ય ગણતો નથી.

## ભારતમાં પ્રેસ્બિટેરીની સ્થાપના :

૧૮૪૨ની જનરલ એસેમ્બ્લીએ એવો આગ્રહ રાખ્યો કે આગામી વાર્ષિક સભા જે ૧૮૪૩માં મળનાર છે તે પહેલા વહીવટી કાર્ય માટે કલાર્કની નિમણૂંક કરવામાં આવે, એ રીતે ભારતમાં પ્રેસ્બિટેરીની શરૂઆત કરવામાં આવે. ભારતમાં સંખ્યા પૂરતી છે. તેઓને ઠરાવો કરવાને પૂરતી સત્તા આપવામાં આવે. "પ્રેસ્બિટરી ઓફ કાઠિયાવાડ" એ શિર્ષક હેઠળ કોર્ટની પણ રચના કરવામાં આવે જે આપણી વ્યવસ્થા અને માળખા પ્રમાણે કાર્ય કરે. રેવ. જેમ્સ. ગ્લાસગોને મોડરેટર તરીકે નિમવામાં આવ્યા.

ભાઈઓ રાજકોટમાં રેવ. જેમ્સ ગ્લાસગોના પ્રમુખપણા હેઠળ તા. ૩૦ જાન્યુ. ૧૮૪૩ના રોજ મળ્યા. ત્યારબાદ રેવ. જેમ્સ ગ્લાસગોએ રાજીનામું આપ્યું કે જેથી ભાઈઓને બંધારણીય અધિકાર પ્રમાણે પોતાની રીતે મોડરેટર ચૂંટવાની તક રહે. આ પ્રથમ પ્રેસ્બિટેરીના સભ્યો આ પ્રમાણે હતા. રેવ. જેમ્સ ગ્લાસગો, રેવ. રોબર્ટ મંટગમરી, રેવ. એ. ડી. ગ્લાસગો, રેવ. જેમ્સ મેકી અને રેવ. જેમ્સ સ્પીઅર્સ.

**બળદગાડામાં મુસાફરી :**

૧૮૪૩ અંત સુધી ત્રણ સ્થળોમાં કાર્ય ખૂબ સારી રીતે ચાલી રહ્યું હતું. એવું નક્કી કરવામાં આવ્યું કે, નવથી દસ મહિના રાજકોટ કે જે વધુ શિક્ષિત કેન્દ્ર છે ત્યાં રેવ. મેકી અને રેવ. સ્પીઅર્સ રહે કે જેથી પંડિતોના સંગથી ભાષા વધુ સારી રીતે શીખી શકાય. બીજી પ્રેસ્બિટેરી જે ૧૧ ફેબ્રુઆરી ૧૮૪૩ના રોજ ભરાઈ હતી. આ પ્રેસ્બિટેરી બાદ રેવ. જેમ્સ ગ્લાસગો અને રેવ. મંટમગરી પોરબંદર જવા નીકળ્યા. નવ દિવસની લાંબી અને કંટાળાજનક બળદગાડાની મુસાફરી બાદ તેઓ પોરબંદર પહોંચ્યા. રેવ. મંટમગરીને પોરબંદરમાં સ્થિર કરીને રેવ. ગ્લાસગો રાજકોટ પરત ગયા.

**મકાનોની વ્યવસ્થા :**

રાજકોટમાં કાર્યની વૃદ્ધિ થતી જતી હતી. તેથી આર્યલેન્ડની મંડળીને રાજકોટમાં મિશનને પોતાના મકાન હોય તેવી જરૂરિયાત જણાઈ. આર્યલેન્ડથી આ માટે ઉદારતાથી નાણાં મળ્યા. આ નાણાં વડે બે મકાન ખરીદવામાં આવ્યા. દરેકમાં રહેઠાણ, પ્રભુમંદિર અને શાળાની વ્યવસ્થા કરવામાં આવી. આ બે મકાનોનું એક રાજકોટ અને એક ઘોઘામાં ખરીદવામાં આવ્યું. ત્રીજા મકાન માટે એટલે કે પોરબંદર માટે પણ નાણાં મળ્યા. આ માટે (મકાનો માટે ) ૧૫૦૦ પાઉન્ડ મળ્યા હતા. આ નાણાં મિશનના કાર્ય માટેના નાણાંમાંથી લેવાયા ન હતા. ડૉ. વિલ્સને ૧૮૪૪માં આર્યલેન્ડની જનરલ એસેમ્બ્લીમાં હાજરી આપી. તેઓએ ડૉ. મોર્ગન સાથે આખા આર્યલેન્ડમાં ફરીને દાન એકત્ર કરવામાં મદદ કરવા વિનંતી કરી. તેઓએ આ રીતે ૫૦૦ પાઉન્ડ દાનમાં મેળવ્યા. તેઓએ જે નાણાં એકઠાં કર્યા તે બેલફાસ્ટમાંથી મળ્યા હતા. અને બાકીના ૫૦૦ પાઉન્ડ ભારતમાંના મિત્રો અને અન્યો પાસેથી મેળવ્યા હતા. ★

**કાર્યને જીવંત રાખવાના પ્રયાસ :**

રેવ. મેકી કે જેઓ રાજકોટનું કાર્ય કે જે મૃતપ્રાય રહ્યું હતું તેને જીવંત રાખવાના પ્રયાસ કરી રહ્યા હતા. ૧૯ ડિસેમ્બર ૧૮૪૩ સુધી તેઓ ઘોઘા કાયમ માટે જઈ શકે તેમ ન હતા. તેઓને ખૂબ કફોડી સ્થિતિમાં ઘોઘામાં રોકાવું પડયું હતું. તેઓને રહેવાને માટે યોગ્ય મકાન ન હતું. ૨૧ ડિસેમ્બર ૧૮૪૩ના રોજ તેમણે આ પ્રમાણે લખ્યું હતું, "આ તબક્કે અમે મુસાફરો માટેના બંગલામાં રહીએ છીએ." આ

★ સપ્ટેમ્બર ૧૮૪૪ના "હેરલ્ડ"માંથી.

બંગલો એ સરકારી માલિકીનો હતો. જે વધુમાં વધુ ત્રણ દિવસ માટે રાખી શકાય. અમે થોડા દિવસો માટે રાખ્યો. આ મકાનને એક રૂમ હતી. શરૂઆતના દિવસોની તકલીફ હતી. ઓક્ટોબર ૧૮૪૫ સુધી મિશનના મકાનો બંધાયા ન હતા. લગભગ બે વર્ષનો સમય પસાર થયો હતો.★

## સુવાર્તાનું કાર્ય :

મિશનેરીઓ પોતે તેઓના તંબુઓ, નોકરો, રાંધવાના વાસણો અને બળદગાડામાં સાથે એકગામથી બીજા ગામ જવા તૈયાર રહેતા. ખાસ કરીને લોકો જ્યારે નવેમ્બરથી માર્ચ સુધી ઠંડીની ઋતુમાં ખેતરમાં કામ કરતા હોય ત્યારે તેઓ મધ્યે સુવાર્તાનું કાર્ય કરવા મિશનેરીઓ ખેતરોની આસપાસ, ગામડાઓમાં પડાવ નાખતા હતા. રેવ. ગ્લાસગોએ પોતાનો સુવાર્તા પ્રચારનો કાર્યક્રમ બનાવ્યો ત્યારે રેવ. ક્લાર્કસન કે જેઓ લંડન મિશનેરી સોસાયટીના પ્રતિનિધિ હતા. તેઓ તેમની સાથે જોડાયા. કાઠિયાવાડની પ્રથમ પ્રેસ્બિટેરીનો રિપોર્ટ કે જે જનરલ એસેમ્બલીને આપવામાં આવ્યો તેમાં નોંધાયું છે કે, રેવ. ક્લાર્કસન જે જેઓ સૂરત રહેતા હતા. તેઓએ રેવ. ગ્લાસગોની મુલાકાત લીધી હતી. લોકોને ઉપદેશ આપ્યો હતો અને તેએ સાથે મળીને ગુજરાત અને કાઠિયાવાડના સાઈઠ ગામો અને શહેરોમાં ટ્રાક્ટનું વિતરણ કાર્ય કર્યું હતું. તે સમયમાં આ કાર્ય ઘણું સારું ગણાય.

સુવાર્તાના સઘન કાર્યના અંતે ત્રણ વ્યક્તિઓએ વધુ સમજણ માટે સંપર્ક સાધ્યો, કે જેઓ પાછળથી આપણા મિશન કાર્યને માટે ધર્મપિતૃઓ અને પ્રેરિતો બન્યા. તેઓના નામ આ પ્રમાણે છે. ગંગારામ, ગિરધર અને દેસાઈ. આ નામો દરેક ગુજરાતી ખ્રિસ્તીઓને માટે તથા તમામ આયરીશ પ્રેસ્બિટેરિયન મિશનેરીઓને માટે વહાલાં હતા.

## શિક્ષણ :

છોકરા અને છોકરીઓના શિક્ષણને માટે પૂરતું ધ્યાન આપવામાં આવ્યું. આ માટે પાંચ નિશાળોની સ્થાપના કરવામાં આવી. ચાર શાળાઓ છોકરાંઓ માટે અને એક છોકરીઓ માટે શરૂ કરવામાં આવી. શરૂઆતમાં આ માટે મુશ્કેલીઓ પણ આવી હતી.

## પ્રભુને સારુ મુદ્રાંકિત :

ડૉ. મોર્ગને રેવ. મંટગમરીને આ પ્રમાણે લખ્યું હતું, “હું દરરોજ તમારા માટે

---

★ મિનિટ્સ બુક પૃષ્ઠ નં. ૫૪.

અને તમારા કાર્ય માટે પ્રાર્થના કરું છુ. મને લાગે છે કે જો એકપણ બદલાણ થશે અને ખ્રિસ્તી બનશે તો મને તેનો સંતોષ અને આનંદ થશે. આ ઈશ્વરને સારુ મુદ્રા તરીકે ગણાશે." થોડા સમય બાદ પોરબંદરમાં અબ્દુલ રહેમાન મુન્શીનું બદલાણ થયું. તેઓ રેવ. જેમ્સ ગ્લાસગોના પ્રથમ મુન્શી બન્યા. તેનું બાપ્તિસ્મા ૮ ઓક્ટોબર ૧૮૪૩ (રવિવાર)ના દિવસે રેવ. જેમ્સ ગ્લાસગોની હાજરીમાં થયું. આ સભામાં રેવ. ગ્લાસગોએ પ્રભુના વચનમાંથી સંદેશો આપ્યો તથા બાપ્તિસ્મા સંબંધી સમજણ આપી. રેવ. રોબર્ટ મંટમગરીએ તેમને પ્રશ્નો પૂછયા તથા બાપ્તિસ્મા આપ્યું. આ સભામાં રેવ. જેમ્સ સ્પીઅર્સ, રેવ. એન્ડી ગ્લાસગો, રેવ. જેમ્સ મેકી, લેફટન્ટ વેસ્ટ્રોપ, લેફટનન કેમ્પબેલ, મિશનકાર્યમાં સંકળાયેલી બહેનો અને જૂનાગઢથી મુનશી હાજર હતા.

## મંડળીમાં વધારો થયો :

મારવાડના રાજપૂત ભગવાનજી તેઓ તેમના નાના દીકરા દેવરાજ સાથે તારીખ ૨૮ ઓક્ટોબર ૧૮૪૪ના રોજ બાપ્તિસ્મા પામ્યા. રેવ. મંટમગરીએ બાપ્તિસ્મા આપ્યા. ભગવાનજીના પત્નીનું પણ ૧૮૪૬માં બાપ્તિસ્માં થયું હતું. રાજપૂત લોકો ઉચ્ચ ગણાય છે.

મુનશીના જીવનમાં એક ઘણા આનંદનો દિવસ આવ્યો કે જયારે તેના દીકરા અબ્દુલ રઝાકે રાજકોટમાં ૨ ફેબ્રુઆરી ૧૮૪૫ના રોજ બાપ્તિસ્મા લીધું. અને રેવ. જેમ્સ ગ્લાસગોએ તેને બાપ્તિસ્મા આપ્યું હતું. પરંતુ કુટુંબના બાકીના સભ્યોએ મે ૧૮૪૫માં બાપ્તિસ્મા લીધું. આ દિવસ મુનશીને માટે તથા મિશનેરીઓને માટે ઘણા આનંદનો હતો કારણ કે તેઓએ ખરેખર નિખાલસ મને પ્રાર્થના કરી હતી. ધીરજપૂર્વક શ્રમ કર્યો હતો. અને તેઓ પરિણામ માટે થોભ્યા હતા.

ત્યારબાદ આખું કુટુંબ સૂરતમાં રહેવા લાગ્યું. મુનશીના પત્નીનું નામ મરિયમબાઈ હતું. તેમની મોટી દીકરી દાદીબાઈનું લગ્ન રેવ. ધનજીભાઈ નવરોજી સાથે થયું હતું. ધનજીભાઈ નવરોજી એ ડૉ. વિલ્સનના પ્રથમ પારસી બદલાણ પામેલા વ્યક્તિ હતા. તેઓએ ઘણા વર્ષો સુધી ધી ચર્ચ ઓફ સ્કોટલેન્ડ, મુંબઈના પાળક તરીકે સેવાઓ આપી હતી. મુનશીના બીજી દીકરી આશાબાઈ કુંવારા રહ્યા. તેઓએ મિશનમાં સેવા કરવાનું સ્વીકાર્યું. તેઓ સૂરતમાં વિશ્વાસુ, પ્રેમાળ અને મદદરૂપ થનાર એવા કાર્યકર્તા ગણાતા હતા. પોતાના નમ્ર સ્વભાવ અને સાતત્યપૂર્ણ જીવનને લીધે તેઓ લોકોમાં ખૂબ આદરમાન પામ્યા હતા.

૨૫ મે ૧૮૪૫ના રોજ રેવ. ગ્લાસગોએ હિન્દુ ગોસાવીનું બાપ્તિસ્મા રાજકોટ ખાતે કર્યું. તેઓ જાતે મરાઠા હતા. તેઓને લોકો કેશવ રાવના નામથી ઓળખતા હતા. ૧૫ વર્ષ પહેલા પૂના ખાતે ચર્ચ ઓફ સ્કોટલેન્ડ દ્વારા તેમને કેટલું ક ખ્રિસ્તી શિક્ષણ રેવ. જેમ્સ મિચ્ચેલ દ્વારા આપવામાં આવ્યું હતું.

૧૮૪૫ના અંતભાગમાં બીજા કેટલાક બાપ્તિસ્મા આપવામાં આવ્યા. આમાંના રાજકોટની પાસેના અલગ એકાંતના ગામડાઓમાંથી ચાર ચારણને રેવ. ગ્લાગસોએ રસ લઈને શિક્ષણ દ્વારા બાપ્તિસ્મા આપ્યા છે. બાપ્તિસ્મા પોરબંદરમાં થયાં.

આ છ વ્યક્તિઓમાં એક પીર મહમંદ હતા કે જેઓ મુલ્લાં હતાં. તેઓ મુનશીના પિતા હતા. તેઓ આદરણિય મુસલમાન હતા, તેઓ ધર્મગુરુની સેવા આપતા હતા. લોકો તેમને હાજી તરીકે બોલાવતા હતા. બીજા અબ્દુલ સુલેમાન હતા. તેઓ મુનશીના ભાઈ થતા હતા. તેઓ પણ શિક્ષિત વ્યક્તિ હતા. ભારતમાં તે વખતે મુસલમાન લોકો અરેબિક ભાષા જાણતા હતા. અરેબિક ભાષા કુરાનની ભાંષા ગણાય છે.

**વિકટ પ્રશ્ન અને નિર્ણય :**

૧૮૪૫માં સૂરતમાંથી ગમે તે ભોગે પોતાને પાછા ખેંચી લેવા તેવો નિર્ણય લેવામાં આવ્યો. તેના બદલે ખંભાતમાં કાર્યની શરૂઆત કરવી અને મંડળીની સ્થાપના કરવી. પરંતુ દુઃખની વાત એ છે કે, કાઠિયાવાડમાં એકપણ માણસ ફાજલ ન હતો અને બોર્ડની પણ એવી સ્થિતિ ન હતી કે તેઓ માણસ મોકલે. કાઠિયાવાડની પ્રેસ્બિટરી તરફથી ૧૮૪૫ની શરૂઆતમાં ડાયરેકટરની સલાહ લેવામાં આવી કે, પોરબંદરના કાર્યને બંધ કરવામાં આવે અને રેવ. મંટમગરી અને રેવ. સ્પીઅર્સને સૂરત મોકલવામાં આવે. ભાઈઓ આ વિચારો સાથે સહમત ન હતા. કારણ કે ઈશ્વરે આ ક્ષેત્રને અને પરિશ્રમને આશીર્વાદ આપ્યો છે. પરંતુ સાથે સાથે સૂરતમાં વિકાસ પામેલી શાળાઓને, આરામદાયક રહેઠાણોને, સુંદર પ્રભુમંદિરને અને સાધન સંપન્ન પ્રેસને બંધ કરી દેવા એ મૂર્ખતા ગણાશે ઉપરાંત એ ગુનો (Crime) ગણાશે.

**પ્રેસ્બિટરીનો ઠરાવ :**

ઉપરોક્ત પરિસ્થિતિના સંદર્ભમાં કાઠિયાવાડની પ્રેસ્બિટરીએ ઠરાવ કર્યો કે, "અમે સહમત છીએ, તમે અમને આદેશ આપો, અમે કામ કરવા તૈયાર છીએ, વધુ બીજા માણસો જુદા જુદા સ્થળો માટે આપો."★

---

★ પ્રેસ્બિટરીના ઠરાવ નં. ૬ જૂન, ૧૮૪૫ના હેરલ્ડનો આધાર

## ડાયરેક્ટરોનો ઠરાવ અને પત્ર :

ડૉ. મોર્ગનના ૧ મે, ૧૮૪૬ના પત્રને આધારે રાણા (પોરબંદરના) એ જણાવ્યું કે નાનો બંગલો રહેવા માટે તેઓને રાણા તરફથી આપવામાં આવ્યો છે. તે તેઓને વેચવા તૈયાર છે. જ્યારે બીજી તરફ મિશનેરીઓની બદલી કરવામાં આવી. ડાયરેકટરની મિટિંગ જે ૩ ડિસેમ્બર ૧૮૪૫ના મળી હતી. તેમાં નીચેનાં મિશનેરીઓની બદલી કરવામાં આવી છે. રેવ. મંટમગરી અને રેવ. સ્પિઅર્સને સૂરત જવા માટે તૈયાર રહેવાની સૂચના આપવામાં આવી છે.

પરંતુ ભારતમાંના મિશનેરીઓના પ્રત્યાઘાત આ માટે જુદા હતા. જો વધારાના મિશનેરીઓની વ્યવસ્થા કરવામાં આવી હોત તો તેઓને વધુ સંતોષ થયો હોત. તેઓને સૂરત જવા માટે વાંધો નથી કારણ કે તેઓના ઠરાવને આ રીતે ડાયરેકટરોએ મંજૂરી આપી હતી. પરંતુ તેઓની બદલી સૂરત કરવાની સાથે પોરબંદર માટે ભવિષ્યનો કોઈ કાર્યક્રમ વિચારી શકાયો હોત. ત્યારબાદ સૂરતને માટે વિચારી શક્યા હોત.

સૂરતની મિલકત લંડન મિશનેરી સોસાયટી પાસેથી આયરીશ મિશન ખાતે બદલી કરવામાં આવી. આ માટે તેની મૂળ કિંમતના એક અષ્ટમાંશ જેટલી જ રકમ આપવી પડી હતી. જે કિંમત ચૂકવી તે આ પ્રમાણે હતી. મિશન હાઉસ, પ્રેસ અને તમામ સાધનોના ૨૭૦૦ પાઉન્ડ થતા હત. પરંતુ આયરીશ પ્રેસ્બીટેરીયન મિશને ફક્ત ૫૦૦ પાઉન્ડ ભરવા પડયા હતા. આ માટેની વાટાઘાટોની જવાબદારી (આગેવાની) રેવ. ડબલ્યુ. ફાઈવીએ અદા કરી હતી. રેવ. ડબલ્યુ. ફાઈવી ૧૮૪૭માં કાર્ય તથા મિલકતની તબદીલ બાદ નિવૃત્ત થયા. તેઓ સેન્ટ હેલીઅર, જર્સી રહેવા ગયા. જ્યાં તેઓનું ૧૮૬૩માં અવસાન થયું. ફાઈવી ભાઈઓ એબરડીનના વતની હતા. તેઓ બંને હોશિયાર અને સમર્પિત હતા. એલેકઝાંડર ફાઈવીને સૂરત પ્રભુમંદિરની નજદીક દફનાવવામાં આવ્યા હતા.

## ગુજરાત : ભારતનો બગીચો :

ગુજરાતની જમીન સમૃદ્ધ અને જંગલોથી ભરપૂર અને પુષ્કળ પાણીવાળી છે. તેને "ભારતનો બગીચો" એ નામ આપવામાં આવે છે. ગુજરાતી લોકોને ભારતના ઈટાલીયનો કહેવામાં આવે છે. તેઓની બંધારણીય સભાનતા ઘણી છે. તેઓની રીતભાત અને વ્યવહાર (અરસપરસ) ન્યારી છે. તેઓ શરીરે ગોળ બાંધાના છે. આ બધી બાબતો તેઓને ઈટાલિયનો સાથે સરખાવવામાં માટે કારણભૂત છે.

ગુજરાતના ગામડાઓ પણ અપવાદરૂપ છે. ગામડાઓ આરામદાયક છે. ઉપરાંત બાંધકામની દૃષ્ટિએ મજબૂત છે. ગુજરાતના ખેતરો પણ વ્યવસ્થિત જણાય છે. અને તેમના માલિકો આર્થિક રીતે સમૃદ્ધ છે.

## ગુજરાત અને કાઠિયાવાડની વસ્તી અને જાતિ :

ગુજરાત અને કાઠિયાવાડની વસ્તી લગભગ, ૯૦,૦૦,૦૦૦ તેમાં હિન્દુઓ મુખ્ય છે. ત્યારબાદ મુસલમાન, પારસી, ભીલ અને જૈન લોકો છે. બંને પ્રાંતના હિન્દુઓને બે ભાગમાં વહેંચી શકાય (૧) ગરાસીયા - જમીનના માલિકો (૨) પાટીદાર, ખેડૂત - રૂના ખેતરો અને અનાજોના ઉગાવનાર, શિલ્પકારો - સોની, સૂતરાઉ અને સિલ્ક પર વણાટકામ કરનાર. સોના ચાંદીમાં નકશી કરનાર ચંદનના લાકડામાં કોતરણી કરનાર, લોંખડને આકાર આપનાર, લૂહાર, બૂટ ચંપલ બનાવનાર, માટીકામ કરનાર, કુંભારનું કામ કરનાર.

ભારતમાં સેંકડો જ્ઞાતિઓ છે. ફક્ત સૂરતમાં જ ૩૦૦ જેટલી જ્ઞાતિઓ છે. આ બધામાં પારસીઓની વસ્તી થોડી છે. તેઓની  વસ્તી ૫૦,૦૦૦થી વધારે નહિ હોય. આખા વિશ્વમાં લગભગ ૧,૧૦,૦૦૦ પારસીઓ છે. જેમાંથી ૬૦,૦૦૦ પારસીઓ મુંબઈમાં છે. પારસી ધર્મના સ્થાપક ઝોરાસ્ટર નામનો ધર્મ સુધારક પ્રભુ ઈસુ પહેલાં લગભગ ૬૦૦ થી ૭૦૦ વર્ષ પહેલાં અથવા લગભગ યશાયાના સમયમાં થઈ ગયા. હોગ નામની અધિકૃત વ્યક્તિ એવું કહે છે કે, તેઓ મૂસાના સમકાલિન હતા. પરંતુ હોગનું તેથી વધારે એમ માનવું છે અને પારસીઓ પણ એમ માને છે કે કદાચ તેથી પણ પહેલા તેઓ થઈ ગયા હોય. તેઓને “માગીઓ જે પૂર્વમાંથી આવ્યા” તેમની સાથે સરખાવે છે. જેંમને માગોઈ (Magoi) કહે છે. જે આજના પારસી ધર્મગુરુઓ ગણાય છે.

પારસી લોકોમાંથી પ્રભુની સુવાર્તા સ્વીકારીને હોરમજી પ્રભુમાં ઉમેરાયા જેઓ ત્યારબાદ પ્રભુની સેવામાં જોડાયા. એમ રેવ. હોરમજી આખરે ગુજરાતમાંના આપણા એક મિશનેરી બન્યા. આપણા ત્યાંથી સેવા પૂરી કરી તેઓને ધી ચર્ચ ઓફ સ્કોટલેન્ડમાં સેવા કરવા મૂકવામાં આવ્યા. જે ત્યારબાદ પૂનામાં બેપ્ટિસ્ટ મિશનેરી બન્યા હતા. તેઓ ઘણા કાબેલ વ્યક્તિ હતા.

પછાત જાતિ બંને પ્રાંતમાં જોવા મળે છે. તેઓ તમામ સ્તરે નિમ્ન કક્ષાનું જીવન જીવે છે. તેઓને તમામ શહેરના અમુક ભાગમાં જ રહેવાની છૂટ હોય છે. આવા લોકોની મધ્યે આપણા મિશનેરીઓએ ખૂબ સારું અને પ્રશંસનિય કાર્ય કર્યું

છે. તેઓમાંથી જેઓ બદલાણ પામીને મંડળીમાં જોડાયા તેઓ સંતોષની લાગણી અનુભવે છે. મંડળીમાં જોડાયા બાદ તેઓ ખેતીવાડીના કામમાં વ્યસ્ત છે.

બીજી એક જાતિ તે ભીલ છે. ભીલ જાતિના લોકો તે હિન્દુ નથી. ભીલ લોકો મુખ્યત્વે પંચમહાલમાં જોવા મળે છે. કાઠિયાવાડમાં પણ ભીલ લોકો જોવા મળે છે. પરંતુ તેઓના પ્રકાર જુદા છે. બંને પ્રાંતમાં બીજી એક જાતિના લોકો પણ છે. અને તેઓ છે કોળી. તેઓ લૂંટારા તરીકે ઓળખાય છે. મજૂરી કરનારા તરીકે પણ ઓળખાય છે.

## ગ્રામ્ય જીવન અને શિક્ષણ :

ગ્રામ્ય લોકોનું જીવન તદ્દન સાદગીભર્યું છે. તેઓની સંપત્તિ થોડી છે. તેઓના મોજશોખના સાધનો પશ્ચિમના દેશો કરતાં થોડા છે. વાતાવરણ હંમેશાં ગરમ રહે છે. કપડાં હળવા અને ખોરાક પણ હળવો હોય છે. તેઓની ટેવોમાં પણ સાદગીપણું જોવા મળે છે. તેઓનું જીવન ઓછું બોજારૂપ હોય છે. ગરીબ હોય કે શ્રીમંત તમામ લોકો ધાર્મિક હોય છે. પુરુષો દરરોજ વહેલી સવારે મંદિરે જાય છે. જ્યારે ઘરના કામ પૂરા થાય ત્યારબાદ સ્ત્રીઓ મંદિરે જાય છે. પોતાના દેવ પ્રત્યેની ફરજ અદા કરવાનું કોઈ હિન્દુ ચૂકે નહિ. રોજ જેમ પાણી પીવું અને ખોરાક ખાવો એ સામાન્ય અને રોજની પ્રક્રિયા છે તેમ ભક્તિ પણ તેઓની રોજની ક્રિયા છે.

શિક્ષણનું સ્તર ખૂબ નીચું છે. શિક્ષક તેમના વિદ્યાર્થીઓને શેરીઓમાં કોઈ પડછાયામાં બેસાડીને શિક્ષણ આપે છે. તેઓની પાસે કાગળ, પેન કે શાહી ભાગ્યે જ જોવા મળે છે. તેઓની પાસે સ્લેટ કે સ્લેટમાં લખવાની પેન પણ નથી હોતી. તેઓ જમીન પર હાથ વડે અક્ષરો લખીને શીખે છે. પુસ્તકો પણ થોડા અને ગુણવત્તામાં ખૂબ ખરાબ હોય છે.

## આધુનિક સૂરત શહેર - જૂનાની છાયા નીચે :

સૂરતમાં વહાણવટાની સુંદર વ્યવસ્થા હતી. ભારતનું એ શરૂઆતના બંદરોમાંનું એક છે. અહીંથી યૂરોપના દેશો સાથે સંપર્ક થતો હતો. ઉદારમતવાદિ મહાન મોગલ રાજા અકબરે ધંધા રોજગારને ખૂબ ઉત્તેજન આપ્યું હતું. પોતાના ગુજરાતમાંના શાસન દરમિયાન અંગ્રેજ, ડચ અને ફ્રેન્ચ લોકોએ ત્યાં પ્રવેશ કર્યો હતો. તે સમયનું સૂરત શહેર સૂતરાઉ અને સિલ્ક કાપડ માટેનું મુખ્ય મથક હતું. દુનિયાના દેશોના મોટા મોટા વહાણો પણ ત્યાં લાંગરતા હતા. તે સમયનું ભારતનું મોટું શહેર ગણાતું હતું. તેની વસતી લગભગ ૮,૦૦,૦૦૦ જેટલી હતી. તે પણ ગ્લાસગો અને

માંચેસ્ટર શહેર કરતાં પણ વસ્તીની દૃષ્ટિએ મોટું હતું. ડચ, અંગ્રેજ અને ફ્રેન્ચ લોકોએ ફેકટરીઓ બાંધી હતી. રહેણાંક માટેના મકાનો અને મોટી મોટી કબરો પણ બાંધી હતી. મોગલ લોકોએ દીવાલો, મિનારાઓ અને મસ્જીદ બાંધી હતી. તેઓએ સૂરતની ભવ્યતામાં અને સુંદરતામાં વધારો કરનાર કેટલીક બાબતોનો વિનાશ કર્યો હતો. આના પરિણામે આ શહેર હવે ધંધારોજગાર વગરનું બની ગયું. ૧,૨૦,૦૦૦ લોકો ધંધા રોજગાર વગરના બેકાર બની ગયા. આગ અને પૂર દ્વારા પણ તેને ભારુ નૂકશાન થયું. જે માટે આજની સ્થિતિ તેને આભારી છે.

ઈ.સ. ૧૭૯૫માં ધી લંડન મિશનેરી સોસાયટીને કાર્ય શરૂ કરવા માટે સૂરત શહેર યોગ્ય કેન્દ્ર લાગ્યું.★ ઈ.સ. ૧૮૦૪માં કાર્ય શરૂ કરવા માટે બે વ્યક્તિઓને સૂરત મોકલ્યા. એક મદ્રાસમાં રોકાયા અને બીજા જહોન ટેઈલર એમ. ડી. હતા. તેઓએ સરકારની નોકરી સ્વીકારી. તેઓનું મરણ પર્શીયાના શીરાઝમાં ૧૮૨૧માં થયું.

પ્રથમ કાયમી ધોરણે મૂકાયેલા પ્રતિનિધિઓમાં રેવ. વિલ્યમ ફાઈવી અને રેવ. જેમ્સ સ્કીનર હતા. તેઓ લંડન મિશનરી સોસાયટીના સભ્ય હતા. આ ભાઈઓ તારીખ ૯ ઓગસ્ટ ૧૮૧૫ના રોજ મુંબઈ આવ્યા. ત્યાંથી સીધા પોતાના કાર્યક્ષેત્ર તરફ ગયા.

અગાઉ આવેલા રેવ. જહોન ટેલરે ખ્રિસ્તી કાર્ય કર્યું હતું. તેમણે કેટલોક સમય ગુજરાતી અને મરાઠીમાં અનુવાદ કરવામાં ગાળ્યો.

## સુવાર્તાના કાર્યમાં પડતી મુશ્કેલીઓ :

ઉપરોક્ત જણાવેલ ભાઈઓ ગુજરાતના પ્રથમ મિશનેરીઓ હતા. સાધનો અને વ્યવસ્થાના અભાવે તેઓને તેઓના કાર્યમાં મુશ્કેલી પડતી હતી. કાર્યની શરૂઆત કરવા માંગતા હતા. પરંતુ અધિકૃત ગુજરાતી વ્યાકરણ તેઓની પાસે ન હતું. આ મિશનેરીઓ પંડિતોના આધારે ચાલતા હતા. પંડિતો પાસે પણ પદ્ધતિસર કોઈ જ્ઞાન કે વ્યવસ્થા ન હતી. પરિણામે સુવાર્તા, શાસ્ત્રનું અનુવાદનું કાર્ય શક્ય ન હતું. તેઓના માટે આ પીછેહઠ સમાન હતું.

સિરામપોરમાં રહીને ડો. વિલ્યમ કેરી કાર્ય કરતા હતા. તેઓએ ઈ.સ. ૧૮૦૯માં શાસ્ત્રનો ગુજરાતીમાં અનુવાદ કરવામાં પ્રયત્ન કર્યો. જે સફળ રહ્યો. તેથી તે માટે તેઓની કદર કરીએ છીએ. પરંતુ તેઓએ કરેલા અનુવાદના કાર્યને

★ સેરિંગ્સ લેખક "હિસ્ટરી ઓફ પ્રોટેસ્ટન્ટ મિશન ઈન ઈન્ડિયા" પૃષ્ઠ ૨૫૧.

ઈ.સ. ૧૮૧૩ સુધી એકબૂજુ મૂકી રાખવામાં આવ્યું. જ્યારે અનુવાદનું કાર્ય પૂર્ણ થયું ત્યારે ઈ.સ. ૧૮૨૦માં સિરોમપોરના પ્રેસમાં ૧૦૦૦ નકલો છાપવામાં આવી. જે ભાષા તેમાં વાપરવામાં આવી હતી તે આખા પ્રદેશમાં વપરાતી ન હતી. આખરે તે અનુવાદ બિનઉપયોગી સાબિત થયો.

તે સમયમાં મિશનેરી કાર્યમાં છાપકામ એ સૌથી ખર્ચાળ ગણાતું હતું. છાપકામનું કામ ફક્ત મુંબઈમાં જ થતું હતું. તે સમયમાં રોજની ટપાલ પણ આવતી નહોતી. ઘણીવાર અઠવાડિયા સુધી પણ ટપાલ આવતી ન હતી. છાપકામમાં પ્રુફ રીડિંગ ઘણું ધીમું હતું. છાપકામની ભૂલોની તપાસનું કાર્ય (પ્રૂફ રીડિંગનું કાર્ય) કરતા એક મહિનાનો સમય પણ લાગતો હતો. મુંબઈમાં એવી ઝડપી વ્યવસ્થા હતી કે જે છ થી આઠ મહિનામાં છાપકામનું કાર્ય કરી આપતા હતા. આ બધી બાબતોને ધ્યાનમાં લેતા "ધી લંડન મિશનેરી સોસાયટીએ"એ ૧૮૨૦માં સૂરતમાં પ્રેસની શરૂઆત કરી. હવે ગુજરાતી છાપકામનું કાર્ય તમે ત્યાં જ સ્થળ પર કરી શકો તેવી સગવડતા થઈ.

❊

# 3 સુવાર્તા અને શિક્ષણ ક્ષેત્રે કાર્ય

## ધી બ્રિટીશ અને ફોરેન બાઇબલ સોસાયટીની મુંબઈ ઓક્ઝિલીયરીની સ્થાપના અને અનુવાદનું કાર્ય :

કાર્યને વધુ આવેગવાન અને સરળ બનાવવાના કાર્યમાં મદદરૂપ થઈ શકે તેવી વ્યવસ્થા શરૂ થઈ. ધી બ્રિટીશ અને ફોરેન બાઈબલ સોસાયટીની મુંબઈ ઓક્ઝીલિયરીની સ્થાપના ઈ.સ. ૧૮૧૩માં થઈ. હવે નાણાંકિય સહાય વગર છાપકામ કરવું શક્ય ન હતું. તેથી મુંબઈ ઓક્ઝીલિયરી તરફથી ૨૦૦ પાઉન્ડની ગ્રાન્ટ આપવામાં આવી. જે વડે નવા કરારને આઠ ભાગમાં છાપવામાં આવ્યો. જેની એક હજાર પ્રત છાપવામાં આવી. જેને ઈ.સ. ૧૮૨૧માં વેચાણ માટે લોકો સમક્ષ મૂકવામાં આવી.

ઈ.સ. ૧૮૪૨માં રેવ. ક્લાર્કસન, રેવ. જેમ્સ ગ્લાસગો અને રેવ. ફલાવરની એક સમિતિ બનાવવામાં આવીકે જેઓ બાઈબલ સોસાયટીની મુંબઈ ઓક્ઝીલિયરીના આશ્રયે ગુજરાતીમાં અનુવાદનું કાર્ય કરે. સમિતિ નીમ્યાને આઠ વર્ષ સુધી અનુવાદનું કાર્ય એકધારું ચાલુ રહ્યું. ઈ.સ. ૧૮૪૯ અને ઈ.સ. ૧૮૫૦માં સુધારેલી માથ્થીની અને માર્કની સુવાર્તાની આવૃત્તિ સૂરત પ્રેસમાં છાપવામાં આવી.

સાહિત્યનું છાપકામનું કાર્ય આઈરીશ મિશનેરીઓ દ્વારા સૂરતમાં શરૂ કરવામાં આવ્યું. જેની જવાબદારી રેવ. મંટગમરી અને રેવ. સ્પીઅર્સને ઈ.સ. ૧૮૪૭માં સોંપવામાં આવી. જેમની આગેવાનીમાં બીજી બે સુવાર્તાની સુધારેલી આવૃત્તિ ઈ.સ. ૧૮૪૯માં અને ઈ.સ. ૧૮૫૦માં સૂરત પ્રેસમાંથી બહાર પાડવામાં આવી. આપણાં પ્રેસમાંથી બહાર પડેલ આ પ્રથમ સુવાર્તા હતી.

ઈ.સ. ૧૮૬૧માં રેવ. મંટગમરી અને રેવ. ડો. ગ્લાસગોએ જૂના કરારનું છેલ્લું પ્રૂફ રીડિંગ કર્યું. તેના થોડા સમય બાદ નવા કરારનું કાર્ય શરૂ કરવામાં આવ્યું. આ કાર્ય માટે આઈરીશ પ્રેસ્બિટેરીયન મિશનના વિદ્વાન સેવકોએ ઘણી જહેમત ઉઠાવીને કાર્ય કર્યું હતું. જેઓના નામ આ પ્રમાણે છે. રેવ. વિલ્યમ બિટ્ટી, બી.એ., રેવ. જી.ટી. રીઆ, એમ.એ., રેવ. રોબર્ટ ગિલેસ્પી, બી.એ.,

રેવ. જહોન શીલેડી, એમ.એ., અને રેવ. જી. પી. ટેઈલર, એમ.એ., બી.ડી. તેઓએ નવા કરારનું કાર્ય ઈ.સ. ૧૮૮૦માં પૂર્ણ કર્યું.

## સૂરતમાં અંગ્રેજી માધ્યમની શાળા :

સૂરતમાં ઈ.સ. ૧૮૪૦-૪૧માં શાળાની શરૂઆત કરવામાં આવી. જે ખૂબ સારી રીતે ચાલતી માધ્યમિક શાળા હતી. ૧૦૧ વિદ્યાર્થીઓ તેમાં અભ્યાસ કરતા હતાં. (સૂરતની અંગ્રેજી સ્કૂલના પરીક્ષાના અહેવાલને આધારે કે જે ઓકટોબર ૧૮૪૧માં ઓરીએન્ટલ ક્રિશ્ચિયન સ્પેકટેટરમાં છપાયેલ હતો. તેના કાર્યનો આ પ્રથમ અહેવાલ હતો.) જેમાં કેટલાક અંગ્રેજીમાં નિબંધ પણ લખી શકતા હતા. જેઓ પરીક્ષામાં સફળ થયા હતા તેઓ અંગ્રેજી શાળાના વિષયોમાં અને યોહાનની તથા માથ્થીની સુવાર્તામાં પણ સારી રીતે સફળ થયા હતા. પ્રથમ વર્ષની વિદ્યાર્થીઓની કુલ હાજરીમાં ૪૦ થી ૫૦ વિદ્યાર્થીઓ પારસી હતા. ઈ.સ. ૧૮૪૩ના ધી લંડન મિશનેરી સોસાયટીના અહેવાલને આધારે વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૦ની હતી. ધી આઈરીશ પ્રેસ્બિટેરીયન મિશનેરીની દેખરેખ નીચે ઈ.સ. ૧૮૪૭માં વર્નાક્યુલરની કુલ સાત શાળા હતી. જેમાં કુલ ૩૫૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. ★

## સૂરતમાં પ્રથમ મંડળીની સ્થાપના :

પોરબંદરમાં જે થોડા લોકો સુવાર્તા દ્વારા ખ્રિસ્તમાં ઉમેરાયા હતા તેઓને રાણાએ સલામતી પૂરી પાડવાની ખાત્રી આપી. જે તેમણે નવા વિશ્વાસીઓની માટે સલામતી પૂરી પણ પાડી. પ્રશ્નો અને વિવાદને ટાળવા તેઓને સૂરત લાવવામાં આવ્યા. જયાં એક નાની ખ્રિસ્તી મંડળી સ્થાપવામાં આવી. આની જવાબદારી રેવ. મંટગમરીને સોંપવામાં આવી. શ્રીમતી મંટગમરીએ સામાજીક સ્તરે નવા ખ્રિસ્તીઓની સેવા કરી. આ સમયમાં રાજકોટ, ઘોઘા અને સૂરતનું કાર્ય વધુ આગેવાન બન્યું હતું.

## પ્રથમ ગીતોનું પુસ્તક :

આ દિવસોમાં ટ્રાકટનું પણ છાપકામ કરવામાં આવ્યું. ગુજરાતમાં પચાસ ગીતો (તેના રાગ અને માળખા વગેરેને ધ્યાનમાં રાખીને) છાપવામાં આવ્યા. આ માટે રેવ. જેમ્સ ગ્લાસગોએ અથાગ પરિશ્રમ ઉઠાવ્યો હતો. ઉપરાંત, જુદા જુદા સંસ્કારો માટેના શિક્ષણના નાના પુસ્તકોનું ગુજરાતીમાં અનુવાદ કર્યો.

---

★ પ્રેસ્બિટેરીયન હેરલ્ડનો અહેવાલ, ઓગસ્ટ ૧૮૪૭.

---

## આયરીશ દુકાળની દાન પર અસર :

આર્યલેન્ડમાં ઈ.સ. ૧૮૪૫ અને ઈ.સ. ૧૮૪૬માં બટાકાની ખેતી નિષ્ફળ ગઈ હતી. જેની અસર ઈ.સ. ૧૮૪૭ અને ઈ.સ. ૧૮૪૮માં રહી. જેના પરિણમે દુષ્કાળની અસર જણાવા લાગી. જેની અસર આર્યલેન્ડના અર્થતંત્ર પર પણ પડી. જેની અસર ભારતમાંના મિશનેરી કાર્ય પર પણ પડી.

## ડૉ. મોર્ગનનો પત્ર :

આવી દુષ્કાળની પરિસ્થિતિમાં ફોરેન મિશન બોર્ડના કન્વીનર ડૉ. મોર્ગને પોતાના મિશનેરી ભાઈઓ કે જેઓ ભારતમાં હતા તેમની આગળ પત્ર દ્વારા દહેશત વ્યક્ત કરી. તેમણે આ પ્રમાણે લખ્યું હતું, “મને એ બાબતનો ભય દેખાય છે કે, આપણે આપણા બજેટને મર્યાદિત કરવું પડશે. દેશની પરિસ્થિતિ ખૂબ જ નાજૂક છે. જો ઈશ્વર આપણા પર પ્રસન્ન ન થાય તો મને મુશ્કેલી દેખાય છે. તમે કદાચ નહિ અનુભવી શકો પરંતુ આખો દેશ ગરીબાઈમાં આવી પડયો છે. ગયા વર્ષે આપણી એકસો કરતા વધારે મંડળીઓ તેના પાળકોને વાર્ષિક ૩૫ પાઉન્ડ પણ આપી શકી ન હતી. જો આ વર્ષે ૨૦૦ મંડળીઓ તેના પાળકોનું પોષણ નહીં કરી શકે તો મને આશ્ચર્ય નહિ થાય. ગયા વર્ષે શહેરો ગામડા કરતા વધારે સારી સ્થિતિમાં હતા. હવે તેઓ વધારે ખરાબ સ્થિતિમાં આવી ગયા છે. આવી ચિંતાનજક પરિસ્થિતિમાં મિશનેરી કાર્ય માટેનું ભંડોળ મળી રહે તે જોવાનો હું પ્રયત્ન કરી રહ્યો છું.

## ધારણા કરતાં વધુ દાન મળ્યું :

ઉપરોક્ત જણાવેલ પરિસ્થિતિ અને સમયમાં પણ લોકો અને મંડળીઓ તરફથી ઉદારતાથી દાન મળ્યા. ઈ.સ. ૧૮૪૬માં સામાન્ય મંડળી તરફથી ૨૦૨૩ પાઉન્ડ દાન મળ્યું. જે સામાન્ય કરતા વધારે છે. ઈસ. ૧૮૪૭માં જે ઘટીને ૧૭૩૯ પાઉન્ડ દાન મળ્યું. ઈ.સ. ૧૮૪૮માં દાનમાં વધારો થયો જે ૧૭૬૨ પાઉન્ડ હતું. ઈ.સ. ૧૮૪૯માં ૧૮૧૭ પાઉન્ડ દાન મળ્યું. ઈ.સ. ૧૮૫૦માં છેલ્લા પાંચ વર્ષના તમામ દાન કરતાં સૌથી ઓછું દાન મળ્યું જે ૧૬૫૧ પાઉન્ડ હતું. જ્યારે ૧૮૪૬માં ૨૦૦૦ પાઉન્ડ હતું.

ઈ.સ. ૧૮૪૦ થી ઈ.સ. ૧૮૫૦ સુધીના દસ વર્ષ દરમિયાન કોઈ ઊપજ થઈ નહિ અને દુષ્કાળની પરિસ્થિતિ પ્રવર્તતી હતી તે દરમિયાન તમામ દાનો અને વધારાના દાનો થઈને ૩૦,૦૦૦ પાઉન્ડ થયા.

## ભારતીય શિક્ષણ ફંડની સ્થાપના :

ઈ.સ. ૧૮૫૧માં ૨૫,૦૦૦ પાઉન્ડનું એક ફંડ શરૂ કરવામાં આવ્યું. આ માટે કાઠિયાવાડની પ્રેસ્બિટેરી, ડો. વિલ્સન (મુંબઈ) અને ડો. ડફ (કલકત્તા)ની સાથે પરામર્શ કરી, તેઓની સલાહ લઈને એક ફંડની સ્થાપના કરવામાં આવી. જે નાણાં વર્નાક્યુલર અને હાઈસ્કૂલના શિક્ષણને માટે વાપરવામાં આવે. આ ફંડ અત્યારે પણ અસ્તિત્વમાં છે. (રેવ. ડો. ગ્લાસગોના દીકરા રેવ. જેફરીએ ગુજરાત અને કાઠિયાવાડની મંડળીનો ઈતિહાસ, જે પહેલાં પચાસ વર્ષનો છે તે લખ્યો તેના આધારે પૂ. ૧૩૪).

## શાળાઓ - સુવાર્તાનું માધ્યમ :

શાળાઓના કાર્ય દ્વારા મુંબઈ, બંગાળ અને મદ્રાસ પ્રેસિડન્સીમાં ઘણાં બધાના જીવનોનું બદલાણ થયું છે. ભારતમાં શિક્ષણના ત્રણ ઉદ્ભવ સ્થાન છે (૧) સરકાર- જ્યાં કોઈ ધર્મનું શિક્ષણ અપાતું નથી. (૨) સ્થાનિક અન્ય શાળાઓ : જ્યાં હિન્દુ ધર્મનું અથવા પારસી ધર્મનું અથવા મુસ્લિમ ધર્મનુ શિક્ષણ આપવામાં આવે છે. (૩) મિશનેરી શાળા - ખ્રિસ્તી શિક્ષણ આપવામાં આવે છે. મિશન સંસ્થા જ એક એવી સંસ્થા છે કે જ્યાં આ પ્રકારનું શિક્ષણ અપાય છે. સૂરતમાં અપાતા શાસ્ત્રના શિક્ષણના વર્ગની તપાસ કરતા અને અમદાવાદની શાળામાં અપાતા શાસ્ત્ર શિક્ષણની તપાસ કરતા અને એ જ રીતે ફ્રિ ચર્ચ હાઈસ્કૂલ, પૂના અને પ્રિન્સિપાલ રેવ. જે. એસ. બ્યુમોન્ટ, એમ.એ.ની આગેવાનીમાં ચાલતી શાળામાં તપાસ કરતાં જણાયું કે તમામ બિનખ્રિસ્તી વિદ્યાર્થીઓએ સુવાર્તા આધારીત પ્રશ્નોના તમામ જવાબ આપતા હતા. શાબ્બાથશાળામાં આવતા તમામ બિનખ્રિસ્તી બાળકો સુવાર્તા આધારિત પ્રશ્નોના ઉત્તર આપી શકતા ન હતા. કલકત્તાની ફ્રિ ચર્ચ હાઈસ્કૂલ અને પ્રિન્સિપાલ મિલરની આગેવાની વાળી મદ્રાસ ક્રિશ્ચિયન કોલેજમાં પણ ઉપર જેવા જ પરિણામો મળ્યા હતા. આ બાબત ભારતના ભવિષ્યની આશા દેખાડે છે.

## આધુનિક શિક્ષણે સૂરતમાં આપણાં પ્રેસના કાર્યને અસર પહોંચાડી :

જોગાનુજોગ શિક્ષણક્ષેત્રે ક્રાંતિ આવી જેના પરિણામે બહારથી પ્રેસનું કાર્ય શરૂ કરવાની માગ ઊભી થઈ. જેની અસર ગુજરાતાં સુવાર્તાના કાર્યની શરૂઆત પર પણ પડી.

સુવાર્તાના કાર્ય અને જીવનમાં ૧૮૪૭થી સૌથી મોટી અસર કરનારી બાબત

બની તે તો સૂરતમાં પ્રેસનું કાર્ય હતું. ધી લંડન મિશનરી સોસાયટી પાસેથી તમામ રીતે સજ્જ એવી વ્યવસ્થાવાળું પ્રેસ મળ્યું હતું. શ્રી રોબર્ટ યંગ નામના વ્યક્તિની નિમણૂંક આ પ્રેસ ઉપર કરવામાં આવી. જેઓ માનનીય પ્રકાશક અને પુસ્તકોનું વેચાણ કરનાર તરીકે પ્રખ્યાત હતા. જેમની ૧૭ ડિસેમ્બર ૧૮૫૬ના રોજ સૂરત પ્રેસ માટે નિમણૂંક કરવામાં આવી. તેઓ શ્રીમતી યંગ સાથે ભારત આવવા નીકળ્યા. તેઓની નિમણૂંક એ આનંદનું કારણ હતી. તેઓને પ્રેસના સુપ્રિટેન્ડેન્ટ તરીકે નિમવામાં આવ્યા હતા. તેમની આગેવાનીમાં પ્રેસનો વિકાસ થયો. પોતાના સૂરતમાંના પાંચ વર્ષના કાર્યને અંતે શ્રી રોબર્ટ યંગ નિવૃત્ત થયા અને પાછા એડીનબરો ગયા. તેમના કાર્યભાર દરમિયાન પ્રેસના વિકાસ માટે ચાર વર્ષ સુધી દર વર્ષે ૨૯૦ પાઉન્ડ ખર્ચ્યા હતા. ૧૮૬૫માં તેમણે બચત તરીકે સુવાર્તાના કાર્ય માટે ૭૦૦ પાઉન્ડ રાખ્યા હતા. સુવાર્તાના કાર્ય માટે ત્યારબાદ નાણાંનો વધારો થયો હતો.★

તેમના અધિકાર નીચે વિસ્તૃત ટ્રાક્ટ અને પુસ્તકોનું કાર્ય તો કરવામાં આવ્યું. પરંતુ ગુજરાતી નવા કરારની સુધારેલી આવૃત્તિ પણ તૈયાર કરવામાં આવી. જે ૬૦૦૦ જેટલી હતી. ગુજરાતી જૂના કરારની સુધારેલી આવૃત્તિ પણ ૬૦૦૦ જેટલી તૈયાર કરવામાં આવી. ઉપરાંત તેઓએ મૂળ હિબ્રૂમાંથી કાળવૃત્તાંતના બંને પુસ્તકોનો અનુવાદ કર્યો. તેઓ બાહોશ અને મહેનતુ વ્યક્તિ હતા. તેઓ સારી સાક્ષી ધરાવતા હતા. ભાષા પરનું તેમનું પ્રભુત્વ ખાસ ધ્યાન ખેંચે તેવું હતું. તેઓ વ્યવહારું વ્યક્તિ હતા. તેઓની પાસે ડોકટર ઓફ લિટરેચરની ઉપાધી હતી. તેઓ મોટા કદના હિબ્રૂ કોન્કોરડન્સના લેખક હતા. આ ઉપરાંત તેઓએ હિબ્રૂ અને ગ્રીક ભાષામાં કેટલુંક લખાણ કર્યું હતું.

## બાર મહિનામાં ત્રેંસઠ બાપ્તિસ્મા :

વડોદરામાં પોતાના કાર્યના બાર મહિના થયા હતા તેવા સમયમાં ત્રેંસઠ વ્યક્તિઓને બાપ્તિસ્મા આપ્યા હતા. જેમાંથી છપ્પન પુખ્ત ઉંમરના હતા.

## રેવ. જે. વી. એસ. ટેલર :

દરકે કાર્યમાં આનંદની સાથે દુ:ખનો સમય પણ સંકડાયેલો હોય છે. ઈ.સ. ૧૮૪૬માં રેવ. ફ્લાવર ઇંગ્લેન્ડ પાછા ગયા. તેમના સ્થાને રેવ. ક્લાર્કસનની સાથે નમ્ર એવા રેવ. જોસેફ વાન સોમેરન ટેલર જોડાયા હતા. રેવ. ટેલર ધી લંડન સોસાયટીના પ્રખર અને સમર્પિત મિશનરીના દીકરા હતા. તેમનો જન્મ તામિલ

★ ડો. મોર્ગનના રિપોર્ટને આધારે

પ્રદેશ (દેશ)ના બેલારીમાં થયો હતો. આ સમયે તેમના માતાપિતા ત્યાં મિશનરી તરીકે સેવા કરતા હતા. બાલ્યાવસ્થામાં રેવ. ટેલરને પોતાના દેશમાં અભ્યાસ માટે મોકલવામાં આવ્યા. તેઓ ગ્લાસગો યુનિવર્સિટીના વિદ્યાર્થી બન્યા. જ્યાંથી તેમણે બી.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી. ત્યારબાદ ઈશ્વરવિદ્યાના અભ્યાસ માટે લંડનની એક કોન્ગ્રીગેશનલ કોલેજમાં ગયા. તેઓની દીક્ષા ઈ.સ. ૧૮૪૫માં થઈ હતી. ત્યારબાદ ધી લંડન મિશનની મદ્રાસ શાળામાં તે વર્ષે જોડાયા. ઈ.સ. ૧૮૪૬માં તેઓની બદલી વડોદારા મુકામે કરવામાં આવી.

※

# 4 બીજા સ્થળોમાં કાર્ય

**બોરસદની શરૂઆત અને મુશ્કેલી :**

વડોદરાના બીજા રિપોર્ટમાં આપણે બોરસદ વિશેની માહિતી જોઈએ છીએ. આ નાનો ઉલ્લેખ છે. જો કે નાનો ઉલ્લેખ છે છતાં મહત્ત્વનો ઉલ્લેખ છે. જે પાછળથી નાનું બી મોટું વૃક્ષ બન્યું. બોરસદમાં પાંચ કુટુંબોને વસાવાયા. જેમાં બધા મળીને અઢાર વ્યક્તિઓની સંખ્યા હતા. તેઓનો વ્યવસાય એ ખેતીનો હતો. તેઓને સરકારી જમીન ખેડવા આપી.

આ તબક્કાથી બરોડા નામ રદ થયું અને તેની જગ્યાએ મહિકાંઠા નામ રાખવામાં આવ્યું. બરોડામાં ઘણી મુશ્કેલીઓ હતી. રેવ. કર્લાકિસન અને રેવ. ટેલરે મહિકાંઠાના કિનારે આવેલ દેવાણ ગામમાં રહેવા જવાનું નક્કી કર્યું. ગાયકવાડની હકુમતમાં શૈક્ષણિક કાર્ય કરવું એ ઘણું મુશ્કેલ હતું. આ ભાઈઓ દ્વારા શાળાની શરૂઆત કરવામાં આવી. પરંતુ એક જ પખવાડિયામાં રાજા તરફથી તેને ખાલસા કરવામાં આવી. આમ ઘણી મુશ્કેલીઓ નડતા તેઓએ પોતે દેવાણ રહેવાનું નક્કી કર્યું. જ્યાં આસપાસ નવા બનેલા ખ્રિસ્તીઓ પણ હતા. દેવાણમાં મિશન બંગલો પણ બાંધ્યો. આ સુંદર રમણિય એવી જગ્યા હતી. જ્યાંથી મહી નદીને જોઈ શકાતી હતી. આ રીતે મૂળ નામ તરીકે મહીકાંઠા મિશન નામ આપવામાં આવ્યું.

શ્રીમતી ટેલર બોરસદમાં ગુજરી ગયા હતા. તેઓ ઉત્સાહી અને સમર્પિત ખ્રિસ્તી કાર્યકર હતા. મિશન કાર્ય માટે બળ પૂરું પાડનાર હતા.

ઈ.સ. ૧૮૫૧માં રેવ. કલાર્કસન વતનથી પાછા ભારત આવ્યા. બોરસદની ખાસવાડી ગામની જગ્યા સરકાર પાસેથી ભાડે રાખવામાં આવી. દેવાણમાં છાત્રાલય શાળા શરૂ કરવામાં આવ્યું. જેમાં વીસ બાળકો રહીને અભ્યાસ કરતા હતા. આ છાત્રાલયમાં જુદી જુદી જ્ઞાતિના બાળકો હતા. પછાત છોકરીઓ કોળી છોકરાઓ સાથે પરણ્યા. એવી જ રીતે કણબી અને પાટીદારના લગ્નો થયા. રેવ. ટેલરે હવા ઉજાસવાળું મિશનનું મકાન બોરસદમાં બાંધ્યું. બોરસદમાં પરાના લોકો ખેતીવાડીનું કામ કરતા હતા.

## મુશ્કેલ સંજોગો :

એક પ્રસંગે રેવ. ટેલરને મેજીસ્ટ્રેટ પાસે જવાની જરૂર પડી. જે વ્યક્તિઓ આંતક મચાવતા હતા તેમને પકડવામાં આવે કે જેથી શાંતિ સ્થપાય. બીજો એક પ્રસંગ હતો કે જ્યારે બોરસદમાં પ્રથમ કોળીનું બાપ્તિસ્મા થયું. કોળી જ્ઞાતિના ચારસો વ્યક્તિઓ તેમની તલવારો સાથે ઘસી આવ્યા. બાપ્તિસ્માના સંદર્ભમાં ભય અને આતંક ફેલાવવા માગતા હતા. બ્રિટિશ શાસનને લીધે આ હુમલાના નુકસાનથી ખાસીવાડી ગામનો બચાવ થયો. તે સમયથી ખ્રિસ્તી વ્યક્તિઓ પોતાનું માથું ઊંચું કરીને જીવી શકતા હતા. જ્યારે બીજી તરફ સ્થાનિક વ્યવસ્થાના અધિકારીઓ, વેપારીઓ, કારીગરો અને મજૂરો ખ્રિસ્તી બનેલા લોકોનો બહિષ્કાર કરવા લાગ્યા. એટલે સુધી કે તેઓને ગામના કૂવા પરથી પાણી પણ ભરવા દેતા ન હતા.

એક સમયે સુવાર્તિક દેસાઈને ધમકી આપવામાં આવી હતી કે તેઓને કોઈક કારણોસર એક વાર પોતાના ઘરમાં કામને લીધે વાર થઈ. જો કે તેમને ઘરે જવાનું હતું. પરંતુ કામને લીધે મિત્રોના ઘરે રોકાઈ ગયા.

કોળી જાતિના લોકોને હથિયાર રાખીને ફરવાની છૂટ હતી. આ જાતિ તે સમયમાં જંગલી અને જોખમ ઉભું કરે તેવી લાગતી હતી.

(ઉપરોક્ત બનાવમાં સુવાર્તિક દેસાઈએ પોતાના બદલે પોતાના નોકરને મોકલવા નક્કી કર્યું. નોકર દરવાજા પાસે ઊભો હતો તેવામાં જ સુવાર્તિક દેસાઈ છે તેમ સમજીને તેને ઝેરવાળી તલવાર મારી દીધી. પરિમામે તેનું થોડા દિવસમાં મૃત્યું થયું.

આ સમયોમાં સુવાર્તિક ગંગારામને પણ વારંવાર વિકાસ પામતી ખ્રિસ્તી અસરને લીધે દેવાણ અને બોરસદ પાછા ફરતી વખતે (જ્યારે એ દૂરના વિસ્તારોમાં હોય ત્યારે) રાત્રે પણ ચાલતા આવવું પડતું હતું. આવું ભય રેવ. જોસફ ટેલરને માટે પણ હતું. ઝેર પીવડાવેલી તલવાર અંધકારમાં પણ પોતાના નિશાન માટે ચોક્કસ હોય છે કે જે કોઈની પણ તરફદારી ન કરે અને પોતાનું કામ પૂરું કરે (આ સત્ય રિપોર્ટ રેવ. કર્લાકસનને ધી ઓરીએન્ટલ ક્રિશ્ચિયન સ્પેકટેટરમાં પ્રસિદ્ધ કર્યો હતો. રેવ. જોસફ ટેલરે સ્વયં આ વાત કરી હતી).

## મહીકાંઠાના કાર્યનો વિકાસ :

મહીકાંઠા મિશનનો પાંચમો રિપોર્ટ જે ઈ.સ. ૧૮૫૩માં રજૂ થયો હતો. જેમાં ઉત્તેજન દાયક વિધાનો કરવામાં આવ્યા હતા. જેમાં કાર્યના બે ભાગોનું વર્ણન

કરવામાં આવ્યું હતું. એક નદીની ઉત્તરના ભાગમાં બોરસદ અને બીજું નદીની દક્ષિણે જે લુસરના કાર્યનું વર્ણન કરવામાં આવ્યું હતું. છાત્રાલયમાં સંખ્યાની દષ્ટિએ વધારો થયો છે. અને કાર્યદક્ષતાની દષ્ટિએ પણ વધારો થયો છે. મહીકાંઠાની ઉત્તરે અને દક્ષિણે થઈને તેઓની સંભાળ નીચે ૧૩૭ની સંખ્યા હતી. જેમાં ૮૬ બદલાણ પામેલા બાપ્તિસ્મી હતા અને ૫૧ બાપ્તિસ્મા પામ્યા વગરના હતા.

## ધાર્મિક માણસો તરફથી બોરસદમાં મુશ્કેલી :

બોરસદમાં બધું બરાબર ચાલી રહ્યું હતું. તેવામાં ધાર્મિક માણસો તરફથી પ્રશ્ન ઊભો કરવામાં આવ્યો. છ વર્ષ સુધી ખ્રિસ્તીઓ અને અન્ય ધાર્મિક વ્યક્તિઓ વેપારી મહાજન અને જુદા જુદા કારીગરો વચ્ચે સારો સંબંધ હતો. સારી જ્ઞાતિમાંથી થયેલા ખ્રિસ્તીઓએ દુકાન ખોલવાનો વિચાર કર્યો ત્યારે, હિન્દુ સમાજના ધાર્મિક વ્યક્તિઓએ અને વેપારીઓએ વિરોધ કર્યો. તેઓનું કહેવું હતું કે તેમણે પોતાની પછાત જ્ઞાતિના લોકો અને અન્ય પછાત વર્ગના લોકો માટે ખોલવી જોઈએ. એટલે કે તેઓ બીજી સારી અને ઉચ્ચ જ્ઞાતિના લોકોમાં વેપાર ન કરે. પોતાના વિચારોને વધારે મજબૂત કરવા માટે તેઓએ મુસ્લિમ સાથે જરૂર પડે તો તમામ વ્યવહાર બંધ કરવો. આ વિચારોના પરિણામે તેઓએ નવા થયેલા ખ્રિસ્તીઓને માર્યા.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લેતા રેવ. ટેલર અને રેવ. કલાર્કસને કાયદાની જોગવાઈ અનુસાર વેપારી મહાજનના વડા હરી ગોવિંદ અને તેમની સાથેના બીજા સત્તર વ્યક્તિઓ પર કેસ દાખલ કર્યો. આ કેસ અમદાવાદમાં ચલાવવામાં આવ્યો. પંદર વ્યક્તિઓને ત્રણ, ચાર અને છ માસની જેલની સજા થઈ.

*

# 5 મિશનેરીઓનું સેવાકાર્ય

### કાર્યનો વિકાસ :

ત્યારપછીના વર્ષોમાં કાર્યનો વિકાસ થયો. દેશી સુવાર્તિક ગંગારામ દેસાઈ, ગીરધર અને વાલજીએ બાર બાર મુસાફરી સુવાર્તાના પ્રચાર માટે કરી. ૧૦૦ પાઉન્ડની કિંમતના પુસ્તકોનું વેચાણ કર્યું.★

### ભીલ લોકોની મુલાકાત :

સૌ પ્રથમ વાર તે વર્ષે ભીલ પ્રદેશની મુલાકાત લેવામાં આવી. એવો અહેવાલ રજૂ થયો છે કે જંગલમાં વસતી પ્રજા તેઓનું જીવન અને તેઓનું વ્યક્તિત્વ રસ પેદા કરે તેવા છે.

### જંબુસરનું કાર્ય :

રેવ. કોરબોલ્ડે જંબુસરમાં મિશન બંગલાનું બાંધકામ કર્યું. ત્યાંનું શાળાનું તમામ તથા અન્ય કામ અને બોરસદમાનું કાર્ય સંતોષજનક રીતે ચાલી રહ્યું હતું.

### કાર્યની સોંપણી :

હવે ધી લંડન મિશન સોસાયટીએ પોતાના મહીકાંઠા મિશન કાર્યને અલવિદા કહેવાનો સમય આવ્યો. ઈશ્વરની દોરવણી અને તેના સામર્થ્યવાન હાથ નીચે આ કાર્ય સફળ બન્યું હતું. આ કાર્ય માટે રેવ. ફલાવર, રેવ. કલાર્કસન અને રેવ. ટેલર અને રેવ. કોરબોલ્ડે બાર વર્ષ સુધી આ વિસ્તારમાં ઉમદા અને નોંધપાત્ર કાર્ય કર્યું હતું. આ ટૂંકા ગાળામાં આ સમર્પિત વ્યક્તિઓનો પરિશ્રમ આત્મિક અને ભૌતિકવાનાના સંદર્ભના પરિણામે અજાયબ પરિણામ આવ્યું હતું. આ ભવ્ય વારસો હવે બીજી સંસ્થાના હાથમાં મૂકવામાં આવ્યો. આ સંસ્થા તો ધી આયરીશ પ્રેસ્બિટેરિયન ચર્ચ હતી. આ તમામ વ્યવસ્થા સંપૂર્ણપણે મફત આપવામાં આવી હતી. (by absolutely free transfer!) આ રીતે જોઈએ તો દેવાણ, જંબુસર અને બોરસદની તમામ મિલકત ધી આઈરીશ પ્રેસ્બિટેરિયન ચર્ચને ધી લંડન મિશન

---

★ મહિકાંઠા મિશનના ઓરિએન્ટલ ક્રિશ્ચિયન સ્પેકટેટર, પૃ. ૨૬૩-૨૬૯, મુંબઈ ઈ.સ. ૧૮૫૬ના આધારે.

સોસાયટી તરફથી મફત આપવામાં આવી.

આ કાર્ય જે તબદીલ કરવામાં આવ્યું તે નિષ્ફળ ગયેલું ન હતું. પરંતુ વિકાસ પામતું કાર્ય હતું. તેઓએ ધી આઈરીશ ચર્ચને વિકાસ પામતું સુવાર્તાનું કાર્ય, મકાનો, જમીનો અને નવા થયેલા ખ્રિસ્તીઓ આપ્યા. આ તમામ તબદીલીનું કાર્ય ઈ.સ. ૧૮૫૯ના અંત સુધી પૂર્ણ કરવામાં આવ્યું. ઈસ. ૧૮૬૦ની શરૂઆતથી ધી આઈરીશ પ્રેસ્બેટેરીયન મંડળીએ તેઓના પ્રત્યેની પોતાની જવાબદારી શરૂ કરી દીધી.

રેવ. જે. વી. એસ. ટેલરે ધી લંડન મિશન સોસાયટીમાંથી છુટા થવાની અને ધી આઈરીશ પ્રેસ્બિટેરિયન ચર્ચમાં જોડાવાની પરવાનગી માગી. આ માટે તેમને પરવાનગી આપવામાં આવી. તેઓને બેલફાસ્ટ પ્રેસ્બિટેરી દ્વારા સ્વીકારવામાં આવ્યા. તેઓની ગુજરાતમાંજ નિમણૂંક કરવામાં આવી. તારીખ ૨૬ નવેમ્બર ૧૮૫૯ના રોજ.તેઓની નવા કામ પર નિમણૂંક કરવામાં આવી. આર્યલેન્ડથી ભારત આવીને તમણે બોરસદનો ચાર્જ તારીખ ૧૪ માર્ચ ૧૮૬૦ના રોજ લીધો હતો. આ ચાર્જ તેમણે રેવ. મંટગમરી પાસેથી લીધો હતો.

## મિલકતોની કિંમત :

દેવાણમાંની મિલકત આ પ્રમાણે હતી. ત્યાં મિશન બંગલો હતો, છ ઘરની એક લાઈન હતી. શિક્ષકોના મકાનો, ગામમાં એક મકાન હતું. અને દેવાણના ખ્રિસ્તીઓ માટે જમીન હતી.

જંબુસરની મિલકત આ પ્રમાણે હતી. એક મિશન બંગલો હતો અને જમીનનો એક નાનો ટુકડો હતો.

ખાસીવાડીની મિલકત આ પ્રમાણે હતી. એક સુંદર હવા ઉજાસવાળો બંગલો, ચાર લાઈનમાં થઈને છવીસ મકાનો હતા, એક ચોરો, લોકો માટેનો હોલ, ગામમાં એક પુસ્તકની દુકાન, નાની વસાહત માટે પૂરતી થઈ રહે તેટલી જમીન હતી.

ઉપરોક્ત ત્રણેય વિસ્તારની ધી લંડન મિશન સોસાયટી દ્વારા આંકવામાં આવેલી કિંમત આ પ્રમાણે છે : દેવાણની મિલકતની કિંમત છસ્સો પાઉન્ડથી વધારે, જંબુસરની આશરે ચારસો પાઉન્ડ અને બોરસદની એક હજાર પાઉન્ડ અથવા બધી મળીને બે હજાર પાઉન્ડ.

આ ઉપરાંત ત્યાં વર્નાક્યુલર શાળા પણ હતી. જેમાં ચાલીસ વિદ્યાર્થીઓની હાજરી રહેતી હતી. મંડળીના બાપ્તિસ્મી સભ્યોની સંખ્યા એકસો ત્રીસ કરતા વધારે હતી. ત્રણ સ્થાનિક સુવાર્તિક હતા. જેઓના નામ આ પ્રમાણે છે : શ્રી ગંગારામ,

શ્રી દેસાઈ અને શ્રી. ગીરધર તેઓની સાથે શાળાના શિક્ષકો પણ જોડાતા હતા.

## જૂનું ગામ બોરસદ

બોરસદ એ ઘણું જૂનું છે. તે સુંદર ગામ હતું અને તેની કેટલીક પડી ગયેલા દીવાલો વચ્ચે દરવાજા જોવા મળે છે. આ બધું ગામના સુંદર રસ્તાઓ પરથી જોઈ શકાય છે.

ગામમાં એક રૂમ હતી. જ્યારે આ પરાંની શરૂઆત થઈ ત્યારે પ્રથમ પ્રભુભોજન ગામની એ રૂમમાં પાળવામાં આવ્યું હતું.

ખાસીવાડી એ ખરેખર ગામમાં આવી નથી પરંતુ ગામની દીવાલની બહાર આવેલ છે. આ ખાસીવાડી એ સ્વચ્છ હતી. દેખાવમાં એક નાના ગામડાં જેવી હતી. જેના રસ્તા આ બધું સદ્ધર વડીલોની છત્રછાયા નીચે સલામત હતું. સાંજ પડે, સાંજનું ભોજન કર્યા બાદ વડીલો સાંજની પ્રાર્થનાનો ઘંટ વાગે તેની રાહમાં હૂકો ગગડાવતા હતા. આ પ્રાર્થના સભા પાસેના મિશનના મકાનમાં થતી હતી. ચારેય લાઈનના મકાનો એકદમ સ્વચ્છ હતા, તેનો ચોરો, તેનું શાળાનું મકાન, અનાથાલય, મિશનના મકાનો, ઝનાનાના મકાનો, તેના દેવળનો દેખાવ આ બધું આનંદ પમાડે તેવી જગ્યા હતી. હિન્દુ ગામડાઓ કરતાં તે અલગ તરી આવે તેવું હતું.

## પ્રભુમંદિરનું બાંધકામ :

જ્યારે આ કાર્યની સોંપણી કરવામાં આવી ત્યારે ત્યાં પ્રભુમંદિર ન હતું. પ્રભુમંદિર ઈ.સ. ૧૮૬૧ થી ૧૮૬૩ની વચ્ચે બાંધવામાં આવ્યું. આ માટેનો ખર્ચ મેજર રોબર્ટ વોલેસે આપ્યો હતો. તેઓ બરોડામાં ગાયકવાડની કોર્ટમાં બ્રિટિશ સરકારના પ્રતિનિધિ હતા. તેમણે દેવળનું તમામ કાર્ય દરેક રીતે સારું થાય તેવો આદેશ આપ્યો હતો. જેના પરિણામે દેવળ ચારસો સ્કવેરનું બનાવવામાં આવ્યું. સ્થાનિક પ્રણાલિકા પ્રમાણે તને આડી વિંગ પણ આપવામાં આવી. આ પ્રભુમંદિરનું સ્થળ તે ખ્રિસ્તી ગામ અને મિશન હાઉસની વચ્ચે આવેલું છે. આસપાસ બીજી વ્યવસ્થા પણ છે. આમ, આ આખું દશ્ય એ ધ્યાન ખેચેં તેવું છે. બોરસદમાં ખ્રિસ્તી જીવનને લગતી બાબતો અને ખ્રિસ્તી ગુણો ખાસ રીતે જોવા મળે છે.

## અમદાવાદ :

સૂરત અને અમદાવાદની સરખામણી થઈ શકે તેમ નથી. સૂરતમાં પશ્ચિમની અસર વિશેષ જોવા મળે છે. જ્યારે અમદાવાદ એ પૂરાણી અસર હેઠળ છે.

૧૯મી સદીની શરૂઆતમાં અમદાવાદ શિક્ષણની બાબતમાં ભારતના નામાંકિત શહેરોમાનું એક હતું. જયારે ઈ.સ. ૧૮૫૨માં મિશનેરીઓએ તેની મુલાકાત લીધી ત્યારે તેઓએ જોયું કે અમદાવાદમાં અંગ્રેજી માધ્યમની શાળા હતી. છોકરાઓ માટેની ચાર વર્નાક્યુલર શાળાઓ હતી. જેને સરકારનો ટેકો હતો. બે કન્યાશાળાઓ હતી. આ માટે સ્થાનિક વેપારીઓએ રૂ. ૨૦,૦૦૦નું ફંડ ઊભું કર્યું હતું.

રજા પર આર્યલેન્ડ જતા પહેલા ડો. ગ્લાસગોએ અમદાવાદમાં કાર્ય કરવા મજબૂત રજૂઆત કરી હતી. જેને રેવ. મેકીએ ટેકો આપ્યો. આ અંગે કન્વીનરને રજૂઆત કરવામાં આવી ત્યારે ભારતમાં એક એક ખ્રિસ્તી યુવાને (મુંબઈ ગાર્ડિયન, જુલાઈ ૧૮૫૧ના આધારે) કોઈપણ પ્રોટેસ્ટન્ટ સોસાયટી જો આ શહેરમાં મિશન કાર્ય શરૂ કરે તો પોતે (તે વ્યક્તિ) પોતાના તરફથી ૨૦૦ પાઉન્ડનું દાન આપશે. આ દાન આપવાની બાબતની અસર તથા ડો. ગ્લાસગો અને રેવ. મેકીની ભલામણની અસર એ થઈ કે એ એસેમ્બ્લીએ તેની ઈ.સ. ૧૮૫૨ની મિટિંગમાં નીચે પ્રમાણેનો ઠરાવ કર્યો, "ધી મિશન ડાયરેકટરો એવી સૂચના આપે છે કે, ભારતમાં જે મિશનેરીઓ છે તેઓ ડો. ગ્લાસગો દ્વારા જે ભલામણ કરવામાં આવી છે તેને સ્વીકારીને વહેલામાં વહેલી તકે અમદાવાદમાં મિશન કાર્યની શરૂઆત કરે."

એસેમ્બલીએ ઈ.સ. ૧૮૫૨માં કરેલો ઉપરોક્ત ઠરાવ અગિયાર વર્ષ સુધી મિશનની મર્યાદાને લીધે અમલમાં મૂકાયો નહિ.

ડિસેમ્બર ૧૮૬૩માં અમદાવાદમાં કાયમી શરૂઆત કરવામાં આવી. રેવ. મૂરે ડો. મોર્ગનને પત્રમાં આ નવા કાર્ય સંબંધી આ પ્રમાણે લખ્યું કે, "સંપૂર્ણ થયેલ સત્ય."

આ પત્રમાં નવા કાર્યની શરૂઆત કરવા વિશે લખતાં તેઓ જણાવે છે કે, તેનું નામ શાહવાડી છે.

## શાહવાડી :

મહિકાંઠાનું કાર્ય આયરીશ મિશન દ્વારા ઈ.સ. ૧૮૬૦માં સંભાળવામાં આવ્યું. બોરસદનું કાર્ય રેવ. જોસફ ટેઈલરની આગેવાનીમાં ખૂબ વિકાસ પામ્યું. ઈ.સ. ૧૮૬૧માં બોરસદમાંથી લોકોને બીજે વસાવવાનો વિચાર આવ્યો. કારણ કે બોરસદમાં કાર્યનો પુષ્કળ વિકાસ થતા બધાને ત્યાં સમાવવા મુશ્કેલ હતા.

ઈ.સ. ૧૮૬૨માં ૫૦૦ પાઉન્ડમાં નવા કાર્ય માટે જમીન ખરીદવામાં આવી.

આ માટે અમદાવાદ શહેરથી ચાર માઈલ દક્ષિણે ૩૦૦ એકરની જમીન ખરીદવામાં આવી. જયારે આ નવા કાર્યના સંદર્ભમાં તમામ ખર્ચને સામેલ કરવામાં આવ્યો. ત્યારે ૪૦૦ પાઉન્ડથી ૫૦૦ પાઉન્ડ વધારે ગણવામાં આવ્યો. આમાં જમીનની કિંમત, ખેતીને માટે અને ગાડા માટે બળદ, ભેંસ, ગાડા, ખેતીના ઓજારો, લોકો પોતાનું જીવન વ્યવસ્થિત શરૂ કરે માટે બીજી આવશ્યક વસ્તુઓનો ખર્ચ વિગેરે ખર્ચ સામેલ કરવામા આવ્યો. આ માટે ૨૦૦ પાઉન્ડ મિત્ર પાસેથી ઉછીના લેવામાં આવ્યા અને ૨૫૦ પાઉન્ડ નવા થયેલા ખ્રિસ્તીઓએ દાન આપ્યું.

ઓક્ટોબર ૧૮૬૨ની વર્ષાઋતુના અંતે તેર કુટુંબો કે જેમાં બધા મળીને છપ્પન વ્યક્તિઓ થાય તેઓ પોતાના માલસામાન સાથે, પ્રાર્થના સાથે, પ્રભુના આશીર્વાદ તેમના પર આવે તેવા વિશ્વાસ સાથે બોરસદને અલવિદા કરીને નવા સ્થળ તરફ બળદગાડામાં જવા નીકળ્યા. આ નવું સ્થળ તે તો શાહવાડી હતું. નવી જગ્યામાં મકાનો તરત બાંધવામાં આવ્યા. કૂવા ખોદવામાં આવ્યા. ખેતીના ઓજારો મેળવવામાં આવ્યા. આ બધામાં સંસ્થાએ કોઈ પણ પ્રકારનો ખર્ચ કરવો પડયો ન હતો.

ખ્રિસ્તી ગામ માટે બંધારણ બનાવવામાં અવ્યું. આ થયેલા સ્થળાંતરનો અહેવાલ પ્રેસ્બિટેરીની મિટિંગ જે સૂરતમાં મળી હતી તેમાં નવેમ્બરમાં રજૂ કરવામાં આવ્યો. આ પ્રેસ્બિટેરીની થયેલી કાર્યવાહીની મિનિટ્સ ઈ.સ. ૧૮૮૫માં આર્યલેન્ડ રેવ. બીટી દ્વારા રેવ. જેફરી (રેવ. જેમ્સ ગ્લાસગોના દીકરા)ને કહેવામાં આવી. નવા ઘડેલા બંધારણમાં બ્રાહ્મણ પાટીદાર અને પછાતને સમાન ગણી ભાઈઓ તરીકે સ્વીકારવા. આપણે બધા ખ્રિસ્તના શરીરના ભાગ છીએ તેવી રીતે સ્વીકારવા. આ તમામ નીતિનિયમો પ્રેસ્બિટરીના અધિકાર નીચે રહેશે.

બોરસદથી સ્થળંતાર કરીને લોકો શાહીવાડીમાં સ્થિર થયા. જયારે બીજી તરફ માતૃ મંડળી બોરસદમાં બધા મળીને ત્રણ વ્યક્તિઓ બાકી રહ્યા.

**અમદાવાદની જરૂરિયાત :**

અમદાવાદમાં રેવ. મુરના કહેવા પ્રમાણે શાળા શરૂ કરવામાં આવે. આ માટે તેનું યોગ્ય મકાન બાંધવામાં આવે. આ કાર્ય માટે એક સદ્‌ગૃહસ્થ તરફથી ૧૦ પાઉન્ડ દાન મળ્યું હતું. જયારે મુખ્ય ન્યાયાધીશના પત્નીએ આનંદ બજારનું આયોજન કર્યું. આ માટે તેણીએ તેના મિત્રોને આમંત્રણ આપ્યું. જે દ્વારા તેણીએ ૧૦૦ પાઉન્ડ ઊભા કર્યા.

અમદાવાદમાં શાળા શરૂ કરવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખતા ડાયરેકટરોએ

શાળા શરૂ કરી. આ માટે તેઓએ પોતાનો મત સ્પષ્ટપણે જણાવ્યો હતો. શાળા શરૂ કરવાના સંદર્ભમાં તેઓને જણાવ્યું કે, "અંગ્રેજી શીખવાની બાબતમાં હિન્દુઓની સંખ્યા વધતી જાય છે. ૮૦૦ કરતા વધારે બાળકો સરકરી અને ખાનગી શાળામાં અંગ્રેજીનો અભ્યાસ કરી રહ્યા છે. એ ઘણું દુઃખદ છે કે, આપણાં તેજસ્વી વિદ્યાર્થીઓ બીજે અંગ્રેજી શીખવા મળે તે આશયથી આપણી વર્નાક્યુલર શાળા છોડી રહ્યા છે."

ઉપરોક્ત જરૂરિયાત અને દબાણને ધ્યાનમાં લેતા ડાયરેકટરોએ તેમનો હેતુ સ્પષ્ટ કરતા જણાવ્યું કે, "શૈક્ષણિક હેતુસર અમદાવાદમાં મકાન બાંધવામાં આવે. ઉપરાંત એક અથવા વધારે મિશનેરીને રહેવા માટે મકાન બાંધવામાં આવે."

રેવ. મૂરે મકાનની વ્યવસ્થા કરી અને શાળા શરૂ કરવામાં આવી. ૧૨ ઓક્ટોબર ૧૮૬૭ના રોજ આ શાળાની શરૂઆત થઈ. તેમણે ડાયરેકટરને જાણ કરી કે તેમના દફતરે એકસો કરતા વધારે વિદ્યાર્થીઓની નોંધણી થઈ છે.

## મિશનેરીઓની નિવૃત્તી :

ડો. મોર્ગને ઈ.સ. ૧૮૬૩માં એસેમ્બ્લીને રિપોર્ટમાં જણાવ્યું કે રેવ. ડો. જેમ્સ ગ્લાગસો પોતાના કુટુંબની નાદુરસ્તીને કારણે સાઈઠ વર્ષની ઉંમરે નિવૃત થયા છે. રેવ. ડો. ગ્લાસગો ઈ.સ. ૧૮૬૪માં નિવૃત્ત થયા હતા. તેઓ ૨૪ વર્ષના ભારે શ્રમ બાદ નિવૃત્ત થયા. રેવ. મેકિ પણ એક વૃદ્ધ વ્યક્તિ તરીકે પોતાની અને પોતાના કુટુંબની નાદુરસ્તીને કારણે નિવૃત્ત થયા. રેવ. મેકી ઈ.સ. ૧૮૬૫માં નિવૃત્ત થયા. ત્રેવીસ વર્ષની ધીરજપૂર્વક અને વિશ્વાસુપણે સેવા કરી નિવૃત્ત થયા. આ બંને મિશનેરીઓ સમર્પિત હતા. ક્વીનરે તેમને માટે ઘણા ઉમદા શબ્દો કહ્યા હતા. તેઓને માટે કહેવાયું કે તેઓ મંડળી માટે (The mouthpiece of the Church) આપ્તજનો હતા.

તેઓ ભારતમાં મિશનેરી કાર્યમાં જોડાયા ત્યારે તેઓ શારીરિક રીતે, નૈતિક રીતે, અને આધ્યાત્મિક રીતે સક્ષમ હતા. પરંતુ તેઓના વિશ્વાસની ખરી કસોટી ભારતમાં થવાની હતી. પરંતુ તેઓનો વિશ્વાસ ડગ્યો નહિ. એક પણ દિવસ તેઓએ આશા ગુમાવી ન હતી.

## દાનમાં વૃદ્ધિ :

આપવાની બાબતમાં મંડળી વૃદ્ધિ પામી. ઈ.સ. ૧૮૬૪માં મળેલું દાન એ તે સમયનું સૌથી વધારે દાન હતું. તે સાલમાં ૨૫૬૦ પાઉન્ડ દાન મળ્યું હતું. ઈ.સ. ૧૮૬૩નું વધેલું બેલેન્સ સાથે કુલ રકમ ૪૫૦૬ પાઉન્ડ થયું હતું. ઈસ. ૧૮૬૩માં

ઈન્ડિયન એજ્યુકેશન ફંડ અને બેલેન્સની રકમ કુલ ૨૩૧૧ પાઉન્ડ હતી, જે તમામ રકમ મળીને ૪૧૦૫ પાઉન્ડની હતી. જેમાંથી ૨૯૨૮ પાઉન્ડ ખર્ચવામાં આવ્યા. અંતે સિલક ૧૧૭૭ પાઉન્ડની રહી. આ રીતે તે વર્ષની કુલ આવક ૬૬૫૫ પાઉન્ડની હતી. આ રીતે ઈ.સ. ૧૮૬૫માં હાથ પર ૩૨૫૪ પાઉન્ડ રહ્યા.

**દસ વર્ષ સુધી કોઈને મોકલવામાં ન આવ્યા :**

દસ વર્ષ દરમિયાન કોઈ નવી વ્યક્તિને ભારત મોકલવામાં આવી ન હતી. ભારતમાંનું કાર્ય એકધારું ચાલી રહ્યું હતું. જૂના કેન્દ્રો પર શાળાનું કાર્ય અને મંડળીની સભ્ય સંખ્યા વધી રહી હતી. આ સમય દરમિયાન મંડળીના કાર્ય માટે કોઈ નવા વ્યક્તિને મોકલવામાં આવ્યા ન હતા. જોસફ ટેલરને ઈ.સ. ૧૮૬૦માં મોકલવામાં આવ્યા. આ નિમણૂંક અપૂરતી હતી.

**નવા મિશનેરીઓ :**

રેવ. ટોલેરટન લુટોન, વેલ્સ બી.એ. અને રેવ. વિલ્યમ ડિક્ષન એમ.એ., વિદ્વાન હતા. નિર્ણયમાં મક્કમ અને આત્મામાં ઉત્સાહી સેવકો હતો. તેઓને માટે ઈ.સ. ૧૮૬૪ની એસેમ્બલીમાં રજૂઆત કરવામાં આવી.

રેવ. ડિક્ષન જુસ્સાવાળા હતા, પ્રભુના કાર્યને માટે સળગતા, તત્પરતાવાળા હતા અને નિર્ણય શક્તિ ધરાવતા હતા. રેવ. વેલ્સ એટલા જ ઉત્સાહી હતી, આત્મામાં ઓછા સળગતા, માનસિક અને શારીરિક રીતે ઢીલા હતા. છતાં બને સેવકો સુવાર્તાના કાર્ય માટે ખૂબ મહત્ત્વના હતા.

રેવ. વેલ્સે પોતાની સેવાની શરૂઆતનો સમય, જેને તાલિમનો સમય કહીએ તે અમદાવાદમાં પોતાના જ વતનના રેવ. મૂર સાથે ગાળવા માગતા હતા. પરંતુ બીજી તરફ રાજકોટમાં સેવા આપતા રેવ. મેકીના તેમને અનુગામી બનાવ્યા. જે જવાબદારીને તેઓએ સ્વીકારી લીધી. આમ તેમના ભારતમાંના આગમન બાદ તરત તેમને આ નવી જવાબદારી સોંપવામાં આવી. રેવ. વેલ્સ તથા હાર્ટ, આસિસ્ટન્ટ લાઈબ્રેરીયન ક્વીન્સ યુનિવર્સીટી બેલફાસ્ટ પાસેથી ગુજરાતી શીખ્યા હતા. આ ઉપરાંત રેવ. ડો. જેમ્સ ગ્લાસગો પાસેથી પણ ગુજરાતી શીખ્યા હતા. જેથી પોતાના કાર્યની શરૂઆત ગુજરાતીમાં આવી ઝડપથી શરૂ કરી દીધી હતી.

તે દિવસોમાં ભારતમાં મુસાફરીની ભારે મુશ્કેલ હતી. રાજકોટથી અમદાવાદની મુસાફરી માટે ઊંટ ભાડે લેવામાં આવે જે આઠ દિવસ બાદ પહોંચતા હતા.

રેવ. વેલ્સ રાજકોટ ઈ.સ. ૧૮૬૯ સુધી રહ્યા. ત્યારબાદ તેઓ અમદાવાદ ગયા.

રેવ. ડિક્ષનને શિક્ષણના કાર્યને માટે અલગ કરવામાં આવ્યા. આ કાર્ય માટે તેમને રસ હતો અને તેઓ વિદ્વાન હતા. તેઓની નિમણૂંક સૂરત હાઈસ્કૂલ માટે કરવામાં આવી. તેઓને સ્કૂલ કાર્યક્ષમ ન જણાઈ. તેમણે તેની કાર્યપદ્ધતિમાં ફેરફાર કરવાનું ક્કી કર્યું.

શાળાના ઈતિહાસમાં માસિક ફી કદી લેવામાં આવી ન હતી. ફક્ત શાળામાં પ્રવેશ વખતે ફી લેવાતી હતી. રેવ. મંટમગરી સાથે ચર્ચા વિચારણા બાદ એવું નક્કી કરવામાં આવ્યું કે માસિક ફી લેવામાં આવે. તેઓ જાણતા હતા કે આમાં જોખમ સમાયેલું છે. છતાં તેઓ તેનો સામનો કરવા તૈયાર થયા. હિન્દુ લોકોને સાબ્બાથ હોતા નથી. પરંતુ તે તેઓના દેવ દેવીઓને કારણે વર્ષનો એક પંચમાશ જેટલો ભાગ રોકે છે. આ બધી રજાઓ પણ તેમણે રદ કરવાનું વિચાર્યું. તેઓ શિક્ષકની પદ્ધતિથી અને ડો. વિલ્સન કોલેડ મુંબઈના બહેરામજી કારસેતજીને હિન્દુ શિક્ષણની જગ્યાએ મુખ્ય શિક્ષક બનાવ્યા. આ પગલાને લીધે શરૂઆતમાં જોખમ જણાયું હતું અને એવું લાગ્યું કે આ ડહાપણભર્યું નથી. પરંતુ સમય જતા આ પગલું ડહાપણભર્યું જણાયું. આ પગલાં બાદ હાજરીમાં ઘટાડો થયો નહિ. પરંતુ શાળા પ્રગતિ કરતી ગઈ. રેવ. ડિક્ષન મજબૂત મનોબળવાળા હતા.

## મિશનની શાળાઓનું પરિણામ :

ઈ.સ. ૧૮૬૬માં ગવર્નમેન્ટ ઓફ બોમ્બે અને મિશનની શાળાઓ વચ્ચે ઈન્ડિયન એજ્યુકેશન ડિપાર્ટમેન્ટના મુદ્દા પર વિવાદ થયો.

મિશનની શાળાઓને સરકાર તરફથી કોઈ મદદ (ગ્રાન્ટ) આપવામાં આવતી ન હતી. અને બીજી તરફ તેઓ મોટી રકમ ફી તરીકે વિદ્યાર્થીઓ પાસેથી લેતા હતા. તેથી સરકાર તરફથી મદદ લેનારી શાળાઓ અને મિશનની શાળાઓ વચ્ચે પ્રતિષ્ઠાનો પ્રશ્ન થયો.

તેથી તમામ શાળાઓમાં સરકારી ઈન્સપેકશન ફરજીયાત બનાવવામાં આવ્યું કે, જેથી તેઓ તપાસી શકે કે મિશનની શાળાઓમાં કોઈ ધાર્મિક શિક્ષણ અપાય છે કે નહિ.

આ વ્યવસ્થાથી અસર સૂરતની હાઈસ્કૂલમાં જ નહિ. અમદાવાદ અને ગુજરાત કાઠિયાવાડની હદમાં બ્રિટિશ હકૂમત નીચે આવેલી તમામ શાળાઓમાં થઈ.

આવી પરિસ્થિતિમાં પણ આપણી તમામ મિશન શાળાઓ દ્વારા

ઈ.સ. ૧૮૮૮માં રૂ. ૧૧,૮૧૮ પ્રાપ્ત થયા. આ રૂપિયાને જો પાઉન્ડમાં ગણીએ તો તે સમયના પાઉન્ડ ૧,૧૮૧.૧૬ સેન્ટ જેટલા થાય.

રેવ. ડિક્ષન આ નિર્ણયથી ખુશ થયા. પોતાની શાળાનું ભવિષ્ય ખૂબ સારું છે તેવી ધારણા કરી. તેમની આ ધારણા ખોટી ન પડી. પોતાના પ્રથમ વર્ષના અંતે ૧૦૦ પાઉન્ડ પણ મળ્યા ન હતા. પરંતુ ઈ.સ. ૧૮૬૮માં ૧૬૦ પાઉન્ડ મળ્યા. બીજા વર્ષના અંતે ૨૨૮ પાઉન્ડ તેમની શાળાએ મેળવ્યા.

## રેવ. મંટગમરીનું બહુમાન :

રેવ. ડિક્ષન શાળાના કાર્યમાં હવે સ્થિર થઈ ગયા હતા. તેમના સાથીદાર રેવ. મંટગમરી ઈ.સ. ૧૮૬૫માં નાદુરસ્તીને કારણે પોતાના દેશ પાછા ગયા. ઈ.સ. ૧૮૬૭માં તેમને શ્રેષ્ઠ માન આપતા જનરલ એસેમ્બ્લીના મોડરેટર તરીકે સર્વાનુમતે નીમવામાં આવ્યા. ભારતના ભાઈઓ આ સાંભળીને આનંદ પામ્યા. તેઓને લાગ્યું કે, આ માનને માટે તેઓ યોગ્ય છે. તેઓ તેમને સ્વાર્પિત અને સ્વામીને સારુ ઉપયોગી પાત્ર તરીકે જાણતા હતા.

તેમની નિમણૂંક વખતે મંડળી ચિંતા, પ્રશ્નો અને અનેક મુશ્કેલીઓમાંથી પસાર થઈ રહી હતી. છતાં ઈ.સ. ૧૮૬૭ - ૧૮૬૮નું વર્ષ હળવું કે ઓછા મહત્ત્વનું ન હતું. રેવ. મંટગમરીની કૂનેહ, મોભો અને આવડતને પરિણામે તેમને માટે અને પ્રભુની મંડળીને માટે રાહતનો સમય આવ્યો.

## ઘોઘા :

ઘોઘા શરૂઆતે ફળ વગરનું હતું. પરંતુ વર્ષોની ધીરજ અને પ્રાર્થનાના પરિણામે લોકોના જીવનો બદલાયા.

સેવાકાર્યને પરિણામે ત્રીસ વ્યક્તિઓના બાપ્તિસ્મા થયા. આ સેવા માટે રેવ. વોલેસે પોતાના જીવનના શ્રેષ્ઠ વર્ષો સમર્પી દીધા. તેમના ઉત્સાહને પરિણામે શ્રેષ્ઠ કાર્ય થઈ શક્યું. પરંતુ બાપ્તિસ્મા પામેલામાંથી કોઈ રહ્યું નહીં કે જેથી, મંડળી સ્થાપી શકાય. એક સમયે એવી દરખાસ્ત રજૂ કરવામાં આવી કે આ કાર્ય બંધ કરવામાં આવે.

આ સમયમાં રેવ. વોલેસની પ્રબળ ઈચ્છાને કારણે ખ્રિસ્તી વિશ્વાસના મૂળ નાખવામાં આવ્યા. આ સમયમાં તેમમે તેમની સાથે નવ નવા ખ્રિસ્તીઓને લીધા. આ નવા ખ્રિસ્તીઓ રેવ. વોલેસની સાથે ગાઢ રીતે સંકળાયેલા હતા. ત્યારબાદ ઘોઘાની મંડળીની વૃદ્ધિ થઈ.

ઘોઘા તે સમયમાં એક ઉદાહરણ રૂપ બન્યું. જ્યારે નવા ખ્રિસ્તીઓ બનાવવામાં આવ્યા ત્યારે તેમનો મિત્રો સાથેનો સંબંધ તૂટી ગયો હતો. તેઓ આત્મિક રીતે સલામત ન હતા. આ રીતે નવા વિશ્વાસીઓનો તેઓના ખ્રિસ્તી થયા અગાઉના સગાસ્નેહીઓ સાથેનો સંબંધ કપાઈ ગયો. આ પ્રકારની પરિસ્થિતિ તમામ મિશનક્ષેત્રમાં જોવા મળતી હતી.

## શા માટે મિલકત વસાવવામાં આવી ? :

જ્યારે મિશન કાર્યની વૃદ્ધિ થતી ગઈ ત્યારે જમીન પણ જુદા જુદા સ્થળોમાં ખરીદવામાં આવી. ત્યારે એ પ્રશ્ન થયો કે શા માટે આપણી મંડળી ભારતમાં જમીનોની માલિક બની ? નવા વિશ્વાસીઓને માટે પ્રભુ મંદિરો અને બાળકો માટે શાળાઓની જરૂરિયાત હતી.

જો કોઈ ગામમાં છ વ્યક્તિનું કુટુંબ બદલાણ પામે તો તેઓ આપણા મિશનક્ષેત્રથી કદાચ વીસથી ત્રીસ માઈલ દૂર હોય. આવા સંજોગોમાં નવા વિશ્વાસીઓએ અને તેના કુટુંબોએ શું કરવું ? તેઓને ખ્રિસ્તી શિક્ષણની જરૂર હોય તેઓને ખ્રિસ્તીજીવન કેવી રીતે જીવવું. તેની જરૂર હોય. બાળકોને શિક્ષણની જરૂર હોય. મિશનેરીઓ સમયે સમયે જઈનેતેઓનેધાર્મિક શિક્ષણ અને અન્ય શિક્ષણ ન આપી શકે. ગામડાની હિન્દુ શાળામાં તેમની રીતે શિક્ષણ અપાય છે. હવે જો તેઓ ત્યાં શિક્ષણ પ્રાપ્ત કરે તો તેની તેઓના મન પર વિપરીત અસર પડે. પરિણામે કુટુંબો દબાણ નીચે આવી જાય. આ બધી બાબતોને ધ્યાનમાં રાખતા જમીનો ખરીદવામાં આવી. પરાંઓ અને શાળાઓ બાંધવામાં આવી.

*

# 6 પરાંઓ વસાવ્યા

## ખ્રિસ્તી પરાંઓ :

ખ્રિસ્તી પરાંઓ વસાવવાથી પ્રશ્નો ઉકેલાવા લાગ્યા. ખ્રિસ્તી કુટુંબોને અસરપરસની સંગત અને ખ્રિસ્તી શિક્ષણ પ્રાપ્ત થયા. આ પ્રકારની વ્યવસ્થા ખ્રિસ્તી કુટુંબોને માટે આશીર્વાદ સમાન હતી.

ઘોઘામાં રેવ. વોલેસ અને બીજાઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડયો. આ દરમિયાન રેવ. બીટ્ટીની મદદ લેવામાં આવી. બાર વર્ષ સુધી સખત પરિશ્રમ કરવામાં આવ્યો. ખ્રિસ્તી મંડળીના મૂળ નાખવાના પ્રયત્ન તેઓ કરતા હતા. આ પ્રયત્ન તેમને માટે અંધારામાં પ્રકાશ સમાન બન્યા. તેઓ આખરે સફળ થયા.

રેવ. બીટ્ટીએ રેવ. વોલેસની મદદથી પરાની સ્થાપના કરી. આ માટેં ઘોઘાથી અગિયાર માઈલ દક્ષિણ-પશ્ચિમ તરફ બોમ્બે ગવર્નમેન્ટની મંજૂરીથી જમીન મેળવવામાં આવી. આ કાર્ય તેઓ આર્યલેન્ડ રજા પર ઈ.સ. ૧૮૭૧માં પાછા ગયા તે પહેલા કરવામાં આવ્યું. વાલેસપુરની જમીનમાં વધારો કરતાં ગામની હદની બહાર બીજી આશરે ૬૭ એકર જમીન હતી. આ માટે રેવ. બીટ્ટીને વાર્ષિક રૂ. ૫૦૦/- (પાંચસો પાઉન્ડ) ભાડાથી વાલેસપુરની જમીન ખેતીને માટે આપવામાં આવી. આ કિંમત બોર્ડને માટે વધારે ન હતી. (આ વાત રેવ. રીઆએ કહી હતી). પરાની સ્થાપના કરવામાં આવી ત્યારે તેનું કયું નામ રાખવું તે તેમનો પ્રશ્ન હતો. સ્થાનિક લોકોમાં તથા આસપાસના લોકોમાં વોલેસ નામ ખૂબ પ્રચિલિત અને સન્માનીય હતું. રેવ. બીટ્ટીએ પ્રેસ્બિટરીને આ નવા પરાં માટેનું નામ વાલેસપુર અથવા વાલેસ ટાઉન સૂચવ્યું. પ્રેસ્બિટેરીએ તે નામ મંજૂર રાખ્યું અને ઈ.સ. ૧૮૭૧થી તે પરાનું નામ વાલેસપુર પડયું.

આર્યેલન્ડમાંથી ખર્ચ મેળવ્યા વગર શાહવાડીમાં કામ કરવામાં આવ્યું. શાહવાડીમાં નવા થયેલા ખ્રિસ્તીઓ માટે મકાનો, પ્રભુમંદિર, એક નાનું પાળક ગૃહ, એક ધર્મશાળા બાંધવામાં આવ્યા. આ ઉપરાંત કૂવાઓ ખોદ્યા, અને પાણીની ટાંકી બાંધવામાં આવી. આ તમામ કાર્ય જમીન ઉપજમાંથી થયેલ નફાથી કરવામાં આવ્યું.

વાલેસપુરમાં હવે નવા વિશ્વાસીઓને લાવીને વસાવવામાં આવ્યા, ત્યાં સ્થાનિક સુવાર્તિકને પણ વસાવવામાં આવ્યા. સાબ્બાથશાળાની વ્યવસ્થા, પ્રાર્થનાસંગતની વ્યવસ્થા, શાળાની વ્યવસ્થા ઉપરાંત ગામની પોતાની વહીવટની વ્યવસ્થા જે શાહવાડીમાં હતી તે પ્રમાણે કરવામાં આવી.

આ બધું લખવું અને વાંચવું સહેલું છે. પરંતુ આ તમામ કાર્યની પાછળ ખૂબ પરિશ્રમ કરવામાં આવ્યો હતો. દા.ત. ગુજરાતમાં એક સારો કૂવો બનાવવો હોય તો ૯૦ થી ૧૦૦ પાઉન્ડનો ખર્ચ થાય. વાલજી નામના એક ભાઈનો કૂવો ૨૫૦ પાઉન્ડનાં તૈયાર થયો હતો. કાઠિયાવાડની જમીનને જોતા તે ખડકાળ જમીન છે. આ માટે ખોદકામ અને કૂવાનું ચણતર કરવા કૂવા દીઠ ૨૦ થી ૩૦ પાઉન્ડનો ખર્ચ થાય. દરેક ખેતરમાં એક કૂવો હોવો જોઈએ.

પાણીની ટાંકી પણ દરેક ગામને માટે જરૂરી છે જેના વગર ગામના લોકો જીવી શકે નહિ. ટાંકી બનાવવી એ મુશ્કેલ અને ખર્ચાળ કાર્ય હતું.

પરાઓની વ્યવસ્થા એ આનંદદાયક હતી પરંતુ તેઓને સતત સંભાળની જરૂર હતી. આ માટે દરેક પરામાં વસનાર મિશનેરી તેમની સંભાળ લેતા હતા. ગુજરાતના ખ્રિસ્તીઓ બીજા ખ્રિસ્તીઓ જેવા જ હતા. તેઓમાં નબળાઈ હતી. તેઓમાંના ઘણા બાળકોના જેવા સ્વભાવના હતા.

તેઓને સારી ફસલનો અને ખરાબ ફસલનો સમય આવતો. આનંદનો અને નિરાશાનો સમય આવતો. તંદુરસ્તી અને માંદગીનો સમય આવતો. આ તમામ સમયોમાં તેઓ હંમેશાં મિશનેરીઓ પાસેથી સહાનુભૂતિ અને મદદની અપેક્ષા રાખતા હતા. આર્યલેન્ડમાંની મંડળીઓ તેઓની અને તેમના પાળકોની સંભાળ લેતા અને મદદ કરતા હતા.

ઈ.સ. ૧૮૬૭માં રેવ. રીઆએ બોરસદનો કાર્યભાર સંભાળ્યો. તે સમયે બોરસદ નબળું હતું. કારણ કે તેઓની સૌથી શ્રેષ્ઠ વ્યક્તિઓ અને વ્યવસ્થાઓને શાહવાડી વસાવવા માટે મોકલ્યા હતા. રેવ. રીઆએ આ સ્થિતિમાં પોતાની તમામ શક્તિનો ઉપયોગ કરીને બોરસદને શ્રેષ્ઠ પરું બનાવ્યું.

રેવ. રીઆને વધુ સમય બોરસદ ન રાખતા આણંદ મોકલવામાં આવ્યા. તે સમયે આણંદ સારું એવું નગર હતું. તે બોરસદથી ઉત્તર-પૂર્વમાં બાર માઈલના અંતરે આવેલું છે. આપણા તમામ કાર્યોમાં તેનો સૌથી શ્રેષ્ઠ અને વિશ્વાસુ કેન્દ્ર તરીકે વિકાસ થયો છે. આ કાર્ય તે પછાત કાર્ય તરીકે ઓળખાયું હતું. રેવ. રીઆને પછાત લોકો તરફથી તેમના બાળકોના ઉત્કર્ષ માટે શાળા શરૂ

કરવાની વિનંતી કરવામાં આવી. આ માટે તેઓએ સંપૂર્ણ ખાત્રી આપી કે તેઓ કોઈ પણ જાતના વિરોધ વગર તમામ ખ્રિસ્તી શિક્ષણ પ્રાપ્ત કરશે. રેવ. રીઆએ તેઓની કસોટી કરી કે તેઓ ખરેખર વિશ્વાસુ છે કે તેઓને પૈસાની લાલચ છે. રેવ.રીઆએ શાળાનું મકાન બાંધવા માટે તેઓને તે માટે ફાળો આપવા જણાવ્યું. તે માટે તેમને સ્થળ પર જ ૨૫ પાઉન્ડ દાનમાં મળ્યાં. તે માટે હંગામી વ્યવસાયના ભાગરૂપે એક નાનો ઓરડો બાંધ્યો. ખૂબ ઉત્તેજનાદાયક હાજરીથી શાળાની શરૂઆત થઈ. વરસાદની ઋતુ સુધી શાળાના શિક્ષકો તંબુઓમાં રહેતા જ્યારે વર્ષાઋતુ આવે ત્યારે તેમાં રહેવું મુશ્કેલ હતું. શિક્ષકો પછાત લોકોના બાળકોમાં કામ કરતા હોવાથી તેઓને ભાડે કોઈ મકાન ન આપતા. પરિણામે તેઓને વર્ષાઋતુના અંત સુધી શાળાના ઓરડામાં રહેવું પડતું હતું. ભારતમાનું અમારું શૈક્ષણિક ક્ષેત્રે જે કામ હતું તેનું આ એક ઉદાહરણ હતું. પછાત લોકોની પરિસ્થિતિ જોતાં ભારતમાંના અમારા મિત્રો તરફથી છાસઠ પાઉન્ડ દાનમાં મળ્યા. થોડા જ સમયમાં ત્યાં શાળાનું મકાન કે જેમાં શિક્ષકોના બે રૂમ પણ બાંધવામાં આવ્યા. જેનો આશરે ખર્ચ ૧૫૦ પાઉન્ડ થયો હતો. આ માટેનો તમામ ખર્ચ સ્થાનિક દાનમાંથી જ ઊભો થયો હતો. આ માટે મિશન બોર્ડને પૈસા ખર્ચવા પડયા ન હતા.

હવે અમે અમારા કાર્યમાં એક નવા જ તબક્કે આવી પહોંચ્યા છીએ. અમે અનાથાશ્રમ ખોલવા માગીએ છીએ.

❊

# 7 તાકિદની પરિસ્થિતિ

## મારવાડમાં પડેલ દુષ્કાળ અને અનાથાશ્રમ :

રાજપુતાના વિસ્તારમાં જેને મારવાડના નામથી પણ ઓળખવામાં આવે છે. તે પ્રદેશમાં ભારે દુષ્કાળ પડયો. હજારો બાળકો અનાથ બન્યા. મુંબઈ પ્રેસ પર માહિતી પહોંચી. રેવ. રીઆ (બોરસદ)નો પણ પત્ર આવ્યો. એમાં એમ જણાવ્યું હતું કે ૨૦૦ જણા ઘાસ પર જીવી રહ્યા છે. મિશનેરીને આવા લોકોની સંભાળ લેવાની વિનંતી કરવામાં આવી. રેવ.રીઆએ સૂરતમાંના બીજા મિશનેરીઆ સાથે વાતચીત કરી. આવા લોકોને મદદ કરવા વર્તમાન પેપરમાં જાહેરાત કરવામાં આવી. આના પ્રકાશમાં ભારતમાંથી ઘણી મદદ મળી. ઉપરાંત આર્યલેન્ડથી ૬૮ પાઉન્ડ મળ્યા. આ દુષ્કાળગ્રસ્ત લોકોને રેવ.રીઆની સંભાળ નીચે બોરસદ રાખવામા આવ્યા.

ઈ.સ. ૧૮૬૮ની પ્રેસ્બિટરીની વાર્ષિક સભામાં અનાથ બાળકોનો પ્રશ્ન રજૂ કરવામાં આવ્યો. આ સભામાં સર્વાનુમતે બે અનાથાશ્રમ શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. આ કાર્ય માટે રેવ. ડીક્ષનને સેક્રેટરી અને રેવ. મંટગમરીને ખજાનચી બનાવવામાં આવ્યા.

નવેમ્બર ૧૮૭૯માં રેવ. ડીક્ષને રેવ. મોર્ગન કે જેઓ ફોરેન મિશન બોર્ડના ચેરમેન હતા. તેમના પર વિનંતીપત્ર મોકલ્યો. અને કયા સંજોગોમાં આ અનાથાશ્રમના કાર્યની શરૂઆત કરવી પડી અને ડાયરેકટરોની સંમતિ આર્યલેન્ડ લેવામાં આવી ન હતી તે સંબંધે વિગતે જાણ કરી. આ કાર્ય માટે ભારતમાંથી છસ્સો પાઉન્ડનું દાન મળ્યું. જેમાંથી એકસો પાઉન્ડનું દાન પારસી અને હિન્દુઓ તરફથી મળ્યું. આ દાન મકાનના બાંધકામ માટે મળ્યું હતું. આ માટે ઈ.સ. ૧૮૭૨ સુધી સૂરતમાં યોગ્ય મકાન બની શક્યું ન હતું. આખરે તેને માટે યોગ્ય મકાન બનાવી શક્યા. આ માટે આશરે ૪૦૦ પાઉન્ડ જેટલો ખર્ચ થયો હતો. આશાબાઈને તે કામ પર મુખ્ય જવાબદારી સોંપવામાં આવી. બીજી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી તે જવાબદારી સોંપવામાં આવી. આ સમયે અનાથ બાળકોની કુલ સંખ્યા ૭૯ની હતી. જેમાંથી ૪૧ છોકરાઓ હતા. જેઓને શાહવાડી રાખવામાં આવ્યા. બાકીની છોકરીઓને બોરસદમાં અને બીજા સ્થળોને મિશનેરીઓના પત્નીઓની સંભાળ નીચે મૂકવામાં આવી હતી.

સૂરતમાં જે છોકરીઓનું છાત્રાલય બનાવવામાં આવ્યું તે ફક્ત ખ્રિસ્તી દૃષ્ટિબિંદુથી ને શિક્ષણના સંદર્ભમાં જ બનાવવામાં આવ્યું ન હતું. પરંતુ ત્યાં તેઓ હુન્નર ઉદ્યોગ શીખવવામાં આવતો હતો. આ જગ્યાએ છોકરીઓને પોતાનું દળવાનું રહેતું. રાંધવાનું શીખવાડતા, ગૃહકાર્ય પોતે કરવાનું રહેતું તથા સીવણકાર્ય પણ શીખવવામાં આવતું હતું. છોકરીઓ આળસુ ન બને તેની કાળજી લેવાતી હતી. તેમની હુન્નર ઉદ્યોગ અને ગૃહકાળજીની બાબતોને ખાસ ધ્યાનથી તપાસવામાં આવતી હતી. જો કે અનાથ બાળકો આ બાબતોમાં શ્રેષ્ઠ પુરવાર થતા હતા. તે સમયમાં ખ્રિસ્તી કન્યાઓ માટે લગ્ન માટે સારા છોકરાઓ મેળવવા ખૂબ મુશ્કેલ હતું. ખ્રિસ્તી માતાપિતાઓ પોતાની જુવાન કન્યાઓના સંદર્ભમાં ખૂબ સાવધ અને કડક હતા. તેથી જુવાનોને છૂટ લેવાની કોઈ તક મળતી ન હતી.

જુવાન છોકરાઓ અનાથાશ્રમના ઉપરી કે જે મિશનેરીના પત્ની હોય તેમને એ વાતની ખાત્રી કે સંતોષ આપે ત્યારબાદ મિશનેરી બાનુ તે કન્યાને મળવાની છૂટ આપે. આ માટે છોકરો તે છોકરીને દેવળમાં જોઈ શકે અથવા મુલાકાત ખંડમાં મિશનેરીની દેખરેખ નીચે મળી શકે. પોતાની પસંદગીની કન્યા મળી જાય તો તાત્કાલિક લગ્નની ગોઠવણ કરવામાં આવતી હતી. ત્યાર બાદ લગ્નની બાબતમાં વિલંબ કરવામાં આવતો નહિ.

## શૈક્ષણિક સંસ્થાઓ સરકારના અધિકાર નીચે તથા તેનો વિકાસ :

ન્.સ. ૧૮૬૮ સુધી શાળાઓ સરકારની દેખરેખ નીચે મૂકવામાં આવી ન હતી. તેથી કરીને સરકાર તરફથી કોઈ નાણાંકીય સહાય મળતી ન હતી. રેવ. મેરકમોર્ડીએ શાળાઓની તપાસ કરવા માટે અરજી કરી અને તમામ પરિણામો ડાયરેકટર ઓફ પબ્લિક ઈન્સ્ટ્રકશનને મોકલવામાં આવ્યા. અરજીના સંદર્ભમાં માધ્યમિક શાળા અને બે વર્નાક્યુલર શાળાઓને નોંધવામાં આવી. ઈ.સ. ૧૮૬૯માં સૂરતની શાળામાં અભ્યાસની સાથે બાઈબલને દાખલ કરવામાં આવ્યું. જયાં રોજ તેને અભ્યાસના એક ભાગ તરીકે વાંચવામાં આવતું. અને તેનો અભ્યાસ કરાવાતો હતો. શરૂઆતે તેનો વિરોધ થયો. પરંતુ તેનાથી ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ ન હતી. અને પરિસ્થિતિ શાંત પડી ગઈ. દરરોજ સવારની શાળા પ્રાર્થના સાથે શરૂ થતી હતી. શાળાના કાર્ય ઉપરાંત રેવ. મેકમોર્ડી શિયાળાના મહિનાઓમાં ઈ.સ. ૧૮૬૯ અને ૧૮૭૦ની સાલમાં અંગ્રેજી બોલવાની તાલિમ એક પખવાડીયા સુધી આપતા હતા. અમદાવાદમાં આ માટે મોટી સંખ્યામાં ભાગ લેનારા હતા.

શાહવાડીમાંનું કાર્ય ઉત્તેજનદાયક હતું. વર્નાક્યુલર શાળામાં બાવન ખ્રિસ્તી બાળકો અભ્યાસ કરતા હતા. રવિવારનું ચુસ્તપણે પાલન કરવામાં આવતું હતું. રેવ. વેલ્સ પોતે રવિશાળા (સાબ્બાથશાળા)ના સુપ્રિટેન્ડેન્ટ હતા. જેમાં નેવું જુવાનો ભાગ લેતા હતા. ભક્તિસભામાં બસો જેટલા વ્યક્તિઓ હાજર રહેતા હતા.

## મિશન કાર્ય માટે અમદાવાદમાં મકાન ન હતા :

આ સમયોમાં સુવાર્તાનું કાર્ય ચાલતું હતું. પરંતુ મકાનોની વ્યવસ્થા ન હતી. ભાડાના મકાનો મેળવીને કાર્ય કરવામાં આવતું હતું. આ બધું અનુકૂળ હતું. તેમ જ ખર્ચાળ પણ હતું. આખરે ડાયરેકટરોએ આ માટે મકાન ખરીદવા બે હજાર પાઉન્ડ મંજૂર કર્યા. આ નાણાં ભારતમાં શૈક્ષણિક ભંડોળમાંથી (ઈન્ડિયન એજ્યુકેશન ફંડ) આપવામાં આવ્યાં.

આખરે કેટલાક વિલંબ અને વિરોધ વચ્ચે દરેક બાબતે અનુકૂળ એવું મકાન સરકાર પાસેથી મેળવવામાં આવ્યું. આ મકાન ઈ.સ. ૧૮૬૯માં મેળવવામાં આવ્યું. પરંતુ ૧૮૭૨ સુધી તેમાં બીજું કશું જ કરવામાં ન આવ્યું. રેવ. મંટગમરીના પ્રયાસથી ડાયરેકટરો તરફથી બે હજાર પાઉન્ડની ગ્રાન્ટના બદલે ચાર હજાર પાઉન્ડની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી. આ નાણાંમાથી હાઈસ્કૂલનું મકાન, સુપ્રિટેન્ડીંગ મિશનેરીનું મકાન બાંધવામાં આવ્યું.

૧૮૬૦ના લોર્ડ કેનગ્સ એક્ટના આધારે ભારતમાંની તમામ શૈક્ષણિક સંસ્થાઓને તમામ મકાનના કુલ ખર્ચમાં અડધો ખર્ચ સરકાર ભોગવશે. જે ખર્ચમાં જમીન, ઈંટો, લાકડાનું કામ, વગેરેનો સમાવેશ થયો છે. અમદાવાદની હાઈસ્કૂલ અને સુપ્રિટેન્ડીંગ મિશનેરીનું મકાન આ કાયદા હેઠળ આવરી લેવામાં આવ્યું. જેથી મિશનને હાઈસ્કૂલ અને મિશનેરીનું નિવાસસ્થાન બનાવવાનું શક્ય બન્યું.

મે ૧૮૭૫ સુધી મકાનો પૂરેપૂરી રીતે બંધાયેલા ન હતા. ઉનાળાના વેકેશનના મધ્ય ભાગમાં ભાડાના મકાનમાંથી નવા મકાનમાં શાળાનું સ્થળાંતર કરવામાં આવ્યું. જે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને માટે વધુ આરામદાયક જગ્યા હતી. તે જ વર્ષના સપ્ટેમ્બર માસમાં સાબરમતી નદીમાં ભારે પૂર આવ્યું. જેના પરિણામે હાઈસ્કૂલના મકાનને ભારે નૂકશાન થયું. આ સ્થિતિમાં તેઓ ત્યાં ચાર દિવસ સુધી પાંચ ફૂટ પાણીની વચ્ચે રહ્યા. મોટો રેલવેનો પુલ જે નદી પરથી પસાર થતો હતો તેનો નાશ થયો. ચાર હજાર મકાનો નાશ પામ્યા. વીસ હજાર વ્યક્તિઓ ઘર વગરના થઈ ગયા. એક્સો વર્ષમાં આવેલું આ સૌથી ભયાનક એવું પૂર હતું.★

★ રેવ. શીલડીએ ૩૦ સપ્ટેમ્બર ૧૮૭૫ના લખેલ પત્રના આધારે.

# 8 મિશનેરીઓનું સેવાકાર્ય

**ત્રીસ વર્ષ દરમિયાન કોઈ મૃત્યુ ન થયું :**

આપણાં મિશન ક્ષેત્રમાં કાર્યની શરૂઆતથી ત્રીસ વર્ષના ગાળા દરમિયાન કોઈ મૃત્યું થયું ન હતું.

**રેવ. વોલેસનું જીવન :**

રેવ. રીઆએ રેવ. વોલેસ માટે આ પ્રમાણે લખ્યું હતું કે, "રેવ. વોલેસ એ સંપૂર્ણ મિશનેરી હતા. તેઓ સ્પષ્ટ અને છટા સાથે ગુજરાતી બોલતા હતા. હિન્દુસ્તાની પણ તેમને સારી રીતે ફાવતી હતી. આ ઉપરાંત મરાઠી અને સંસ્કૃત ભાષા પણ તેઓ જાણતા હતા. તેઓ નવા કરારનું ગુજરાતી અનુવાદ કાર્ય કરનારાઓમાં મુખ્ય હતા. ગુજરાતી ભાષામાં વળી ટ્રાક્ટ અને ગીતો લખ્યા હતા. બીજી મંડળીના એક મિશનેરી કે જેઓ તેમને સારી રીતે ઓળખતા હતા તેઆએ તેમને "સંત વોલેસ" નામ આપ્યું હતું. તેઓ પ્રેમની અને શાંતિની સુવાર્તાનો ઉપદેશ આપતા હતા. જે સુવાર્તા તેઓ પ્રગટ કરતા હતા તે પ્રમાણે તેઓ જીવતા હતા. આ એક એવી વ્યક્તિ હતી કે, તેમની સાથે જીવો અને તેમને ઓળખો. રેવ. વોલેસ સાથે રહેવું અને કાર્ય કરવું એ એક લહાવો હતો. અને તેની સાથે વૃદ્ધિ પામવાની તક સમાન હતું." ઉપરોક્ત લખાણ રેવ. રીઆએ સપ્ટેમ્બર ૧૮૭૩ના હેરલ્ડમાં લખ્યું હતું.

રેવ. બેટ્ટીએ તેમના માટે લખ્યું હતું, "વોલેસ કે જેઓ સોળ વર્ષ સુધી ઘોઘામાં રહ્યા હતા. પરંતુ તેઓને કદી ગુસ્સે થયેલા જોયા ન હતા. તેઓ શેરીના બાળકો પ્રત્યે નમ્ર અને મૃદુ ભાષી હતા.★

**બાપ્તિસ્મા :**

ઈ.સ. ૧૮૭૩માં પછાત લોકોમાં આધ્યાત્મિક વિકાસ થયો હતો. તે વર્ષમાં એકસો ચોપ્પન વ્યક્તિઓનું બાપ્તિસ્મા થયું હતું. મિશન કાર્યની શરૂઆતથી આજ સુધીમાં આ સૌથી મોટી સંખ્યામાં બાપ્તિસ્મા અપાયા હતા. આ બાપ્તિસ્મા એક જ વર્ષમાં અપાયા હતા. ઈ.સ. ૧૮૭૨માં બત્રીસ વ્યક્તિઓના બાપ્તિસ્મા થયા હતા.

---

★ આ હકીકત રેવ. બેટ્ટીએ ૧૮૮૬માં ભારતથી જે કાગળો રેવ. રોબર્ટ જ્યોફ્રી પર મોકલ્યા હતા. જેમાં વાલેસપુર વિશે માહિતી આપી હતી તેના આધારે.

આ સંખ્યામાં વધારો થયો. બોરસદમાં એકસો નવના બાપ્તિસ્મા થયા, સૂરતમાં બાવીસના, અમદાવાદમાં ઓગણીસના અને ચાર બાપ્તિસ્મા ઘોઘામાં થયા. ફક્ત સુવાર્તિક કાર્યના સંદર્ભમાં જ આશીર્વાદ પામ્યા એમ નહિ પરંતુ માધ્યમિક શાળામાં પણ આશિષની વૃદ્ધિ થઈ. રેવ. ડીક્ષનની માધ્યમિક શાળા જે સૂરતમાં હતી. તેના એક વિદ્યાર્થીનું બાપ્તિસ્મા ઈ.સ. ૧૮૭૨માં થયું. આ સમયે બાપ્તિસ્મા લેનારના બે ભાઈઓ, પિત્રાઈભાઈ ઉપરાંત રેવ. ડિક્ષનના વિદ્યાર્થીઓ પણ બાપ્તિસ્મા માટે તૈયાર થયા હતા. પરંતુ તેમની માતાઓના વિરોધને લીધે શક્ય ન બન્યું. એક વર્ષ પછી તેઓએ બાપ્તિસ્મા લીધું. ૨૨ જૂન ૧૮૭૩ના રોજ જાહેરમાં તેઓ બાપ્તિસ્મા લઈને સૂરતની મંડળીમાં જોડાયા. રેવ. ડીક્ષનના બીજા એક પારસી વિદ્યાર્થી કે જે સગીર વયનો છોકરો હોવાથી જેલમાં રાખવામાં આવ્યો. આનું મુખ્ય કારણ તે ખ્રિસ્તને પ્રગટ કરતો હતો.

## પુસ્તકો અને ટ્રાકટના વિતરણમાં વધારો :

તે સમયમાં ૩૦,૦૦૦ પુસ્તકો, ટ્રાક્ટસ અને સુવાર્તાના ભાગોનું વેચાણ અને વિસ્તરણ કરવામાં આવ્યું હતું.

## સ્ત્રીઓમાં કાર્યનો અભાવ :

તે સમયે મંડળીમાં કોઈ એવી વ્યવસ્થિત સંસ્થા કે માળખું ન હતું કે જે ગુજરાત અને કાઠિયાવાડની બહેનોમાં કાર્ય કરે. વ્યવસ્થિત કાર્યનો પ્રયત્ન પણ તેઓમાં કરવામાં આવ્યો ન હતો.

બહેનોમાં કાર્યની શક્યતાઓ જોતા તેમનામાં મિશન કાર્યની શરૂઆત કરવામાં આવી. જૂન ૧૮૭૩માં એ માટે નિર્ણય કરવામાં આવ્યો.

## નબળા લોકોમાં કાર્ય :

પ્રેસ્બિટરી દ્વારા નબળા ભાઈઓમાં કાર્યનું સ્થાન નક્કી કરવામાં આવ્યું. નબળા લોકોમાંના કાર્યએ સૌનું ધ્યાન આકર્ષ્યું હતું. તેઓ મધ્યે મંડળીની સ્થાપના થાય તેવું સહુને લાગ્યું. આ માટે ખાસ પ્રકારના ભંડોળની વ્યવસ્થા કરવામાં આવી. રવિશાળાની પણ શરૂઆત કરવામાં આવી. વાર્ષિક સુવાર્તાના નાણાંમા નબળા મધ્યેના કાર્ય માટે નાણાં ફાળવવામાં આવ્યા. જેને પછાત ચર્ચ ફંડનું નામ આપવામાં આવ્યું. ઈ.સ. ૧૮૭૫માં આ કાર્યનો રિપોર્ટ એસેમ્બલીને સોંપવામાં આવ્યો. જેમાં નાણાંકીય બાબત જણાવવામાં આવી હતી. જૂનમાં એસેમ્બલીને રિપોર્ટ આપવામાં

આવ્યો જેના પરિણામે સપ્ટેમ્બર માસના હેરલ્ડમાં જણાવવામાં આવ્યું કે, બીજા છસ્સો પચાસ પાઉન્ડ આપવામાં આવ્યા છે. આ નાણાં ત્રણ મિત્રો તરફથી આપવામાં આવ્યા હતા. મળેલા નાણાંમાંથી નવા આવેલા આ ભાઈઓને માટે પ્રભુમંદિરો બાંધવા તે મુખ્ય જરૂરિયાત હતી. આ માટે ત્યારપછી તેનો પછાત ચર્ચ ફંડ તરીકે ઉલ્લેખ કરવામાં આવતો હતો.

પ્રેસ્બિટરીએ રેવ.હેવીટને બોરસદ મોકલ્યા. જ્યાં તેમણે રેવ. ટેલર સાથે કાર્ય શરૂ કર્યું. તેઓનું કાર્ય ઉત્સાહપૂર્વક અને અસરકારક રીતે નબળા લોકોમાં ચાલું રહ્યું હતું. જુલાઈ ૧૮૭૫માં આ લોકો વિશે લખતા તે જણાવે છે કે, "તેઓમાં સાર્વત્રિક સત્ય જાણવાની ઈચ્છા છે, અને આ સત્ય તે ઈસુ છે. તેઓમાં આ સત્યને સ્વીકારવાની તૈયારી પણ જણાય છે. દસ વર્ષ પહેલા આ વિસ્તારમાં ભાગ્યે જ એવા પછાત હતા કે જે વાંચી શકે. હવે મિશન કાર્યના ભાગરૂપે તેઓને શિક્ષણ આપવામાં આવ્યું છે. હાલમાં એક હજાર કરતાં વધારે લોકો છે. જેઓ વાંચી તથા લખી શકે છે. અને તેઓને ખ્રિસ્તી ધર્મના સિદ્ધાંતોની જાણ છે. અને સમજી શકે છે." આ જ પત્રમાં તેમણે પછાત ચર્ચ બિલ્ડિંગની સફળતા માટે આનંદ વ્યક્ત કર્યો છે. બોરસદની આશપાસ આશરે ચારસો કુટુંબો છે કે જેમણે આ સામૂહિક પ્રવાસમાં જોડાવાનો નિર્ણય કર્યો છે. જો કે તેમની આવક અઠવાડિયાની અડધી જરૂરિયાત પણ સંતોષી શકે તેવી ન હતી. છતાં આ લોકોની પ્રભુના ઘરમાં ભક્તિ માટેની અદમ્ય ઇચ્છા હતી. પંડોળાના સાત કુટુંબોમાંથી આ કામને માટે દાન ઉઘરાવ્યું હતું કે જેથી તેમને માટે માટીનું દેવળ બાંધી શકાય. આ દેવળનું ઉદ્ઘાટન વાલજી બેચરભાઈના હસ્તે કરવામાં આવ્યું હતું. નબળા લોકો મધ્યેનું કાર્ય થોડો સમય ખૂબ મજબૂત લાગ્યું. પરંતુ જે પ્રમાણે તેને માટે વચન આપ્યું હતું તે પ્રમાણે કાર્ય થયું નહિ. ગમે તેમ પણ જે કંઈ થયું તે સારું જ થયું.

## ખઢાણામાં પ્રથમ ચર્ચ :

ખાસ નબળા ચર્ચ ફંડ યોજના હેઠળ સૌથી પ્રથમ ચર્ચ ખઢાણામાં બાંધવામાં આવ્યં હતું. ખઢાણામાં પ્રભુમંદિર માટે જમીન મેળવવી એ અઘરું કામ હતું. પરંતુ રેવ. ટેલરે અને રેવ. હેવીટે ગામની મુલાકાત લીધી અને ગામ લોકો સાથે વાતચીત કરી. અને યોગ્ય એવી જગ્યા મળી. આ માટે અઢી એકર જમીન મેળવવામાં આવી. આ જમીન ગામની મુખ્ય જમીનમાંની એક હતી. આ રીતે ખઢાણામાં પ્રભુમંદિર બાંધવામાં આવ્યું. ગામના ઉચ્ચ વર્ગના લોકો અને ખાસ કરીને પાટીદારો પ્રભુમંદિર માટે વિશાળ મનના વલણવાળા રહ્યા. સરકાર તરફથી આ માટે ગ્રાન્ટ

આપવામાં આવી. જેથી મિશનને જમીન મફતમાં મળી. એવું કહી શકાય. જેનાથી ફંડમાં ચાલીસ પાઉન્ડની બચત થઈ.

પ્રભુમંદિરના બાંધકામની તમામ જવાબદારી રેવ. હેવીટના શિરે મૂકવામાં આવી. બાંધકામનું કાર્ય પૂરા જોશથી અને ઝડપથી શરૂ કરવામાં આવ્યું. પરિણામે રેવ. ડો. સ્ટિવનસને ઈ.સ. ૧૮૭૯ની એસેમ્બ્લીમાં પ્રથમ ચર્ચનો હેવાલ આપ્યો. આ જગ્યાએ પ્રભુમંદિર, શાળાનું મકાન અને સુધારાવધારા વાળો બંગલો પણ હતો. આ તમામ ઈમારતનો ખર્ચ ત્રણ મિત્રો દ્વારા ઉપાડવામાં આવ્યો. જેનો ખર્ચ ૨૫૦ પાઉન્ડનો થયો હતો. એક કૂવો પણ બનાવવામાં આવ્યો હતો.

## મિશનકાર્યમાં મુશ્કેલી :

બોરસદમાં વસાવેલા ખ્રિસ્તીઓને કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. જેના પર વિજય મેળવવામાં આવ્યો. બોરસદ એ ઔદ્યોગિક નગર હતું. જ્ઞાતિવાદ પ્રબળ હતો.તેથી ખ્રિસ્તી જુવાનોને ઉદ્યોગ શીખવવામાં આવતો ન હતો. અને જો શીખવવામાં આવે તોપણ તેમની આસપાસ વસતા લોકો તેમને નોકરી આપે તેમ ન હતા. આ પરિસ્થિતિ મોટે ભાગે મોટા શહેરો કરતાં ગ્રામ્ય વિસ્તારોમાં વધારે હતી. આ પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે વધુ જમીન પરાંઓની આસપાસ ખરીદવામાં આવી હતી. કે જેથી ખેતીવાડીની પેદાશોથી તેઓ પોતાનું ગુજરાન ચલાવી શકે. મોટે ભાગે જમીન મળતી ન હતી અને જો મળે તો તે માટે નાણાંની પણ જરૂરિયાત રહેતી હતી. જેટલું અઘરું જમીન ખરીદવાનું હતું તેટલું જ અઘરું પૈસા મેળવવાનું પણ હતું. કેટલીક જમીન વેચાણમાં મૂકવામાં આવી હતી. પૈસાના અભાવે મિશન જમીન ખરીદી શકે તેમ ન હતું. રેવ. બ્રાઉને પોતાના નાણાં તે માટે આપ્યા. આ માટે જમીન જે ખરીદવામાં આવી તે બ્રુકહીલની જમીન હતી. જેનું મૂળ નામ કસામ્બર (kasambar) હતું. જમીન સંપાદન કરવામાં આવી. એક નાનું ગામ વસાવવામાં આવ્યું. કૂવો ખોદવામાં આવ્યો. આ માટે કુલ ખર્ચ પાંચસો પાઉન્ડ થયો હતો. જે ખર્ચ કદી પણ રેવ. બ્રાઉનને પાછો મળ્યો નહિ. તમામ ખર્ચ તેમણે પોતે જ ભોગવ્યો.

ઈ.સ. ૧૮૮૧માં આ કાર્યની પૂર્ણાહૂતિ વખતે તેમણે કન્વીનરને જે પત્ર લખ્યો તે આ પ્રમાણે હતો. "એક નાની વસાહત વસાવવામાં આવી છે અને તેઓને માટે પ્રભુમંદિર, મકાનો, જમીન મેળવવામાં આવી છે. ઢોરઢાંખની વ્યવસ્થા આ તમામ ખર્ચ અંગત રીતે મેં કર્યો છે. હું તમામ પુરુષોને, સ્ત્રીઓને, બાળકોને મારી આસપાસ જોઉં છું. તેઓને વિશ્વાસુપણે પોતાની આજીવિકા માટે મહેનત કરતા

જોઉં છું. ઈશ્વરે મને તમામ ખર્ચ કરવા શક્તિમાન કર્યો તેથી હું આનંદ કરું છું. કારણ કે ખર્ચ કરવા દ્વારા પ્રભુના લોકોની જાળવણી શક્ય બની અને પ્રભુનો સુવાર્તા માટેનો જે હેતુ છે તેનો વિકાસ થઈ શક્યો. બ્રુકહિલ કોઈની યાદમાં આપવામાં આવેલું નામ છે. રેવ. બ્રાઉન એ સ્વ. રેવ. જોન બ્રાઉનના દીકરા છે. બ્રુકહિલ એ એવું નામ છે કે, જે બ્રાઉનની નજદીકમાંના આર્યલેન્ડમાંના કુટુંબનું નામ છે. તેમની ઉદારતાને વિશે મેં સાંભળ્યું છે. જે વ્યક્તિએ પોતે કદી મિશનને માટે પાંચસો પાઉન્ડ પણ દાન આપ્યું ન હતું. આ વાત બ્રાઉનના પાડોશી સંબંધીની છે. જેમના તરફથી મિશન કાર્યને મદદ મળી હતી.

## રેવ. મફીની હેડમાસ્તર તરીકે નિમણૂંક :

રેવ. શીલેડીની બદલી સૂરત થોડા સમયને માટે કરવામાં આવી. ત્યાં તેમને સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી. તેમની જગ્યાએ અમદાવાદમાં શ્રી ફ્રેન્ક એલ. મેફી, બી.એ.ની હેડમાસ્ટર તરીકે બદલી કરવામાં આવી. તેઓ બોમ્બે યુનિવર્સિટીના સ્નાતક હતા. શિક્ષણ અને વહીવટના સંદર્ભમાં સારી કારકિર્દી ધરાવનાર વ્યક્તિ તરીકે મિશનના કાર્યમાં તેઓ જોડાયા હતા. તેમની આવી શ્રેષ્ઠ કારકિર્દી શ્રી જેમ્સ મેકડોનાલ્ડ કે જેઓ ભારતના સફળ હેડમાસ્ટર હતા તેમના હાથ નીચે ઘડાઈ હતી. તેઓ ભાયખલામાં આવેલી ધી બોમ્બે સ્કોટીશ એજ્યુકેશન સોસાયટીની હાઈસ્કૂલના પ્રિન્સપાલ તરીકે ફરજ અદા કરતા હતા.

## રેવ. શિલેડીની આણંદ નિમણૂંક :

આણંદને કાર્યનું કેન્દ્ર બનાવવામાં આવ્યું કારણ કે પછાત કાર્ય માટે એ મહત્ત્વના કેન્દ્ર સમાન હતું. ત્યાંથી ભાલેજ અને નડિયાદ રેલવે મારફતે જવું સરળ હતું. સુવાર્તાના કાર્યના સંદર્ભ માટે ત્યાં કોઈ મકાન ન હતું. રેવ. રીઆએ બાંધેલ શાળાનું મકાન હતું. નગરમાં એવું કોઈ મકાન ન હતું કે જ્યાં મિશનેરી રહી શકે. આવી પરિસ્થિતિમાં રેવ. શિલેડીએ કામ શરૂ કર્યું. પ્રેસ્બિટરીને ખાત્રી હતી કે રેવ. શિલેડી એક એવા વ્યક્તિ છે કે જે બધું કરી શકશે.

નડિયાદની વસ્તી તે સમયે ૨૮,૦૦૦ લોકોની હતી. આણંદથી વીસ માઈલ દૂર તે આવેલું છે. નડિયાદમાં મકાન બાંધવું વધુ સહેલું લાગ્યું. ખ્રિસ્તી લોકોએ થોડી જમીન સંપાદિત કરી હતી. સૂરત અને બોમ્બેમાં વણાટનું કામ, વરાળથી ચાલતા યંત્રો વગેરે નિષ્ફળ ગયા હતા. ફક્ત ખેતીવાડી જે એવું સાધન હતું કે જે વડે જીવન

નિર્વાહ ચાલી શકે. પ્રભુમંદિર માટેની જમીન પણ ખરીદવામાં આવી. જેની કિંમત ૨૫ પાઉન્ડ થઈ હતી. ખઢાણાના દેવળ જેવો જ પ્લાન મૂકવામાં આવ્યો. જેમાં એક ઓરડો ભક્તિસભાને માટે, સુવાર્તિકને માટે કે પાળકને માટે નાનું નિવાસસ્થાન તેની સાથે જ એક મકાન મિશનેરી માટે કે તેઓ જ્યારે સુપ્રિટેન્ડન્ટની મુલાકાતે આવે ત્યારે રહેવા માટે બનાવ્યું. જુલાઈ ૧૮૭૭માં મકાન બનીને તૈયાર થઈ ગયું. ૧૫ જુલાઈ ૧૮૭૭ના રોજ તેનું ઉદ્‌ઘાટન થયું. ઉદ્‌ઘાટનની સભાનું સંચાલન રેવ. બ્રાઉને રેવ. ગીલેસ્પી તથા રેવ. શિલેડીએ કર્યું હતું. પ્રથમ સભામાં સ્થાનિક ખ્રિસ્તીઓની સંખ્યા એકસોની હતી. અને બીજી સભામાં એકસો પચાસ વ્યક્તિઓ હાજર હતી. ત્રીસ વ્યક્તિઓને તે સમયે બાપ્તિસ્મા માટે રજૂ કરવામાં આવ્યા હતા. પરંતુ શાસ્ત્રના જ્ઞાનને ધ્યાનમાં લેતા ફક્ત નવ વ્યક્તિઓને જ બાપ્તિસ્મા આપવામાં આવ્યું.

ત્યાર પછી ભાલેજમાં મકાનના સંદર્ભમાં કાર્ય કરવામાં આવ્યું. ઓગસ્ટ ૧૮૭૭માં રેવ. શિલેડીએ એ પ્રમાણે પત્રમાં આર્યલેન્ડ લખ્યું કે સુડતાલીસ એકર જમીન સંપાદિત કરવામાં આવી છે. આ જગ્યાએ અગિયાર ખ્રિસ્તી કુટુંબોને વસાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત આસપાસ ખેતરોમાં વસતા બીજા કુટુંબોને પણ ગણત્રીમાં લેવામાં આવે છે. માર્ચ ૧૮૭૯ના ધી હેરલ્ડમાં રેવ. શિલેડીએ એવો અહેવાલ આપ્યો કે "ભાલેજ ખાતે અને આસપાસ હવે આપણી પાસે લગભગ એકસોવીસ એકર જમીન છે."

ભાલેજની સુડતાલીસ એકર જમીનમાંથી બે એકર જમીન પ્રભુમંદિર માટે અનામત રાખવામાં આવી હતી. નવેમ્બર ૧૮૭૮માં પ્રભુ મંદિર પૂરેપૂરી રીતે બંધાઈ ગયું. ટુમ નિવાસી રેવ. જહોન કેરી આ માટે થયેલ તમામ ખર્ચ એટલેકે બસો પાઉન્ડ તે દાનમાં આપ્યા. આ સત્ય હકીકતને પ્રભુમંદિરની આગળ તકતી પર સુંદર અક્ષરે લખવામાં આવી. રેવ. શિલેડીને મતે બસો પાઉન્ડ પૂરતી રકમ ન હતી. તેથી રેવ. કેરીએ બીજા પચાસ પાઉન્ડ આપ્યા. આમ રેવ.શિલેડીની ઇચ્છા અને યોજના પૂરી કરવામાં આવી.

આણંદમાં ડિસેમ્બર ૧૮૭૮ના રોડ કાઠિયાવાડ અને ગુજરાતની પ્રેસ્બિટરીએ રેવ. કેરીની ઉદારતાની મિનિટ્સમાં નોંધ લીધી હતી. આ પ્રમાણેના શબ્દો લખવામાં આવ્યા. "ભાલેજ ખાતે બંધાયેલ સુઘડ અને યોગ્ય વ્યવસ્થાવાળી ઈમારત જોઈને અમે આનંદ કરીએ છીએ. આ મકાનનો ઉપયોગ ભક્તિસભાને માટે થશે. રેવ. કેરીએ દર્શાવેલી ઉદારતાથી પ્રભુને મહિમા મળે તથા ખ્રિસ્તી સત્યોના ફેલાવા માટેનું સ્થળ બને."

## આણંદની જરૂરિયાત :

બે કેન્દ્રોની વ્યવસ્થા ખૂબ સારી પૂરી કરવામાં આવી હતી. રેવ. શિલેડીને આણંદની વ્યવસ્થા - જરૂરિયાત માટે સ્વતંત્રતા આપવામાં આવી હતી. આ સમયે રેવ. શિલેડી આણંદમાં કાર્ય કરતા હતા. ફેબ્રુઆરી ૧૮૭૮માં રેવ. ડો. જહોનસન દ્વારા ખૂબ અસરકારક હેરલ્ડ અને ડે બ્રેક મેગેઝીનમાં બાળકોને પડકાર આપવામાં આવ્યો. આ પડકાર ખાસ કરીને આણંદમાં પ્રભુમંદિર બંધાય તે માટેનો હતો. તેના પ્રત્યુત્તરમાં તાત્કાલિક ત્રણસો પાઉન્ડ મળ્યા. ત્યારબાદ પ્રભુમંદિર બંધાયું જે "બાળકોનું પ્રભુમંદિર"ના નામથી ઓળખાયું.

આણંદના પ્રભુમંદિરનો પાયો શ્રીમતી સ્ટીવનસન (એક એવા પ્રથમ સ્ત્રી હતા કે જેઓ કન્વીનરના પત્ની હતા)ના હાથે નંખાયો. આ પાયો ફેબ્રુઆરીમાં નાંખવામાં આવ્યો. જેને માટે "યોગ્ય અને સાચો પાયો નંખાયો. શબ્દો લખાયા છે." આ પ્રભુમંદિર લોકોને માટે ભક્તિ કરવા સારું ૨૦ ઓક્ટોબર ૧૮૭૮ના રોજ ખુલ્લું મૂકવામાં આવ્યું. આ ઉદ્‌ઘાટનની ભક્તિસભામાં બસો પચાસ વ્યક્તિઓ હાજર હતી.

## રેવ. ગિલેસ્પી શાહવાડીમાં :

શાહવાડીમાં પ્રભુમંદિર હજુ સુધી બંધાયું ન હતું. શાહવાડીના ખ્રિસ્તીઓ ગામની શાળાના મકાનમાં ભક્તિસભા માટે મળતા હતા. શાહવાડીની ખ્રિસ્તી મંડળી વૃદ્ધિ પામી રહી હતી. આર્યલેન્ડના મિત્રો મારફતે ખાસ દાન મેળવવામાં આવ્યું. જેથી યોગ્ય પ્રભુમંદિર બાંધી શકાય. રેવ. ગિલેસ્પીને રાજકોટથી અમદાવાદ બદલવામાં આવ્યા.

માર્ચ માસની શરૂઆતે ૧૮૭૭ના રોજ પ્રભુમંદિરનું બાંધકામ પૂરું થયું. આ કાર્ય માટે સ્થાનિક મંડળીને કશો ખર્ચ કરવો પડયો નહોતો. આ માટે ચારસો પચાસ પાઉન્ડ ખર્ચવામાં આવ્યા હતા. પ્રભુ મંદિરને ૧૧ માર્ચ ૧૮૭૭ના રોજ ખુલ્લું મૂકવામાં આવ્યું. આ સમયે થયેલ ભક્તિસાભાનું સંચાલન રેવ. મંટગમરી અને રેવ. જોસફ ટેલરે કર્યું હતું. આ સમયે પુષ્કળ પ્રમાણમાં લોકો આવ્યા હતા. ગામના લોકો સાથે આનંદ કરવા બીજા ગામથી પણ ઘણા લોકો આવ્યા હતા. આ ઉદ્‌ઘાટનની સભામાં નવા સીત્તેર પ્રભુભોજની સભ્યોએ પ્રથમવાર પ્રભુભોજન પાળ્યું. ગામની પાસે કબ્રસ્તાન પણ રાખવામાં આવ્યું છે. આખા ગામની આસપાસ કોટ બાંધવામાં આવ્યો છે. જેથી એક ઘર જેવું લાગે છે. પ્રભુમંદિર એટલું સુઘડ અને વ્યવસ્થિત

બાંધકામને લીધે તે આખા ગુજરાતમાં જ નહિ પરંતુ પશ્ચિમ ભારતના તમામ ગ્રામ્ય વિસ્તારોના પ્રભુમંદિર કરતાં વધારે સુંદર ઈમારત હતી. અંગ્રેજી પ્રણાલિગત પ્રભુમંદિર જેવું તે પ્રભુમંદિર હતું. ઉદ્‌ઘાટન પ્રસંગે એક સુંદર દૃશ્ય ઊભું થયું હતું. શાહવાડીમાં રવિવારની સવારની સભા વખતે પ્રભુમંદિરનો ઘંટ વગાડવામાં આવ્યો. ગામના ભાઈઓ અને બહેનો વ્યવસ્થિત કપડાં પહેરીને, પોતાના બાઈબલો પોતાના હાથમાં લઈને, પોતાના બાળકોને સાથે લઈને પ્રભુમંદિર તરફ જઈ રહ્યા હતા. પ્રભુમંદિરમાં પ્રવેશનાર લોકોને આવકારવા વૃદ્ધ ભાઈઓ દરવાજે ઊભા હતા. પ્રભુમંદિરમાં પ્રવેશનાર દરેકને તેઓ "સલામ" કહીને આવકારતા હતા. આ સમયે હાજર સંખ્યા ૨૦૦ હતી. પાળકસાહેબ પુલ્પિટ પર હતા. સભાજનો ખૂબ આદરમાન અને પૂરા હૃદયથી પ્રાર્થના અને ભક્તિમાં જોડાયા હતા. દરેકના હૃદયોમાં પ્રભુ પ્રત્યે આભારની લાગણી હતી. ઘણી બધી મુશ્કેલીઓ હોવા છતાં રેવ. ટેલરે અજાયબ જેવું કાર્ય હતું છે તેવી લાગણી સહુ કોઈ અનુભવતા હતા.

## વિશ્વાસી પરૂં શી રીતે વસ્યું તેની મૂળ દસ્તાવેજી વિગત :

તા. ૧૫. માહે એપ્રિલ ઈ.સ. ૧૮૬૨માં પ્રથમ બોરસદની ખ્રીસ્તી મંડળીના ઉપદેશક પાદરી ટેલર સાહેબે એવો વિચાર કર્યો કે બોરસદમાં વિશ્વાસી લોકની વસ્તી દિન પર દિન વધતી થાય છે પણ પોત પોતાના કુટુંબનું ગુજરાન થાય માટે બોરસદમાં જોઈએ તેટલી જમીન મલી શકતી નથી માટે કોઈ બીજે ઠેકાણે સારી જમીન મલે ત્યાં એક વિશ્વાસીઓનું ગામ વસે તો સારૂં એવી વાત બોરસદની મંડળીના કેટલા એક ભાયોને જાહેર કરીને તે વાત ભાઈઓની નજરમાં સારી લાગી માટે સારી ભોંય ક્યાં મલે તે સોધવા તથા જોવા સારૂં મંડળીના ઉપદેશક પાદરી ટેલર સાહેબે કેટલા એક ભાઈઓને જમીનની સોધ ને સારૂં મુસાફરી કરવાને મોકલ્યા. તેઓનાં નામ નીચે પ્રમાણે :-

વિશ્વાસી. દેસાઈભાઈ ખોજીદાસ

વિશ્વાસી. બેચર અમરસીંગ

વિશ્વાસી. રાઈજી અમાઈદાસ.

વિશ્વાસી. ભાઈજી ખુશાલ.

વિશ્વાસી. અજુભાઈ બાપુજી.

વિશ્વાસી. જેસીંગ દેસાઈભાઈ

કેટલાએક ઠેકાણાની જમીન જોતાં સાહાવાડીની સીમમાં ઘણી

જમીન પડતર પડેલી તથા સરકડ થાય એવી (વાલી) તથા પાકમાં સારી તથા સેહેર અમદાવાદની નજીક તથા રેલ ગાડીની પાસે તથા આસપાસ વસ્તીની વચે તથા નદીની પાસે એવી માલુમ પડયાથી એ જમીનમાં ગાંમ બંધાય તો સારૂં એવું જમીન જોનારાઓએ મહેરબાન ટેલર સાહેબને અભિપ્રાય આપ્યો. તે ઉપરથી તેમણે વિશ્વાસીઓની વસ્તી કરવાનો નિશ્ચય કર્યો. અને બોરસદની મંડળીના સર્વ લોકોને બોલાવીને સમજુતી આપીને કહ્યું કે જેઓની મરજી હોય તેઓએ સાહાવાડીની સીમમાં જઈને ગામ બાંધીને રહેવા સારૂં તૈઆર થવૂં.

તા. ૧૦. માહે એપ્રિલ. ઈ.સ. ૧૮૬૨ને રોજે વિશ્વાસી પુરાની જમીન સરકારની પાસેથી રાખવાને સારૂં મહેરબાન કલેક્ટર હોપ સાહેબને અરજી આપી. અને માગ્યા પ્રમાણેં જમીન સરકારે મહેરબાની કરીને આપી. ગામની તમામ જમીન રાખનાર વિ. ભાઈજી ખુસાલ તથા અજુભાઈ બાપુજીને ખાતે રાખી હતી. પણ ઠરાવ એવો હતો કે જે જમીનનો વહીવટ જે માણસ કરે તે જમીન તેઓની થાય. અને આગલ જતાં પોત પોતાને ખાતે પડાવીશું. તે પ્રમાણે તા. ૧. માહે જાન્યુઆરી ઈ.સ. ૧૮૬૮ને રોજ પોતપોતાને ખાતે પડાવી આપી.

## પ્રથમ વસ્યા તેઓનું વસ્તી પત્રક :

| પુરૂષ | સ્ત્રી | છોકરા | છોકરીઓ | કેટલા વરસ બોરસદ રહ્યા | મુલગામ | ગામ |
|---|---|---|---|---|---|---|
| દેસાઈભાઈ ખોજીદાસ | સામબાઈ | ૩ | - | - | સીસવા (છાંણી) | |
| બેચરભાઈ અમરસીંગ | હરીબાઈ | ૨ | ૩ | - | અણઘડ | |
| અજુભાઈ બાપુજી | નાની | ૪ | - | - | નાર | |
| ભાઈજી ખુશાલ | રાબા | - | ૧ | ૪ | ઈટોલું (બુવા) | |
| રાઈજી અમાંઈ દાસ | ગુલાબ | - | - | ૩ | ઈટોલું-પ્રગણે અમદાવાદ | |
| જેસીંગ દેસાઈભાઈ | આશા | - | - | - | સીસવા પ્રગણે આમોદ | |
| ફકીરા પુરૂષોતમ | બેની | ૧ | ૩ | - | આછોદ પ્રગણે છત્તીસી | |
| બીજલ | જીજી | ૨ | ૩ | - | લીમડી-પ્રગણે (પંખાજણ) આમોદ | |
| ગબડ બાજી | મારુ | ૧ | ૨ | - | બાકરોલ પ્રગણે પેટલાદ | |
| કરભાઈ દલાભાઈ | સમજુ | - | ૨ | - | ઢાંઢીઆ પરૂં | |
| કાલા બેચરભાઈ | હરી | ૧ | ૨ | - | અણઘર | |
| બાજી દેવાણા | જ્ઞાન | - | ૧ | - | દેવાણ | |
| ૧૨ | ૧૨ | ૧૪ | ૧૭ | | | |

## જે જગ્યામાં ગામ બંધાયું તેની વિગત :

ઉપર લખેલા વિશ્વાસીઓનાં કુટુંબ સાહાવાડીની સીમમાં આવીને નંબર ૩૪૫.૯ નવ એકરને ૧૭ ગુંઠા ને તેના સરકાર ભરવાના રૂ. ૨૨) છે તેમાં પ્રથમ ૧૪ ઘરો બાંધીને વસ્યા ત્યાર પછી વસ્તી વધતી ગઈ માટે ગામ તલીઆની જમીન ભાગો ભાગ વહેંચવી જોઈએ એવું પંચ વાલીની નજરમાં આવ્યા પછી ગામની જમીન ની વેહેંચાણ થઈ તેની વિગત :-

## પ્રથમ વિશ્વાસી પરૂં વસ્યું ત્યારે જે કુટુંબો હતાં તેની વિગત :

ભાઈજી ખુશાલ, અજુભાઈ બાપુજી, દેસાઈભાઈ ખોજીદાસ, બેચરભાઈ અમરસીંગ, જેસીંગ દેસાઈભાઈ, રાઈજી અમાઈદાસ, કાલા બેચરભાઈ, કાભાઈ દલાભાઈ, ફકીરા પુરૂષોતમ, બીજલ નરશીંહ તથા બાજી દેવાણો - એઓમાંથી બાજી દેવાણો ખસી ગયો માટે ઉપર લખેલા નવ ભાગ ચાલતા રહ્યા. માટે આ ગામ તલીઆની જમીન નવ ભાગે વેહેંચાય એવો કેટલાએકનો વિચાર હતો કારણ કે આ નવ ભાગ વાલાઓને પહેલા વરસની ખોટના તથા કુવો બાંધ્યાના રૂ. ૧૨૫) તથા જમીન જોવા ગએલા તેનું ખરચ રૂ. ૪૬) તથા રૂ. ૧૬ll સરકારે લીધા (બાંણના) તથા ગામ વસ્તી કરવા સારૂં મહેરબાન પરસીવલ સાહેબની પાસેથી રૂ. ૩૦૦૦) વ્યાજે ઉપાડયા હતા તેના ખતના રૂ. ૧૨) તથા પહેલા વરસમાં જે જે નમર પડતર રહ્યા તેની ખોટના એ સર્વે મલીને રૂ. ૩૬૦) વ્યાજ સુધાં થાય તે. તે નુકશાનમાં જે માણસો ભાગ આપે તેઓને ગામ તલીઆની જમીનમાં ભાગ આપવો એવો ઠરાવ મંડળીના ઉપદેશક મહેરબાન ટેલર સાહેબની હસ્તક થયો. તે પ્રમાણે વિશ્વાસી દેસાઈભાઈ ખોજીદાસની પાસેથી ઉપર લખેલી ખોટના રૂ. ૩૧ll એકભાગના થયા તે આપીને એકભાગ તેમણે લીધો છે. ઈ.સ. ૧૮૬૮. તથા વિશ્વાસી વાલજી બેચરે અડધા ભાગના રૂ. ૧૫lll) ઉપરની ખોટને પેટે આપીને અડધો ભાગ લીધો છે - તથા વિશ્વાસી છગનલાલ ભગવાંનદાશે પણ ગામ વસાવતાં જે ખોટ આવેલી તે પુરી પાડવાના હેતુથી નુકશાનમાં રૂ. ૧૫lll) ઉપરની ખોટના પેટામાં આપીને આ ભાગના ભાગીઆ કરાવાયા છે તે ઘર ૩ની જમીન બેચરભાઈનાં ઘરોની પુર્વ દીશાએ કાલીદાશની પડતર જમીનને લગતી છે. તથા સને ૧૮૬૯ ભોંયતલીઆની સાંથ તેના રૂ. ૨l) પણ આપ્યા છે. એજરીતે વિશ્વાસી. ખીમચંદ નથુએય ઉપર જણાવેલી ગામ વસાવતાં ખોટ આવેલી તેના

પેટામાં ભરવાને તથા અડધ ભાગીઆ કરવાને રૂ. ૧૫lll) આપ્યા છે - રગનાથ, જીવણદાસ પણ ગામ વસાવવા જે ખોટ આવેલી તે પુરી પાડવાના હેતુથી નુકશાનના રૂપીઆ તથા ત્રણ વરસના વ્યાજના રૂ. ૧lll) કુલ રૂ. ૭) ઉપરની ખોટના પેટામાં આપીને એક ઘરના રખું છે તે ઘરની ભોંય અજુભાઈના ઘરથી આથમણી છે. તા. ૧૨. માહે. મે. ઈ.સ. ૧૮૭૦. વલી ઉપર કહેલા ભાગી-દારોમાંથી એકજણ એટલે ફકીરા પુરૂષોતમ તુટી ગયો પણ મહેરબાન પરસીવલ સાહેબના દેવાના રૂપીઆ વાળ્યા વિના રહ્યા છે એટલે વ્યાજ મુદલના મળીને રૂ. ૩૯૪-૧૫-૯ છે. મુળ ખતના બંદોબસ્ત પ્રમાણે એ ખોટ મજકુર ભાગીદારોને માથે આવે છે માટે ફાળો મારતાં એક એક ભાગીદાર માથે રૂ. ૪૮-૧-૧૧ થાય છે. એના ઉપર વળી સને ૧૮૭૩-૭૪ના દાણાના રૂ. ૨૨.૫-વલી ૨ ગામ તલીઆના ૬ ઘરોના આખા ભાગગના મુલના રૂ. ૬૦) (ચડે પણ એ બાબતેમાં વ્યાજના રૂ. ૯૬-૧૪-૦. તથા દાણાના રૂ. ૨૨.૫-૦) અને ઉઘરામણીના રૂ. ૧૬) એટલે જુમલે રૂ. ૧૯૫-૩-૦) આપવાને મીશન કબુલ કરે છે. માટે આટલા રૂપીયા બાદ કરતાં ભાગીદારોને માથે રૂ. ૧૯૯-૧૨-૯ રહે છે. એનો ફાળો પાડતાં દરેક ભાગીદારને ભાગે રૂ. ૨૫) આવે છે. એથી ફકીરાના દેવા વિશે ભાગીદારોને માથે કંઈ દેવું રહેતું નથી, તેઓ પુરા છુટા થાય છે, અને ફકીરાની બધી ભોંય, ઝાડ, બીડ, વાડી, વલગણી સુધાં તથા ગામ તલીઆમાં તેના ૬ ઘરોનો ભાગ તેના બધા હક સુધાં મિશનના હાથમાં આવે છે. એ ઉપરનો બંદોબસ્ત સને ૧૮૭૪ માસ જાન્યુઆરીની તારીખ ૧૭મીને દિન સનીવારે કર્યો છે.

## Share holders in the Village of Ranipur near Shahawadi

* 1 The Irish Presbyterian Mission

2 Jeysing Deshai bhai

3 Bechar Aamarsing

4 Ajubhai Bapu

5 Kalidas Becharbhai

6 Bhaiji Khushal

7 Gabbard Baji

8 Kabhai Dalaji

9 Raiji Ambaidas

* The original shareholder was Phakira Parshotam.

Signed — William Beatty
Oct. 22. 1884 — I. P. Missionary Ahmedabad

**This day the 18th October 1884 the following settlement of the unoccupied ground in the village was made :-**

In the vicinity of Dhana Narayan houses (he was condsiered to have 24 haths of ground under his two houses though the original house has only about 9 haths under it thus bringing his boundary about 3 haths outside the wall of the end house to the west) twelve haths of ground were alloted to the I. P. Mission, also on the south side of Jitha Bapus house 15 (Fiften) haths were alloted to the I. P. Mission. On the northside of Jitha Bapu's house the ground on which are the house of the Marwardis, Consisting of 58 haths was alloted to Gabbard Baji, Bhaiji Khushal and Raiji Amaidas. The ground, consisting of 48 haths called the Choro ground was alloted to Ajubhai, Bacharbhai, Jaising and Kalidas in partners of 12 haths each. The ground between Hirasing Pheli's house and Nathu Rupsing's house consisting of 24 (twenty four) haths was alloted to Kahbhai Dallaji.

Oct. 22nd 1884 — Signed, William Beatty

## Conspretus of above

| | | | |
|---|---|---|---|
| Nathu Dhana's house | 12 haths | | Mission |
| Marwari Line | 15 " | 83 | Mission |
| " " | 10 " | | Jitha Bapu |
| " " | 58 " | | Gabbard Bhaiji |
| Choro | 48 " | | Ajubhai |
| Becharbhai | | | |
| Between Jivansing & | 24 " | | Jaisang Kalidas |
| Nathu Rupsing's house | | | Kabhai Dala |
| Total | 167 | | |

Oct. 22. 1884 — Wiliam Beatty

The above allotment was made at assuring of all the shareholders and all being satisfied. The division was made by mutual agreement paying thru cash.

22/10-84 **Wiliam Beatty**

Survey Number 344 on which the Bungalow and church are built was purchased from Jiwo Ragho for Rs. 25 & paid for on 15 March 1866. See old acct. Book of the date. On 1st april 1867 Rs 15.8.0 were paid for making hedge round the Mission filed.

**Oct. 22. 1884** **Signed. Wiliam Beatty**

On June 1st 1864 the ground next Survey No. 345 containing 9 acres and 17 guntha, on which, the village is built and which was taken up by the nine shareholders writted above, (the Mission having being the successor of Phikira Parashottam) amounting to Rs. 22 (rupees twenty two) was paid by the Mission.

**Oct. 22. 1884** **Sig. W. Beatty**

Paid by the Mission on 24th and 20th april 1874 for Stamped paper for bond of Phikira Parashotam's land Rs 5/- ruppes five and 8 annas respectively.

**Oct. 22. 1884** **Sig. W. Beatty**

Before leaving Ahmedabad I wish to place on record that Jaising Deshaibhai has been most loyal and faithful to the Mission during the S. A. defaction. He worked night and day during the first. Of the ivasion and to him mainly is due the fact that the defaction from the Mission was restricted. Impact and chance may be placed on him to work for the good of the Mission. I have been well supported by him during my tenure of office in the management of the Christian village of Ranipur (or Shahwadi).

**Ahmedabad - 27th Nov. '1884** **William Beatty**

## ઈશ્વરવિદ્યાનું શિક્ષણ :

ઈ.સ. ૧૮૭૯ની શરૂઆતે રેવ. ગિલેસ્પી રજા પર ગયા. તેમની જગ્યાએ રેવ. બેટ્ટી સુપ્રિટેન્ડન્ટ બન્યા. સ્થાનિક સુવાર્તિકોને માટે ઈશ્વરવિદ્યાની તાલિમ રેવ. વોલેસ દ્વારા શરૂ કરવામાં આવી. જેને ત્યારબાદ રેવ.વેલ્સ, રેવ. ગિલેસ્પીએ ચાલુ રાખી. જે ત્યારબાદ રેવ. બેટ્ટી અને રેવ. ટેલરે આગળ વધારી. તાલિમનો સમયગાળો આ પ્રમાણેનો હતો. ચાર મહિનાના એક એવા ત્રણ તબક્કા રાખવામાં આવ્યા હતા. આ માટેના વિષયો આ પ્રમાણે હતા. મંડળીનો ઈતિહાસ, હિન્દુ ધર્મનો વિરોધાભાસ, જૂનો કરાર અને નવા કરારનું વિવરણ અને પાળકીય ઈશ્વરવિદ્યા. જુવાનોને ડિસ્ટ્રીક્ટમાં તાલિમ માટે તૈયાર થાય અને તેઓને વર્ષાઋતુની શરૂઆતે ઈશ્વરવિદ્યાના શિક્ષણ માટે લાવવામાં આવતા હતા. સામાન્ય રીતે આપણા મિશન વિસ્તારોમાં જ તેમણે રહેવું પડતું હતું. આ તાલિમ બાદ સુવાર્તિકો સંપૂર્ણ તૈયારી સાથે પોતાના કાર્યમાં પાછા જતા હતા ત્યાર બાદ સ્ટીવનસન નેટીવ (સ્થાનિક) પાસ્ટર્સ કોલેજ શરૂ કરવામાં આવી.

## રેવ. વેલ્સનું મૃત્યુ :

૩૦ સપ્ટેમ્બર ૧૮૭૭ના રોજ રેવ. હેવીટના મૃત્યુના તેર માસ બાદ મિશનક્ષેત્રમાંથી બીજા એક વ્યક્તિનું મૃત્યુ થયું. તે તો રેવ. વેલ્સ હતા. તેઓ ડિક્ષનના કોલેજ સમયથી મિત્ર હતા. તેમની સાથે તેઓ ભારત ૧૮૬૪માં આવ્યા. પોતાના પ્રથમ કાર્યક્ષેત્ર તરીકે રેવ. વેલ્સે રાજકોટમાં કાર્ય ક્યું હતું. અમદાવાદમાં ૧૮૬૯માં કાર્ય કર્યું હતું. જયાં તેમણે રેવ. વોલેસની સાથે મળીને મિશન થીઓલોજીકલ ટ્રેનિંગ સ્કૂલની સ્થાપના કરી. સૂરતમાં તેઓ ૧૮૭૧થી ૧૮૭૪ સુધી રહ્યા. ત્યાં તેમણે માધ્યમિક શાળામાં સુપ્રેટેન્ડેન્ટ તરીકે કાર્ય કર્યું હતું. ત્યારબાદ તેઓ રજા પર પોતાના દેશ આર્યલેન્ડ ગયા. જયાં તેમની રજા ૧૮૭૬ સુધી લંબાવવામાં આવી. ઈ.સ. ૧૮૭૬માં તેઓ ફરી સૂરત આવ્યા. જયાં તેઓ વતનથી પાછા આવ્યા બાદ એક વર્ષમાં મૃત્યુ પામ્યા.

## રેવ. જયોર્જ પી. ટેલર શ્રી મેકમોર્ડી સાથે ગયા :

૧૯-૧૦-૧૮૭૭ના રોજ શ્રી મેકમોર્ડી ભારત આવવા વહાણમાં નીકળ્યા. તેમની સાથે કુ. આર્મસ્ટ્રોંગ પણ જોડાયા. તેઓ રેવ. જોન આર્મસ્ટ્રંગના દીકરી થાય. તેમના લગ્ન રેવ. શિલેડી સાથે થયા હતા. તેઓ બહેનોના મંડળ તરફથી આવતા હતા. ઉપરાંત તેમની સાથે વહાણમાં રેવ. જયાર્જ રિચાર્ડ ટેલર એમ.એ.

બી.ડી. તેમના પત્ની અને દીકરી પણ જોડાયા. શ્રી વોલેસ પણ આ મુસાફરીમાં તેઓની સાથે હતા.

રેવ. જ્યોર્જ ટેલર તે રેવ. જોસફ વાન સમુરન ટેલરના દીકરા થાય. તેઓનો જન્મ ગુજરાતમાં થયો હતો. મિશનેરી તરીકે સેવા માટે પોતાનું સ્વાર્પણ કર્યું. તેથી તેમના પિતાના હૃદયમાં ખૂબ આનંદ હતો. આ રીતે ટેલર પરિવારની આ ત્રીજી પેઢી ભારતમાં મિશનેરી તરીકે જોડાઈ. રેવ. જ્યોર્જ ટેલર ક્વીન્સ યુનિવર્સીટી (બેલફાસ્ટ) અને એડીનબરોની યુનિવર્સીટીના એક તેજસ્વી વિદ્યાર્થી હતા. તેમનું પ્રથમ કાયમી કાર્યક્ષેત્ર તે તો સૂરત હતું. ત્યાં તેમણે હાઈસ્કૂલમાં કાર્ય કર્યું. સૂરત તેઓ માર્ચ ૧૮૮૦ સુધી રહ્યા.

રેવ. જ્યોર્જ ટેલર સૂરતથી ઘોઘા ગયા. મિશન કાર્યની શરૂઆતમાં ઘોઘા (૧૮૮૦)માં નો વિકાસ થયો ન હતો. ટેલરે પોતાનું કાર્ય ભાવનગર સુધી કરીને અટકી ગયા ન હતા. રેવ.ટેલરે ભાવનગરની સથે સાથે ઘોઘા પ્રત્યે પણ એટલું જ ધ્યાન આપ્યું હતું. આના પરિણામે ૧૮૮૪ પહેલા યૂરોપીયન લોકોની મદદથી તથા આર્યલેન્ડથી મોટી મદદ મળવાને લીધે તથા શ્રી પ્રોકટર સીમસ, સી.ઈ.તેઓ રાજ્યના એન્જિનિયર હતા. ઉપરાંત મિશનનો પૂરો સહકાર મળવાથી તેમણે દેશી ખ્રિસ્તીઓ અને યૂરોપીયનો માટે તેઓ બંનેની ભક્તિસભા ચાલી શકે તે રીતે દેવળ બાંધ્યું. દેવળ બંધાયું ત્યારે દેશી ખ્રિસ્તીઓની સંખ્યા ૪૦ની હતી. રવિવારની ભક્તિસભામાં ૨૫ થી ૩૦ની હાજરી રહેતી હતી.

રેવ. ટેલરની આગેવાનીમાં ભાવનગરનો વિકાસ થયો. ૧૮૮૨ના અંતમાં અમે તેમને એમ કહેતા ટાંક્યા છે કે ઘણા લોકો જાણવા આવે છે કે એક રવિવારે સાત બાપ્તિસ્મા થયા હતા, એ એસેમ્બલીમાં ડો. સ્ટીવન્સનને અમે કહેતા સાંભળ્યા હતા કે કાઠિયાવાડમાં ઝડપથી વૃદ્ધિ પામતું આપણું કામ તે તો ભાવનગરનું કામ છે. તેઓ દર પખવાડિયાના અંતરે વાલેસપુર ઉપદેશ આપતા હતા. દર બીજા રવિવારે તેઓ ભાવનગર ઉપદેશ આપતા હતા. બાકીના રવિવારોએ તેઓ ઘોઘા રહેતા હતા. શાળાનું કામ પણ વિકાસ પામી રહ્યું હતું.

આગળ આપણે શ્રી પ્રોકટર સીમસની વાત કરી, તેઓએ જ્યારે ગુજરાતી ખ્રિસ્તીઓ પાસે ભક્તિ માટે પ્રભુ મંદિર ન હતું ત્યારે પોતાના મકાનમાં બેસવાની સગવડતા આપી હતી. પોતાની સત્તાનો દરેક રીતે મિશનના કાર્યમાં ઉપયોગ કરતા હતા. સરકારી અધિકારના નાતે તેમને રાજા સાથે તથા તેમના સલાહકાર સાથે સારો સંબંધ હતો. આ બધાની સારી અસર મિશનેરી કાર્ય પર પણ પડી હતી.

ઈ.સ. ૧૮૮૯ના અહેવાલમાં આપણે તેમને મિશન ક્ષેત્રમાં ઉત્તેજનદાયક કાર્ય કરતા જોઈએ છીએ. આપણી મંડળી તેમની આભારી રહેશે,

## દુષ્કાળનું વર્ષ : રાહત કાર્ય માટે મદદ :

ઈ.સ. ૧૮૭૭ અને ૧૮૭૮માં ભયંકર દુષ્કાળ પડયો હતો. ભારતમાં પડેલા આ ભીષણ દુષ્કાળની અસર કાઠિયાવાડ અને ગુજરાતમાં પણ થઈ હતી. તમામ મિશન ક્ષેત્ર માટે આયર્લેન્ડથી ૨૭૨૪ પાઉન્ડ ૭ સેન્ટની મદદ મોકલવામાં આવી હતી. આ નાણાં રાહત કાર્ય માટે, લોકોના હિતને માટે તથા કૂવા ખોદવા અને પાણીની ટાંકીઓ બનાવવા માટે આપવામાં આવ્યા હતા. અનાજ પણ નિયમિત રીતે વહેંચવામાં આવતું હતું. આ મદદ મેળવવા લોકો રોજના પાંચથી છ માઈલ ચાલીને આવતા હતા. આ કટોકટીના સમયે આપણી મંડળીએ ઉદારતાથી આપ્યું. મિશનેરીઓએ પોતાની ઉમદા સેવા પણ આપી હતી. દુષ્કાળના સમયમાં રેવ. જોસેફ ટેલર સૂરતના, રેવ. બ્રાઉન બોરસદના રેવ. ગિલેસ્પી અમદાવાદના, રેવ. શિલેડી આણંદના ઈન્ચાર્જ હતા. આ સમયોમાં તેઓની સેવા નાની કે હળવી ન હતી.

## ચેતરસુંબા અથવા કેરીપુર :

મિશન કાર્યની વિશિષ્ટતા એ ખ્રિસ્તી વસાહતો હતી. આ વસાહતોમાં એકનો વધારો થયો. ઔદ્યોગિક દબાણને લીધે બોરસદમાં પ્રશ્ન થયો. જેના પરિણામે શાહવાડીની વ્યવસ્થઆની સ્થાપના થઈ. સાથેસાથે ખ્રિસ્તી સમાજનો વિકાસ પણ થતો ગયો.

પરિણામે રેવ. શિલેડીએ ઈીસ. ૧૮૮૦ની શરૂઆતે શ્રી શેફર્ડ, સી.એસ. કે જેઓ ખેડાના કલેકટર હતા તેમની સાથે વાતચીત કરી. અને એક હજાર એકર જમીન ચેતરસુંબા ખાતે મેળવી. જે ડાકોર રેલવે સ્ટેશનથી આઠ માઈલ દૂર આવેલું સ્થળ છે. ભાલેજથી વીસ માઈલ દૂર થાય. આણંદથી ત્રીસ માઈલના અંતરે તે સ્થળ આવેલું છે.

ડો.સ્ટીવનસને ઈ.સ. ૧૮૮૧માં એસેમ્બલીને જણાવ્યું કે શ્રી શેફર્ડ સી.એસ.ની ભલાઈને કારણે સરકાર પાસેથી જમીન પ્રાપ્ત કરી શક્યા છીએ. હવે ખ્રિસ્તી વસાહત બનાવવા બધું તૈયાર છે. તે સમયથી વસાહતનો વિચાર વિકાસ પામતો ગયો. શરૂઆતે ચેતરસુંબા વસાહતમાં ચુમોતેરની સંખ્યા હતી. તેઓની સંભાળ માટે સુવાર્તિક થોમા પાથાભાઈની નિમણૂંક કરવામાં આવી હતી. એવું નોંધવામાં આવ્યું છે કે દર

સાબ્બાથના દિવસે બે ભક્તિસભા ચાલતી હતી. સન્ડે સ્કૂલ પણ ચાલતી હતી. જેમાં ભાઈઓ, બહેનો અને બાળકોના ત્રણ વર્ગો ચાલતા હતા. લોકો ઘણા ઉત્સાહ સાથે રવિવારની ભક્તિસભામાં અને સન્ડે સ્કૂલમાં ભાગ લેતા હતા.

શ્રી કેરી કે જેઓ આર્યલેન્ડના ટુમના વતની હતા. તેમણે જે રીતે ભાલેજના કાર્યમાં રસ લીધો તે જ રીતે ચેતરસુંબામાં રસ લીધો હતો. પ્રભુમંદિરના બાંધકામને માટે તેમણે ઉદારતાથી નાણાં આપ્યા હતા. તેઓએ આ વસાહતના વિકાસમાં જે રીતે રસ લીધો તેના પરિણામે મિશનમાં તેનું નામ કેરીપુર અથવા કેરી ગામ થાય એવું નોંધવામાં આવ્યું છે.

## રેવ. મંટગમરીનું અવસાન :

પાત્રીસ વર્ષની સક્રિય સેવાના અંતે રેવ. મંટગમરી રજા ગાળવા ઈ.સ. ૧૮૭૭માં આર્યલેન્ડ આવ્યાં. પોતાના પત્નિ અને કુટુંબ સાથે તેઓ બેલફાસ્ટમાં હતા. કોઈપણ જાતની ગંભીર માંદગીની નિશાની વગર તેઓ એકાએક બીમાર પડી ગયા. કૌટુંબિક ભક્તિસભા ચલાવીને આરામની તૈયારી કરતા હતા. ત્યાં ૩ નવેમ્બર ૧૮૮૦ના રોજ થોડા કલાકોમાં તેમનો આત્મા પ્રભુને ત્યાં પહોંચી ગયો.

ભારતમાં હતા ત્યારે તેમણે પોતાને નિવૃત્ત કરવા માટે વિનંતી કરી હતી. પરંતુ તે સમયે સૂરતમાં તેમની જગ્યા લઈ શકે તેવું કોઈ ન હતું. તેઓ આર્યલેન્ડથી પાછા સૂરત જઈને પ્રેસમાં પોતાના ગુજરાતીમાં લખેલા રોમનોને પત્રનો ખુલાસાનું કાર્ય કરવા માંગતા હતા. બોમ્બે સરકાર તરફથી કરવામાં આવેલી વિનંતીને લીધે અંગ્રેજી ગુજરાતી ડિક્ષનરીનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. જે ડિક્ષનેરી પ્રેસિડેન્સીમાં એક આધાર સમાન બની ગઈ હતી. તેમનામાં પ્રેરિતનું મન હતું. રોમનોને પત્રનો ખુલાસો લખવામાં તેમણે વર્ષોનો શ્રમ કર્યો હતો. જે ગુજરાતના ખ્રિસ્તીઓ માટે ઘણો જ ઉપયોગી બન્યો હતો.

સૂરત કે જયાં તેમણે સેવાના ત્રીસ વર્ષ ગાળ્યા હતા. ત્યાં ભારે દુઃખની લાગણી ફેલાઈ ગઈ હતી. તેમને મંડળીના આત્મિક પિતા ગણવામાં આવતા હતા. પ્રથમ થયેલા ખ્રિસ્તી કે જે સુવાર્તાના લીધે તેમના દીકરા બન્યા હતા. તેમનું તેમણે જ બાપ્તિસ્મા કર્યું હતું. પરંતુ તેમનો પિતાતુલ્ય સ્વભાવ એ બીજાઓ પણ અનુભવી શક્યા હતા. તેમનું મજબૂત વ્યવહારિક જ્ઞાન એ નાની મંડળીમાં જાણીતું હતું. તેમની દયાની વૃત્તિ અને ખ્રિસ્તી ચારિત્ર્ય એ એક ઉદાહરણરૂપ અને બીજાઓને માટે સામર્થ્ય પૂરું પાડનાર સમાન હતું. જયારે તેઓ મૃત્યુ પામ્યા ત્યારે દરેક એવું

અનુભવવા લાગ્યા કે જાણે તેઓ પિતા વગરના બાળકો થઈ ગયા છે. તેઓને એ વાતનું અત્યંત દુઃખ હતું કે તેઓ હવે તેમનું મુખ જોઈ શકશે નહિ.

ડિસેમ્બર ૧૮૮૦ના હેરલ્ડ મેગેઝીનમાં તેમના વિશે અસરકારક શબ્દોમાં આ પ્રમાણે લખ્યું હતું. "વર્ષો સુધી તેઓ મહાન કાર્યના વિશિષ્ટ આગેવાન હતા. જેની આગેવાનીમાં સૂરતનું કાર્ય વિકાસ પામ્યું હતું. જે રીતે બોમ્બેમાં ડો. વિલ્સનનું નામ અને સ્થાન હતા તેવું જ સ્થાન તેઓનું સૂરતમાં હતું." તેમના પછી ભલા જોસફ ટેલર આવ્યા. રેવ. રીઆ તેમના વિશે લખતા જણાવે છે કે, "બહાદુર ભલા, જ્ઞાની એવા પ્રભુના સેવક છે."

જ્યારે જોસફ ટેલરે પોતાના ખ્રિસ્તીભાઈ એવા રેવ. મંટગમરી સંબંધી ડિસેમ્બર ૧૮૮૦ના હેરલ્ડ મેગેઝીનમાં લખ્યું ત્યારે મંડળીએ એવું વિચાર્યું કે આ લેખક (જ્યોર્જ ટેલર) રેવ. મંટગમરી પછી ઘરે જનાર વ્યક્તિ હોય. તેથી રેવ. જ્યોર્જ ટેલરે ૨૩ માર્ચ ૧૮૮૦ના રોજ બોમ્બેથી વિદાય લીધી. આ તેઓ રજા ગાળવા માટે ગયા હતા. જનરલ એસેમ્બ્લીમાં તેઓ ભાગ લેવા એડીનબરોથી જઈ રહ્યા હતા. ત્યારે તેમના હૃદયમાં દુઃખાવો થયો. એક કલાકમાં તો તેઓ મૃત્યુ પામ્યા. સાત મહિનાના ગાળામાં આપણા ભારતના કાર્યના સ્થાપક અને પિતા સમાન બે વ્યક્તિઓએ આપણી પાસેથી વિદાય લીધી. તેમણે બોરસદ અને શાહવાડીની વસાહતની સ્થાપનામાં ખૂબ પરિશ્રમ કર્યો હતો.

ઈતિહાસના પાનાઓ ઉથલાવતા તેમના વિશે નીચે પ્રમાણેની માહિતી મળે છે. તેઓ ભારતથી ઇંગ્લેન્ડ ઈ.સ. ૧૮૩૮માં આવ્યા. જ્યાં તેઓ ઓન્ગરમાં ઈ.સ. ૧૮૪૦ સુધી રહ્યા. જ્યાં તેમને ડેવિડ લિવીંગસ્ટનની મુલાકાત થઈ. જે ગાઢ અને આજીવન મિત્રતામાં પરિણમી હતી. ઈ.સ. ૧૮૪૦-૧૮૪૫માં તેઓ બેચલર ઓફ આર્ટસની ડિગ્રી મેળવી. તેજ વર્ષે તેમને લંડન મિશનેરી સોસાયટીએ સેવા માટે સ્વીકાર્યા. તેમને દીક્ષા આપી. ત્યારબાદ તેમને મદ્રાસ મોકલ્યા. મદ્રાસથી તેમની ઈ.સ. ૧૮૪૬માં ગુજરાત બદલી કરવામાં આવી. આપણી સાથે મિશનના કાર્યમાં ઈ.સ. ૧૮૬૦માં તેઓ જોડાયા.

ભારતમાં બહુ ઓછા એવા હોય છે કે જે જન્મ પછી અઢાર વર્ષ સુધી મિશનેરી સંતાન તરીકે ભારતમાં રહ્યા. તેઓ ભારતનું જીવન અને ભાષા જાણતા હતા. ડો. સ્ટીવનસન તેમના વિશે બહુ ચોક્કસ રીતે લખે છે. બીજાઓમાં ભાગ્યે જોવા મળે તેવા તાલંતો અને ઉદારતા, સખત અને શીખળાની વૃત્તિવાળા, જેમણે ગુજરાતની મંડળી માટે સાહિત્યની ઘણી ઉમદા સેવા કરી. સાહિત્યની આ સેવા

બીજા મિશનેરીઓ કરતા વધારે હતી. વધુમાં તેઓ જણાવે છે કે ગામના લોકો સાથે રહેવાનું વધુ પસંદ કરતા હતા. તેમની સાથે કામ કરવાનું ગમતું. ગામડાના લોકોની તળપદી ભાષાનો પણ તેઓ ઉપયોગ કરતા હતા. તેમને ભાષાનું ખાસ દાન હતું. તેમણે તામિલ, કન્નડ, મરાઠી, હિન્દુસ્તાની અને ગુજરાતીમાં ઉપદેશ કર્યો હતો. ગુજરાતના લોકોને તેમની તળપદી ભાષા સિવાય બીજી કોઈ ભાષાની અસર થતી ન હતી. આપણા ભારતમાંના તમામ પ્રતિનિધિઓની એક વિશિષ્ટતા એ હતી કે ગુજરાતી ભાષાની વિશાળતા અને ચોક્કસતાનું તેઓને જ્ઞાન હતું.

રેવ. ટેલરમાં આત્મિયતાનો સ્વભાવ હતો, બાળકોના જેવા તેઓ સ્પષ્ટ હતા. ગુજરાતી ભજનસંગ્રહમાં તેઓએ રચેલા ગીતો જોવા મળે છે. ભક્તિ માટેની પુસ્તિકાનો અનુવાદ, શાસ્ત્ર શિક્ષણ માટેની પુસ્તિકાનો અનુવાદ તેમણે કર્યો છે. તારણ માટેના તત્ત્વજ્ઞાનનો અનુવાદ (જે અપૂર્ણ રહ્યો છે). વેસ્ટ મિનિસ્ટરનું વિશ્વાસનામાનો અનુવાદ, ગુજરાતી ઈશ્વરવિદ્યા શાળાના વિદ્યાર્થીઓ માટેનું પાઠ્યપુસ્તક વગેરે તેમનું સાહિત્યના સંદર્ભમાં કાર્ય છે. તેઓ નાના અને મોટા ગુજરાતી વ્યાકરણના લેખક છે. મોટું વ્યાકરણ તે તમામ ગુજરાતી માટે આધાર સ્તંભ જેવું છે.

સૌથી વધુ શ્રેષ્ઠ તેમની વિશેની સાક્ષી જો કોઈ હોય તો તે "સ્વનકાર કરનાર એવા મિશનેરી". આ સાક્ષી તે તેમના વિધવા પત્નીને શાહવાડીના ખ્રિસ્તીઓ તરફથી લખીને મોકલવામાં આવી હતી. વધુમાં તેમના માટે એ પ્રમાણે લખવામાં આવ્યું છે કે "જ્યારે બોરસદ અને શાહવાડીના ખ્રિસ્તીઓ દુઃખોમાં અને નિરાશામાં, ભૂખ્યા અને તરસ્યા હતા ત્યારે તેમણે સેવા કરી." જે ગરીબ વ્યક્તિ પણ કદાચ ન ખાય તેવી સૂકી અને કડક બ્રેડ તમણે ખાધી હતી. આ બધું જ્યારે તેઓના વતી કામ કરતા ત્યારે કર્યું અને તેઓમાં એક હોય તેમ તેમની મધ્યે રહ્યા. ઘણા જુવાનો કે જેઓ જીવનમાં સંઘર્ષ કરતા હોય ત્યારે તેમને ઉત્તેજન આપ્યું હતું. તેમણે ઘણા જીવનો ઉપયોગી બનાવ્યા હતા. ટેલર પરિવારની ત્રણ પેઢીનાં સંતાનો મિશનેરી સેવામાં જોડાયા હતા. રેવ. જ્યોર્જ ટેલર કે જેઓ આપણા મિશન કાર્ય સાથે સંકળાયેલા હતા. બીજા કલકત્તામાં લંડન મિશનેરી સોસાયટીમાં કાર્ય કરતા હતા. ત્રીજા ડો. ટેલરે ચર્ચ મિશનેરી સોસાયટીમાં મેડિકલ મિશનેરી તરીકે ચીન દેશમાં સેવા આપી હતી.

## ડૉ. સ્ટીવનસનનું અવસાન :

ઈ.સ. ૧૮૮૬માં બોર્ડ ઓફ મિશનની મિટિંગ મળી હતી. એસેમ્બ્લીમાં ડો. સ્ટિવનસને જણાવ્યું કે રેવ. બીટ્ટી રજા બાદ નવેમ્બરમાં ભારત પરત જશે.

પરંતુ તેઓ એકલા નહિ જાય. ઓગસ્ટની મિટિંગમાં તેમણે જણાવ્યું કે, રેવ. આર. આર. ડબલ્યુ. સિંકલેર, એમ.એ, અને રેવ. થોમસ એમ.એ. ગુજરાતમાં કાર્ય કરવા તૈયાર છે. તેઓની ગુજરાતને માટે અને ત્યારબાદ નિમણૂંક કરવામાં આવી. આ છેલ્લા વ્યક્તિઓ અને સ્નેહીજનો હતા કે જેમની ડો. સ્ટિવનસને નિમણૂંક કરી. આ તેમની મિશન બોર્ડની છેલ્લી મિટિંગ હતી.

તા. ૧૬-૯-૧૮૮૬ના રોજ પાળક ગૃહમાં તેમનું અણધાર્યું અને અચાનક અવસાન થયું. મંડળીનું હૃદય ધબકતું બંધ થઈ ગયું. તેમનો સૌથી પ્રિય એવો આંખનો સિતારો તેઓએ ગુમાવ્યો. તેમનો સૌથી સક્ષમ એવો પાળક, એક એવી વ્યક્તિ કે જેને પરદેશના મિશન કાર્યને માટે રસ હોય અને શક્તિમાન હોય તેવી વ્યક્તિ. આર્યલેન્ડના લોકોના હૃદયના ધબકારા જ બંધ થઈ ગયા એમ નહિ, પરંતુ બ્રિટનમાં અને અમેરિકામાં લોકોએ એજ લાગણી અનુભવી. તેમની સાખ આયરીશ તરીકેનીજ ન હતી. પરંતુ બ્રિટિશ તરીકેની પણ હતી અને ફક્ત આયરીશ અથવા અમેરિકનજ ન હતી પરંતુ અમેરિકન પણ હતી. જેવી રીતે રેવ. મંટગમરી અને રેવ. ટેલર હૃદયરોગના કારણે મૃત્યુ પામ્યા તે જ રીતે ડો. સ્ટીવનસનું મૃત્યું પણ હૃદયરોગના કારણે થયું હતું.

ડો. સ્ટીવનસન વિષે તેમના પત્નીએ આ પ્રમાણે લખ્યું છે. આપણે ડો. સ્ટીવનસન વિષે વધારે કંઈ કહેવું જોઈએ નહિ. તેમની ખરેખરી યાદ તેમના જીવન અને પત્રોના પૃષ્ઠો પર લખાયેલી છે. વ્યક્તિ તરીકે તેમના વિશે માહિતી આપતા જણાવ્યું કે એક પાળક, મિશનેરી, કન્વીનર, ઉત્સાહી, ભવિષ્યનું ખ્રિસ્તીજગત એ પુસ્તક તરીકે જોશે નહિ કે ઇતિહાસ તરફ.

**મિશન કાર્ય માટે પ્રયાણ :**

મિશન કાર્યને આગળ ધપાવવા રેવ. વિલ્યમ બીટ્ટી, રેવ. થોમસ, રેવ. આર. ડબલ્યુ, સિંકલેર અને સ્ત્રીઓના મંડળ તરફથી મિસ હેન્ડરસને ભારે હૈયે ૧૮ નવેમ્બર ૧૮૮૬ના રોજ પોતાની ભારત તરફની મુસાફરી શરૂ કરી. જેમાં મિસ હેન્ડરસનનું અવસાન ટાઈફોઈડના તાવને કારણે ૩૧-૩-૧૮૮૮ના રોજ થયું હતું. તેના અવસાનથી ગુજરાતમાંના ઝનાના મિશનના કાર્યને ભારે નુકસાન થયું હતું.

ઉપરોક્ત જણાવેલ મિશનેરીઓ ગુજરાત આવ્યા બાદ પ્રેસ્બિટરી સૂરતમાં મળી. રેવ. એમઅન્લીઅસની નિમણૂંક રાજકોટ કરવામાં આવી. રેવ. સિંકલેરની ઘોઘામાં નિમણૂંક કરવામાં આવી. ઉપરાંત તેઓ ભરુચમાં નવા કાર્યની શરૂઆત કરવા માંગતા હતા.

## ગુજરાતી પાળકો માટેનું ફંડ :

હજુ સુધી સ્થાનિક પાળકોના ફંડ વિશે કશું કહેવામાં નથી આવ્યું. આ માટે સ્થાનિક મંડળીઓએ ગુજરાતી પાળકોના ફંડ માટે નાણાં આપ્યા હતા. કેટલાક સમય પહેલા ભારતમાંની પ્રેસ્બિટરીએ એ સિદ્ધાંતનો સ્વીકાર્યો હતો કે તમામે પોતાનો ફાળો આપવો. આ માટે "ઈશ્વરે જે રીતે દરેકની આબાદી કરી છે" તેના પ્રમાણમાં આપવું. આ વાત સ્વીકારવામાં આવી. આ યોગ્ય દિશામાં ભરવામાં આવેલું પગલું હતું. જેને માટે કોઈ પ્રશ્ન ન હતો. આ માટે મંડળીઓ તરફથી સંમતિ પણ મળી હતી. ગુજરાતી ખ્રિસ્તીઓને સમગ્ર રીતે જોઈએ તો ઘણા ગરીબ હતા. અને સરખામણીમાં તેઓ થોડા હતા છતાં ઈ.સ. ૧૮૮૭માં નીચે પ્રમાણે રકમ મળી (જે પાઉન્ડની સરખામણીમાં આપેલ છે.) સૂરતની મંડળી તરફથી ૨૦ પાઉન્ડ અને ૧૦ સેન્ટ, ભરૂચની મંડળી તરફથી ૪૫ પાઉન્ડ અને ૬ સેન્ટ, બોરસદની મંડળી ૧૭ પાઉન્ડ અને ૧૦ સેન્ટ, આણંદ ૩૩ પાઉન્ડ અને ૬ સેન્ટર, અમદાવાદ ૧૧ પાઉન્ડ અને ૧૮ સેન્ટ, શાહવાડી મંડળી તરફથી ૨૨ પાઉન્ડ, ઘોઘા મંડળી તરફતી ૧૨ પાઉન્ડ અને ૭ સેન્ટ, રાજકોટ મંડળી તરફથી ૭ પાઉન્ડ તે વર્ષે કુલ આવક ૧૨૯ પાઉન્ડ અને ૬ સેન્ટની થઈ હતી. જેમાંથી ૧૧૦ પાઉન્ડ અને ૧૦ સેન્ટ અનામત ફંડ તરીકે રાખવામાં આવ્યા.

*

# 9 ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીની સ્થાપના અને અન્ય સેવાકાર્યો

## ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી :

મિશનેરી સેવાનું બીજું હથિયાર જે વિશે હજુ સુધી કશું જ બોલાયું નથી. આ સેવા તે તો "ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી" છે. જેને અસ્તિત્વમાં આવ્યાને ૩૬ વર્ષ થયાં છે એટલે તેની સ્થાપના ઈ.સ. ૧૮૫૨માં થઈ હતી. આ સંસ્થા તે લંડનમાંની રિલીજીયસ ટ્રાક્ટ સોસાયટીની શાખા છે. કાર્યના સંદર્ભમાં તે તેની સાથે સંકળાયેલી છે. સોસાયટીનું કાર્ય, આપણે તેનું મૂલ્યાંકન કરીએ તે કરતા વધારે અગત્યનું છે. સંસ્થા દ્વારા ગુજરાતને ખ્રિસ્તી સાહિત્ય પૂરું પાડવામાં આવે છે. ઈ.સ. ૧૮૮૯ની કમિટીની યાદીમાં જણાવવામાં આવ્યું છે કે આ સોસાયટીમાં નીચે પ્રમાણેનું પ્રકાશન થાય છે. ૧૩૪ પ્રકારની ટ્રાક્ટસ, બુકલેટ્સ અને પુસ્તકો ગુજરાતીમાં બહાર પાડવામાં આવે છે. આમ વિવિધ વિષયોનો સમાવેશ થાય છે. જેવા કે હિન્દુ, મુસલમાન, પારસી અને ખ્રિસ્તીઓને પ્રકાશ અને શિક્ષણ મળે તેવું સાહિત્ય. આ તમામ સાહિત્ય ભારતમાંના સક્ષમ મિશનેરીઓ દ્વારા લખવામાં આવતું હતું. આ સાહિત્યનું ચોક્કસ ધોરણ હતું. જેના પરિણામે લોકોને આધ્યાત્મિક રીતે અને ગૂંચવાડાના સમયે મદદરૂપ થતું હતું. આ કાર્યમાં સૂરતનું મિશન પ્રેસ મદદરૂપ થતું હતું. ઈ.સ. ૧૮૮૮ : પ્રકાશની ૮૭,૧૩૭ પ્રતો આપણા સુવાર્તાના ક્ષેત્રોમાં તથા અન્ય સ્થળોમાં મોકલવામાં આવી હતી. સોસાયટી સતત નવી ટ્રાક્ટ અને પુસ્તકોનું પ્રકાશન કરતી રહી છે. મિશન ફંડમાંથી નાણાં આપવામાં આવતા ન હતા. આ ખર્ચ માટે આર્યલેન્ડના અને ભારતના કેટલાક મિત્રો મદદ કરતા હતા. હાલની લંડનમાંની સોસાયટી સતત ઉદારતાથી કાગળ માટેની મફત સહાય આપતા આવ્યા છે. જો આ સહાય ન મળે તો કદાચ આ કાર્ય શક્ય બને તેમ નથી. આયરીશ પ્રેસ્બિટેરીયન ચર્ચ લંડન સોસાંયટીનું આભારી છે.

## જંગલ ટ્રાઈબ્સ મિશન :

જંગલ ટ્રાઈબસ મિશન કાર્યને માટે માણસોને ઈ.સ. ૧૮૮૯માં એસેમ્બલી સમક્ષ રજૂ કરવામાં આવ્યા. કાર્ય સંબંધી વિચારણા કરવા કમિશનની નિમણૂંક કરવામાં આવી. સંભાળપૂર્વકની કાર્યવાહી બાદ સોસાયટીની સ્થાપના કરવામાં

આવી. જેનું નામ "ધી જંગલ ટ્રાઈબસ મિશન" આપવામાં આવ્યું. આ મિશનને સ્વતંત્ર રીતે કામ કરવાની છૂટ આપવામાં આવી. તેઓને આ પ્રમાણેની સ્વતંત્રતા આપવામાં આવી. નાણાંના સંદર્ભમાં, મિશનેરીઓના સંદર્ભમાં, કાર્ય પદ્ધતિના સંદર્ભમાં, મિશનેરીઓની નિમણૂંકના સંદર્ભમાં, જાતિનિયમો બાબતે અને તેઓની ભારતમાંની પ્રેસ્બિટેરી સાથેના સંબંધો બાબતે. સાથે સાથે આર્યલેન્ડમાંના બોર્ડ સાથેના સંબંધો બાબતે સ્વતંત્રતા આપી.

**સમાપન :**

પચાસ વર્ષના ઇતિહાસમાં મિશન કાર્યની વૃદ્ધિ થઈ છે. ઈ.સ. ૧૮૪૦માં ખ્રિસ્તી બાબતો વિષે ભાગ્યે જ કોઈ કશું જાણતું હતું. મિશનરી સંસ્થાનું કોઈ કાર્ય ન હતું. ફક્ત સૂરતમાં કાર્ય હતું. ભાગ્યે જ ગુજરાતી ખ્રિસ્તીઓ હતા.

હાલમાં ૧૮ સ્ટેશનો (મિશનક્ષેત્રો) છે. જ્યાં સુવાર્તા નિયમિત લોકોને આપવામાં આવે છે. ગુજરાતી ખ્રિસ્તીઓની સંખ્યા ૨૧૪૯ની છે. ૪૩ વર્નાક્યુલર મિશનની શાળા છે. જ્યાં ખ્રિસ્તી શિક્ષકોની સંભાળ નીચે-૨૬૫૫ બાળકો અભ્યાસ કરે છે. ૩ અંગ્રેજી અથવા હાઈસ્કૂલ છે. જેમાંની એક સૂરતની સ્કૂલ છે.જેમાં ૭૨૪ વિદ્યાર્થીઓ છે. જેમાં મોટા ભાગનું શિક્ષણ અંગ્રેજીમાં આપવામાં આવે છે.જેમાંથી તેજસ્વી વિદ્યાર્થીઓને યુનિવર્સિટીની પરીક્ષા માટે તૈયાર કરવામાં આવે છે. તમામ વર્ગોમાં શાસ્ત્રનું શિક્ષણ નિયમિત આપવામાં આવે છે. સરકારી શાળામાં ભણતા બાળકોનું શાસ્ત્રનું શિક્ષણ આપવાની અલાયદી વ્યવસ્થા છે. ખ્રિસ્તી વસાહત - બોરસદ, શાહવાડી, બ્રુકહિલ, નડિયાદ, ભાલેજ, વાલેસપુર, કેરીપુર અને આણંદ જ્યાં હજારો એકરની જમીન છે. જેમાંની મોટા ભાગની મિશનની છે. બાકીની ખેતી લાયક છે. ૧૬૬ શિક્ષકો છે. જેમાંથી ૫૬ ખ્રિસ્તીઓ છે. ૬ સાહિત્યનું વિતરણ કરનારા છે જેઓ બધે ફરીને હજારોની સંખ્યામાં ટ્રાક્ટસ, પુસ્તકો અને સુવાર્તા વેચે છે. બે દેશી પાળકો છે. ૩૦ સુવાર્તિકો છે. જેમાં ઘણા પાળક વિષયક સેવા કરે છે. ઝનાના મેડિકલ એજન્સી પણ છે. જેમાં એક વર્ષમાં એક કેન્દ્રમાં ૨૫,૦૦૦ દરદીઓને સેવા આપી. આ ઉપરાંત મિશનેરીઓ અને ઝનાના મિશનની બહેનોના નામો લખવાની જરૂર નથી. જે અગાઉ આવી ગયા છે. ગુજરાતી ખ્રિસ્તી સમાજનો વિકાસ શરૂઆતે ધીમો હતો. જે ત્યારબાદ કોઈપણ અવરોધ વગર વિકાસ પામતો ગયો છે. ઈ.સ. ૧૮૬૧માં ફક્ત ૭૪ પ્રભુભોજની સભ્યો હતા. ઈ.સ. ૧૮૭૧માં ૧૩૩ થયાં. ઈ.સ. ૧૮૮૧માં ૨૪૮ થયા. ઈ.સ. ૧૮૮૯ના અંતમાં ૩૯૦ પ્રભુભોજની થયા. છેલ્લાં પાંચ વર્ષમાં ૬૯૮ બાપ્તિસ્માં થયા હતા.

જેમાંથી ૨૦૦ પુખ્ત વયના હતા. મૃત્યુ થવાથી કમીકરવામાં આવે, છુટા કરવામાં આવે, અને બીજા કારણોસર છુટા કરવામાં આવે. બાપ્તિસ્મા પામેલાઓની સંખ્યામા વધારો થયો છે. ઈ.સ. ૧૮૮૪માં ૧૨૯૪ અને ત્યાંથી વધીને ઈ.સ. ૧૮૮૯માં ૧૬૭૯ થયા એટલે કે ૩૦ ટકાનો વધારો થયો જ્યારે પ્રભુભોજની સભ્યોની સંખ્યા ૨૯૩ થી ૩૯૦ની થઈ છે. કુપલ ૩૩ ટકાનો વધારો થયો. ખ્રિસ્તી સમાજની વસ્તીના ત્રણ સ્થળો - આણંદ, બોરસદ અને અમદાવાદની કુલ વસ્તી ઈ.સ. ૧૮૬૧ના કુલ ખ્રિસ્તી સમાજ કરતા વધારે છે.

જે કંઈ કરવામાં આવ્યું તે થોડું છે. હજુ ઘણું કરવાનું બાકી છે. ઈશ્વરનો અનેક ઘણો આશીર્વાદ આ કાર્ય પર જોઈ શક્યા છીએ. ખૂબ મૂલ્યવાન એવા બી વાવવામાં આવ્યા છે.જેના ફળ હજુ સુધી જોઈ શકાયા નથી. અમે એટલું જ જાણીએ છીએ કે મોટી ફસલની અમે અપેક્ષા રાખીએ છીએ. જે અમે ચોક્કસ લણીશું. જો અમે વાવવાનું સતત ચાલુ રાખીશું અને વૃદ્ધિ આપનાર દેવ તરફ જોઈશું તો અમે મોટી ફસલ લણીશું. જેવી રીતે આયર્લેન્ડમાં તેવી જ રીતે ભારતમાં ભવિષ્યવચન પૂરું થવું જોઈએ કે, "પૃથ્વીના દરેક છેડાઓને સંભારવામાં આવશે કે જેથી તેઓ દેવ તરફ પાછા ફરે" અને "તે સર્વ વિદેશીઓની આશા છે.".

## સંદર્ભ ગ્રંથો :

૧. ઇન્ડિયન મિશન ઓફ આઈરીશ પ્રેસ્બિટેરીયન ચર્ચ
- રેવ. રોબર્ટ જેફરી (એમ.એ.) ૧૮૯૦

૨. સી.એન.આઈ. રાયખડનું ૧૮૬૩ - દફતર વિગત.

**KHSITIJNE PELE PAARTHI...**
**By : Rev. Hemantkumar J. Parmar**



ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના સ્થાપક-પથદર્શક

## રેવ. ડૉ. જેમ્સ ગ્લાસગો

1852 2002
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાર્ધ શતાબ્દી

12BGK2

Published and Distributed by :
**GUJARAT TRACT AND BOOK SOCIETY**
Sahitya Seva Sadan, Near Gujarat College,
Ellisbridge, Ahmedabad - 380006. INDIA.